# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 16 • પ્રકરણ : 02 • સળંગ અંક : 182** **26 મે 2010** **ડિજિટલ અવતાર – બે**

## પ્રવાસી પારાવારાના

**• વિપુલ કલ્યાણી**

પોતાના મૂળ વતનમાંથી બીજા દેશમાં ફરજિયાત કે પછી મરજિયાત ગયેલા પ્રજાસમૂહને માટે ‘ડાયસ્પોરા’ શબ્દપ્રયોગનો સામાન્યપણે ઉપયોગ કરવામાં આવે છે. ઈતિહાસ ગવાહી પૂરે છે કે આ અંગે ઇઝરાયલીઓનો પ્રજાસમૂહ સૌથી જાણીતો ‘ડાયસ્પોરા’ સમૂહ છે. આશરે ઈ.પૂ. ૭૨૦ના અરસામાં, તેમને બેબિલોનમાં હાંકી કાઢવામાં આવેલા. બીજી તરફ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાના પૂર્વ વિસ્તારમાંથી મૂળ ઈન્ડિયન જાતિસમૂહોને ઓકલાહોમા પ્રદેશમાં થાળે પાડવા હડસેલી મૂકાયા હોવાનું પણ ઈતિહાસ જણાવે છે. ગુજરાતીઓ માટે આવું ક્યારે ય થયાનું નોંધાયું નથી. હા, ક્યારેક યુગાન્ડા, બ્રહ્મદેશ જેવી ઘટનાઓ ઘટી છે, જ્યારે જે તે ગુજરાતી પ્રજાસમૂહને ફરજિયાત હકાલપટ્ટીનો ભોગ થવા વારો આવેલો. એમ છતાં, તે મૂળ વતનથી તો હડસાયેલા નથી જ નથી. મોટા ભાગના ગુજરાતીઓ દેશપરદેશમાં વિસ્તરી ગયા છે અને તેની પાછળ બહુધા આર્થિક કારણો રહ્યા છે. પાકિસ્તાન ઉપરાંત દક્ષિણ આફ્રિકા, મધ્ય આફ્રિકા, પૂર્વ આફ્રિકા, બ્રિટન, ફિજી, ન્યૂઝિલૅન્ડ, સિંગાપોર, બ્રહ્મદેશ, જેવા જેવા અનેક દેશોમાં આવો સમૂહ કમાવાધમાવા ગયાનું નોંધાયું છે.

એક અંદાજ મુજબ ગુજરાત બહાર ભારતમાં મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર, તમિલનાડુ, કેરળ જેવા જેવા કેટલાક રાજ્યોમાં તેમ જ પાકિસ્તાન, બ્રિટન, પૉર્ટુગલ, ટાન્ઝાનિયા, યુગાન્ડા, દક્ષિણ આફ્રિકા, કેન્યા, માલાગાસી, મલાવી, મલયેશિયા, ફિજી, સિંગાપોર, મોરેશિયસ, ત્રિનીદાદ અને ટૉબેગૉ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા, કેનેડા, ન્યૂઝિલૅન્ડ, ઑસ્ટ્રેલિયા જેવા જેવા આશરે ૧૨૦ દેશોમાં ગુજરાતીઓની વસ્તી પથરાઈ હોવાનું જાણવા છે. મોટા ભાગના આ પ્રજાસમૂહની વારસાની ભાષા હાલ પર્યન્ત ગુજરાતી રહેવા પામી છે અને તેઓમાં હિન્દુ, જૈન, પારસી, ઈસ્લામ, ઈસાઈ શા ધર્મોનું ચલણ જોવા સાંપડે છે. વેષભૂષા, ખોરાક વગેરેનું તળ ગુજરાત સાથેનું સામ્ય સારી પેઠે જળવાયું હોવાનું જોવા મળે છે.

આ ‘ડાયસ્પોરા’ શબ્દ, ગુજરાતીમાં પહેલી વાર ક્યારે વપરાયો હશે અને કોણે તે વિશે, ભલા, પહેલ કરી હશે ? કોણ કહી શકે ? કેટલાક માને છે કે તેનો યશ ભીખુ પારેખને ફાળે જાય છે. જ્યારે ચન્દ્રકાન્ત બક્ષીનું કહેવું હતું કે ગુજરાતીમાં આ શબ્દપ્રયોગ દાખલ કરવાનો યશ તેમને ફાળે જાય છે. કદાચ આ બંને સાચા ય હોય, ન ય હોય; પરંતુ આ ડાયસ્પોરાનાં વિધવિધ પાસાંઓ બાબત ઠોસબંધ રજૂઆતો કરવામાં અને તેની જોસ્સાભેર દલીલો કરવામાં બ્રિટનની ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ તેમ જ વિચારપત્ર “ઓપિનિયન”ને તોલે બીજું કોઈ નજીક નજીક હોય તેમ દેખાયું નથી. છેલ્લાં બે દાયકાના સમયગાળામાં અનેક ક્ષેત્રે આની વાજતે ગાજતે રજૂઆત કરવાની એક પણ તક ચૂકાઈ નહોતી. જ્યારે આજકાલ તો સમજે તે અને ન સમજે તેવા ‘પંડિતો’ ય આ મુદ્દે તજજ્ઞ હોવાનો દાવો કરતા હરે છે, ફરે છે અને તરે છે. બીજી પાસ, સરકારી સ્તરે અને યુનિવર્સિટીઓને દરજ્જે આ વિશે હવે નિયમસર ચર્ચા થતી આવી છે. ‘વિશ્વ ગુજરાતી સમાજ’ સરખી સંસ્થાએ પણ તાજેતરમાં આ વિશેનાં અનેક પરિસંવાદોનું આયોજન કરેલું છે.

ગુજરાતના વિકાસ માટે ગુજરાત બહાર પથરાયેલા ગુજરાતી પ્રજાસમૂહ પાસેથી સહાયટેકો મેળવવા સરકારી ક્ષેત્રે સતત ઢોલત્રાંસા વાગતા આવ્યા છે. સરકારી સ્તરે આવી સભાબેઠકો પણ વખતોવખત મળતી આવી છે. મોટા ભાગનાં આવાં મિલનો કમભાગ્યે એકતરફી લાભ મેળવવા માટે થતાં આવ્યાં છે અને તેમાં ગુજરાત રાજ્યનો નર્યો સ્વાર્થ પણ તરતો જોવાનો સાંપડે છે. પર પ્રાંતોમાં અને વિદેશ વસ્યા ગુજરાતી પ્રજાસમૂહના અનેક પ્રકારના નાનામોટા સવાલો છે અને તેને અત્યાર સુધી ચર્ચામાં મૂકવાનું યોજકોએ સરિયામ ટાળ્યું હોય, તેમ પહેલી નજરે લાગે છે. આ પ્રજાસમૂહની અન્ય પ્રાપ્તિઓની છણાવટ અને તેનો સ્વીકાર પણ બહુધા ટાળવામાં આવી રહ્યા છે. વિકાસલક્ષી આવાં મિલનોમાં અર્થલાભ કેન્દ્રસ્થ હોઈ, વેપારવણજ ક્ષેત્રના લોકો અને ખમતીધરો તેમાં ભાગ લેતા હોય, તેમ સ્પષ્ટ છે. અને આ સંખ્યા બહુમતીમાં ક્યારે ય નથી. મોટા ભાગનો પ્રજાસમૂહ એમાંથી વંચિત હોય, તેમ લાગ્યું છે. કેટલાક દાખલાઓમાં, વળી, કેટલાક બોલકા લોકો માત્ર કાગળિયા પરની સંસ્થાના આગેવાનો હોવાના રૂપે, ફૂલફટાક મહાલતા હોવાનું ય દેખાય છે. વિશાળ પ્રજાસમૂહનું કોઈ પીઠબળ એમને રહેતું હોય તેમ પણ દેખાતું નથી. માટે આ તાસીરો ક્યારેક પેલી વાર્તાની પેઠે, ‘નાતનો માલ નાત ખાય, અને મુસાભાઈના વા અને પાણી !’ - શો ઘાટ ઊભો કરી જાય છે.

વારુ, બેત્રણ સૈકાઓ ઉપરાંતના સમયગાળાથી ગુજરાતી ડાયસ્પોરા પ્રજાસમૂહે અન્યત્ર વસવાટ કરેલો છે અને તેમાં આફ્રિકાના પૂર્વ કાંઠા વિસ્તારના અનેક મુલકોનો પણ સમાવેશ છે. ઝાંઝીબાર સમેતના આ વિસ્તારોમાં શાસન કરતા વર્ગને સારુ અનેક ગુજરાતી નબીરાઓએ આપેલી સહાયતા અગત્યની પૂરવાર બની છે. ઝાંઝીબાર જેવા મુલકોમાં શાસનમાંની અગ્રગણ્ય ફરજો પણ આ જૂથે અદા કરી જાણી છે. ઝાંઝીબાર સમેતના પૂર્વ આફ્રિકાના દેશોમાં તેની ચલણી નોટો પરે એક દા ગુજરાતીમાં લખાણ આવતું. આવું કેમ બનતું હશે, ભલા ? ગુજરાતી પ્રજાસમૂહની આ અને આવી ક્ષમતાઓનો તેમ જ

**अज मैं आपणे घर दा नंबर मिटाइया है**
**ते गली दे मत्थे ते लग्गा गली दा नाउं हटाइया है**
**ते हर सड़क दी दिशा दा नाउं  पूँझ दित्ता है**

**पर जे तुसा मैंनू ज़रूर लभणा है**
**तां हर देस दे, हर शहर दी, हर गली दा बूहा ठकोरो**

**इह इक सराप है, इक वर है**
**ते जित्थे वी सुतंतर रूह दी झलक पवे**
**समझणा उह मेरा घर है**

**~ अमृता प्रीतम**

સદ્‌ભાવ : ‘રોઝ એક શેર’ : roz-ek-sher@googlegroups.com

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•

**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**


પ્રામિઓનો અભ્યાસ તળ ગુજરાતમાં કરાતો હોય તેમ પણ દેખાયું નથી. વરસો સુધી આવી ચલણી નોટો પર અંગ્રેજી, અરબી અને ગુજરાતી અક્ષરો પડતા રહ્યા. ગુજરાતીઓની આ શક્તિઓનો અંદાજ નાણવા જેવો છે.

દક્ષિણ આફ્રિકા, કેન્યા, ફિજી અને મોરેશિયસ જેવા મુલકોની સ્વતંત્રતાની લડતમાં ગુજરાતીઓનાં મજબૂત યોગદાનની જોઈએ તેટલી કદર તળ ગુજરાતમાં થતી જાણી નથી. વિવિધ યુનિવર્સિટીઓના જે તે વિભાગો, સરકારી તંત્ર તેમ જ સમૂહ માધ્યમોના ધુરીણો તેમ જ ગુજરાત ઇતિહાસ પરિષદ સુધ્ધાં તેને સારુ પાછા જ પડ્યા છે. આ અંગે સજાગતા પ્રસરી હોય તેમ લાગ્યું નથી. આ સિવાય, રમતગમત, રાજકરણ, કામદાર સેવાઓ, સ્થાનિક સ્વરાજ્યની સમિતિઓમાં, સાહિત્ય, ભાષા, કળા, સંગીત વગેરે વગેરે ક્ષેત્રે આ પ્રજાસમૂહની દેણગી ઉમદા રહેવા પામી છે. મોહનદાસ કરમચંદ ગાંધીના વારાથી અને તે પછી આ જ લગી દક્ષિણ આફ્રિકા સરીખા મુલકના રાજકારણમાં ગુજરાતીઓ છવાયેલા જોવા મળે છે. આ સૌમાં મણિલાલ ડૉક્ટર પણ પહેલી હરોળમાં છે. હમણાં અવસાન પામેલાં ઇસ્માઇલ મીર, ફાતેમા મીર, પ્રાણલાલ શેઠ તેના અવ્વલ દાખલાઓ છે. વળી, દક્ષિણ આફ્રિકાના નાણા પ્રધાન પદે પ્રવીણ ગોરધન સરીખા ગુજરાતીનું કામ આજે બોલે છે. ટાન્ઝાનિયામાં વરસો સુધી આ પદ એક બીજા ગુજરાતી અમીર જમાલે સાંચવેલું તેમ ઇતિહાસ કહે જ છે. આવું બ્રિટનમાં બેરૉનેસ શ્રુતિ વડેરાએ હમણાં સુધી યોગદાન આપેલું જ છે. તે જ રીતે લિબરલ ડેમોક્રેટ પક્ષના પ્રમુખપદ જેવો ભારે અગત્યનો દરજ્જો લૉર્ડ નવનીત ધોળકિયાને ફાળે આવેલો, તે ય હજુ હમણાંની દાસ્તાં ઠરે છે.

રતિલાલ ચંદરિયા, નટુભાઈ પટેલ, ચંદુભાઈ મટાણી, ભાસ્કર પટેલ, દીપક બારડોલીકર, રોહિત બારોટ, અદમ ટંકારવી કે પછી પ્રદ્યુમ્ન તન્ના, આનંદરાવ લિંગાયત ને હરનિશ જાની ને પ્રફુલ્લ દવે ને કિશોર દેસાઈ જેવાજેવા અનેક લોકોએ નાટક, સંગીત, ફિલ્મ, ભાષા -સાહિત્ય, કળાને પટે ડાયસ્પોરાનો ઝંડો ફરકાવેલો છે. બ્રિટનની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'એ તૈયાર કરેલો ગુજરાતી ભાષાશિક્ષણનો અભ્યાસક્રમ અને તેને આધારે થયેલો પાઠ્યક્રમ એક પોરસાવનારી હકીકત છે. તેમાં પોપટલાલ જરીવાળા સરીખા કેળવણીકારનું સોજ્ઝું યોગદાન છે. આ બધું ગુજરાતને, તળ ગુજરાતને માટે, યારી આપે તેવું છે.

બ્રિટન સમેતના યુરોપમાં, દક્ષિણ અને પૂર્વ આફ્રિકાના મુલકોમાં તેમ જ અમેરિકાના દેશોમાં કેટલાક સમયથી એક નવો કોયડો પેદા થયો છે. ગુજરાતી સમાજમાં ક્યાંક ક્યાંક 'રોકેટ' અને 'પૂશર્સ' જેવા તડાં પડ્યાં હોવાનું દેખાય છે. વરસોથી પરદેશ વસેલા ગુજરાતી પ્રજાસમૂહ અને તાજેતરમાં પરદેશે કમાવાધમાવા ગયેલા પ્રજાસમૂહની જ આ વાત છે. આને કારણે ક્યાંક ક્યાંક મુશ્કેલીઓ પેદા થતી હોય તેમ વર્તાય છે. તળ ગુજરાતમાં વિકાસની જે વાતો ચાલી છે, તેમાં રોજગારી, સામાન્ય માણસો માટેની રોજગારી, ભલા, ક્યાં આવી બેઠી છે ? રોજગારીની તલાશમાં હકીકતે બહાર નીકળેલા આ વર્ગને જે શિક્ષણ અપાયું છે, તેની જવાબદારી તળ ગુજરાતે લેવી પડશે. તળ ગુજરાતમાં શિક્ષણનું ધોરણ તદ્દન કથળ્યું છે અને તેમાંથી બહાર પડતા લોકોની અભિવ્યક્તિ માટે ભાષાની શક્તિ ક્ષીણ બની હોય, તેમ લાંબા ગાળાથી દેખાતું આવ્યું છે. આવું કેમ ? અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં બોલચાલ અને લખાણ નબળાં થયાં છે. અને તેને કારણે આ જમાતને વિશેષ અડચણો ભોગવવાની આવે છે. અને તેની આડઅસરો આ પ્રજાસમૂહોને સહેવાની આવતી રહી છે.

ધાક અને ધનથી નહીં, પણ સમજદારી અને હૂંફટેકાથી, ડાયસ્પોરાના આ પ્રજાસમૂહ સાથે તળ ગુજરાતે વહેવાર કરવો જરૂરી છે. અબીહાલના વહેવારમાં ઘણું બધું ખૂટી રહ્યું છે. પરિણામે, તેને સારુ શાસકો અને અગ્રેસરોએ જ આગેવાની લેવાની આવે. ગુજરાત તો વિવેક બૃહસ્પતિ હોવાનું યુગોથી મનાતું અને લેખાતું આવ્યું છે. અને તેને જો ફરી વાર ચરિતાર્થ કરી શકાય, તો તેને આ સુવર્ણ મહોત્સવનો પ્રસાદ ગણવો જ રહ્યો. તેની અમને રાહ છે. બાકી, આખર, શાયર "શયદા' કહે જ છે :

અર્થની ચર્ચા મહીં 'શયદા' બધો
જિંદગીનો અર્થ માર્યો જાય છે

**પાનબીડું :**

### શિક્ષિત સ્ત્રીઓની વગોવણી

સુશિક્ષિત બહેનો સામે સાહિત્યમાં થતા કટાક્ષોથી ત્રાસી ઊઠીને શ્રી વિદ્યાબહેન નીલકંઠ કહે છે, 'આવા વિચારો દર્શાવનારી વાર્તાનાં પુસ્તકો બાળી મૂકવાં જોઈએ. એવાં નાટકોનો બહિષ્કાર કરવો જોઈએ.'

સુશિક્ષિત નારી-સમુદાયને ઇરાદાપૂર્વક અવળા દૃષ્ટિકોણથી આલેખતાં સર્જનો પ્રત્યે વિરોધ દર્શાવવો જોઈએ, એમાં બે મત નથી. પરંતુ આવો વિરોધ દર્શાવવાની જે રીત શ્રી વિદ્યાબહેને સૂચવી છે તે બરાબર નથી લાગતી.

આમ બાળી મૂકતાં તો કેટલુંક બાળશો, એ પ્રશ્ન ઊભો થાય છે. સ્ત્રીનો ઉપયોગ આજે ક્યા ક્ષેત્રમાં નથી થતો ? સામયિક માત્રના મુખપૃષ્ઠ પર સ્ત્રી, મિલોની જાહેરખબરોમાં સ્ત્રી – અરે, ધોતિયાના જોટા પર પણ સ્ત્રી, સિનેમામાં થતી સ્ત્રીઓની બદનામી … આમ ચારેપાસ જ્યાં અનર્થ થઈ રહ્યો છે ત્યાં બાળવા કેટલુંક બેસશો ?

સાહિત્યમાં કોઈ અનર્થ પેસી રહ્યો હોય તો તેને રોકવાનું કામ વિવેચનનું છે, ધોકાબાજીનું નહીં. જો ધોકાબાજીનું શરણું એક વખત લીધું, તો પરિસ્થિતિ એ આવશે કે બહેનોની સાચી ભૂલની પણ ટીકા નહીં કરી શકાય.

**– ઝવેરચંદ મેઘાણી**

**("ફૂલછાબ", ૧૦.૩.૧૯૪૪)**


e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

# ત્રીજો વિકલ્પ : 'હિંદ સ્વરાજ'

• ઉષા ઠક્કર



**"ઓપિનિયન"ના 'સંકેલો' અવસરે, ઉત્તર લંડનમાં આવ્યા 'એડન દેપાળા મિત્રમંડળ'ના સભાગૃહમાં, ૨૮ માર્ચ ૨૦૧૦ના મળેલી સભામાંનું એક દૃશ્ય. ડાબેથી, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક સુદર્શન આયંગર, "ત્રીજો વિકલ્પ : 'હિંદ સ્વરાજ'" વિષયની માંડણી કરતાં મુંબઈસ્થિત ગાંધી સંગ્રહાલયનાં મહામંત્રી ઉષાબહેન ઠક્કર, પરિસંવાદ સંચાલક બ્રિસ્ટલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યાપક રોહિત બારોટ તેમ જ બેઠકનાં સમાપનકર્તા માન્ચેસ્ટરસ્થિત આશાબહેન બૂચ દૃષ્ટિમાન થાય છે.**

**છબિ-સૌજન્ય : જ્યોતિબહેન રાયચૂરા**

આકાશનાં આકર્ષક મેઘધનુષને હાથમાં લેવાની ઇચ્છા તો થાય, પણ તેવું શક્ય નથી. તેમ છતાં તેના થોડા રંગોનું સામંજસ્ય પણ આંખ વડે અંતરમાં ઉતરી જાય, તો મન પ્રસન્નતાથી છલકાઈ જાય છે. ગાંધી અને તેમના વિચારોનું પણ એવું જ કંઈક. પૂરેપૂરા તો પકડાય નહીં, છતાં તેમાંનું થોડું પણ સ્પર્શી જાય તો જીવન ઝળાંઝળાં.

'હિંદ સ્વરાજ'માં ૪૦ વર્ષના ગાંધીનો જુસ્સો છે, અજંપો છે. પોતાના અંતરતમ વિચારોને અભિવ્યક્ત કરવાની અદમ્ય તાલાવેલી છે. તેમના જ શબ્દોમાં 'જ્યારે મારાથી નથી રહેવાયું, ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું.' નાનકડી લાગતી આ પુસ્તિકા જણાય છે, એટલી સરળ નથી. એક રીતે તો આપણને અસ્વસ્થ કરી વિચારતા કરી દે તેવી રચના છે. તેના અમુક શબ્દો ખૂંચે તેવા લાગે, ક્યારેક વિચિત્ર પણ લાગે. અમુક દલીલો બિનતાર્કિક લાગે. અમુક વિચારોમાં પિતૃસત્તાની પકડ દેખાય, અમુક વિચારો રોમાન્ટિક કે સ્વપ્નસેવી લાગે. તેમ છતાં આ પુસ્તિકામાં એવું કંઈક છે જે આપણને માનવજાતિના કલ્યાણ માટેના મૂળભૂત તત્ત્વો માટે વિચાર કરવા પ્રેરે છે, વિકલ્પ પ્રત્યે સજાગ કરે છે. આ પુસ્તિકા હિંસા અને આધુનિક સભ્યતાના ભયસ્થાનો દાખવે છે. સ્વરાજ અને સત્યાગ્રહનો અર્થ ઉજાગર કરે છે અને સત્ય તથા અહિંસાના સિદ્ધાંતોનું સમર્થ પ્રતિપાદન કરે છે.

ગાંધીની પોતાની આગવી પ્રતિભા છે. તો પણ તે પોતાની પરિસ્થિતિ અને પોતાના સમયનું સંતાન છે. ઇંગ્લાંડ અને દક્ષિણ આફ્રિકાના અનુભવો, ત્યાં કરેલું વાંચન-મનન, પરદેશમાં રહીને સ્વદેશને જોવાનો અને સમજવાનો પ્રયાસ અગત્યના છે. 'હિંદ સ્વરાજ'માં આવરી લેવાયેલા તત્ત્વો જેમ કે હિંસા અને આધુનિકતાનું વિશ્લેષણ, સત્ય અને અહિંસાના સિદ્ધાંતોની છણાવટ અને માનવજાતિની શાંતિ માટેની ખોજ - સમય જતાં ગાંધી વિચારમાં વધુ સ્પષ્ટ બને છે. વિચારયાત્રા અને કાર્યયાત્રા સાથે ગાંધીનો આલોચનાત્મક અભ્યાસ અને સ્વાધ્યાય ચાલુ રહે છે. સત્ય શોધવાની વૃત્તિ સાથે લોક સેવાની પ્રવૃત્તિ પણ સઘન થતી જાય છે. ૧૯૦૯થી ૧૯૪૮ના જાન્યુઆરી સુધીમાં ગાંધીના જીવનમાં અનેક બનાવો બન્યા, અનેક વિકટ પરિસ્થિતિઓ આવી, અનેક ઉતારચઢાવ આવ્યા, અનેક સંદર્ભો અને આયામો જાગ્યા. અને દરેકમાંથી ગાંધી સત્યથી સત્ય તરફ આગળ વધતા રહ્યા.

આજે જ્યારે આપણે 'હિંદ સ્વરાજ' વાંચીએ, ત્યારે આપણા પર આપણા સમયની, આપણા સંજોગોની, આપણા ઘડાયેલા માનસની અને સંસ્કારોની અસર રહેવાની જ. આપણે આપણાં બિંદુ પરથી અર્થઘટન કરીએ છીએ. જો આ અર્થઘટન શબ્દોને અતિક્રમીને વિચારોનાં મૂળ તત્ત્વો સુધી પહોંચે તો તે ફળદાયી બને છે. જો આપણે શબ્દોમાં ગૂંચવાઈ જઈએ તો મૂળ તત્ત્વો સરી જવાનો ભય ઊભો થાય છે.

પ્રાધ્યાપક ડગલસ એલન ગાંધીવિચારના અભ્યાસુ છે. હાલમાં તેમની સાથે આ વિશે રસપ્રદ ચર્ચા થયેલી. 'ભગવદ્ગીતા' તો કુરુક્ષેત્રમાં તુમુલ યુદ્ધ વચ્ચે ઉદ્ભવેલી રચના. કેટલાય ક્રાંતિકારીઓને તેમાં હથિયાર ઉપાડવાનો સંદેશ મળ્યો છે. પણ ગાંધીને તો તેમાં અહિંસાનું દર્શન થયું, જે જીવનને ઉર્ધ્વગતિ પ્રદાન કરે છે. આમ બની શક્યું કારણ ગીતા open-ended છે. ગાંધીએ ગીતાને તથા રામાયણને પોતાની રીતે વાંચ્યા અને મૂલવ્યા. આપણે પણ 'હિંદ સ્વરાજ'ને તે રીતે વાંચવું પડે. તેનું પુનર્પઠન કરવું પડે. અર્થઘટન અને પુનઃઅર્થઘટન કરવું પડે. આવી પદ્ધતિ શબ્દોની જાળમાંથી નીકળી મૂળભૂત તત્ત્વો સુધી પહોંચવાની શક્તિ આપી શકે છે.

• • •

'હિંદ સ્વરાજ'માં ગાંધી પ્રસ્થાપિત અને પ્રચલિત માન્યતાઓને પડકાર ફેંકે છે અને નવા સવાલો ઊઠાવે છે. પરિસ્થિતિ પર પુનર્વિચાર કરવા માટેનો દિશાનિર્દેશ કરે છે અને દર્શાવે છે કે વણખેડાયેલા માર્ગો અને વિકલ્પો સત્ય તરફ જવામાં મદદ કરે છે. તથા સ્વસમાજ અને વિશ્વને જોવાની આગવી દૃષ્ટિ આપે છે.

'હિંદ સ્વરાજ' દલીલોથી સભર સંવાદ છે. તે આપણને પણ સંવાદ રચવાની, પ્રશ્નો ઊભા કરવાની અને આપણા ઉત્તરો શોધવાની પ્રેરણા આપે છે. ચર્ચા-વિચારણા અને સંવાદ વિચારમંથનમાં મદદ કરે છે, અને નિરાશાજનક વર્તમાન માટેનો વિકલ્પ શોધવામાં મદદ કરે છે.


જ્યારે ગાંધીએ 'હિંદ સ્વરાજ' લખ્યું ત્યારે તેમની સમક્ષ સામ્રાજ્યવાદ અને પરાધીનતાથી વિવશ પ્રજાની પીડા તથા ઔદ્યોગિકરણના કારણે પરિણમેલું વંચિત વર્ગનું શોષણ અને આર્થિક અસમાનતા જેવા મુદ્દાઓ હતા. ઓગણીસમી અને વીસમી સદીમાં અનેક વિચારધારાઓ ઉદ્ભવી અને વિકાસ પામી. તેમાં મૂડીવાદ અને સામ્યવાદ – આ બે વિચારધારાઓ નોંધપાત્ર બની.

ગાંધી જાણે છે કે મૂડીવાદ શોષણ પર આધારિત છે. તેને કારણે બેરોજગારી, આર્થિક અસમાનતા અને નૈતિક હ્રાસ વધે છે અને મૂડીવાદીઓ પણ એક પ્રકારનું શૂન્ય જીવન જીવે છે. પાછળથી ૧૬ ડિસેમ્બર ૧૯૩૯માં "Harijan"માં તેમણે લખેલું કે પ્રગતિકારક સમાજવાદીઓ અને સામ્યવાદીઓની જેમ હું મૂડીવાદનો લગભગ અંત કરવા માંગું છું. પણ અમારી પદ્ધતિઓ જુદી છે, અમારી ભાષા જુદી છે.

સામ્યવાદીઓ ગાંધીને પ્રતિક્રિયાવાદી ગણે છે. ગાંધીએ ઇચ્છેલી સામાજિક સંવાદિતાના તેઓ મૂડીવાદીઓ સાથેની તડજોડ અને પ્રગતિના પથ પર પાછાં પગલાં જુએ છે. સામ્યવાદ સમુદાયને સ્વીકારે છે, પણ વ્યક્તિને નહીં અને લોહિયાળ ક્રાંતિનો રસ્તો અપનાવે છે.

ગાંધીનો વિકલ્પ જુદો રાહ દર્શાવે છે. મૂડીવાદ અને સામ્યવાદ આ બંને વિચારસરણીઓનો આધાર અર્થવ્યવસ્થા છે. જ્યારે ગાંધીના મત મુજબ અગત્યનું તત્ત્વ નૈતિક છે, ભૌતિક નહીં. મૂળ તત્ત્વ અહિંસા છે, હિંસા નહીં. આધુનિક સભ્યતા, ગાંધી તેને સુધારો કહે છે, હિંસા પર આધારિત છે અને શરીરકેન્દ્રી છે. માણસની સ્વાર્થવૃત્તિ સાથે વાસનાઓ વધતી જાય છે અને આર્થિક પદ્ધતિ નિરંકુશ બને છે, અનીતિ અને શોષણ પર આધારિત બની જાય છે. થોડી જ વ્યક્તિઓના હાથમાં સત્તા અને સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે. મશીનોનું મહત્ત્વ વધે છે અને સમાજમાં વિમુખીકરણની પ્રક્રિયા વધે છે.

પ્રાધ્યાપક ભીખુ પારેખ જણાવે છે તેમ ગાંધી પહેલાંની ચર્ચામાં હિંદી અને યુરોપીયન સભ્યતા વચ્ચેના સંઘર્ષની કે પૂર્વ અને પશ્ચિમની સભ્યતા વચ્ચેના સંઘર્ષની વાત થયેલી. પણ ગાંધીએ તેનું સ્વરૂપ જ બદલી નાખ્યું અને જણાવ્યું કે હકીકતમાં આ સંઘર્ષ પ્રાચીન અને આધુનિક સભ્યતા વચ્ચેનો છે. તેમણે આધુનિકતાની પોકળતા દાખવી, અને આધુનિકતાનું આલોચનાત્મક ભાષ્ય રજૂ કર્યું.




ગાંધી પહેલાં દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનર્જી, ગોખલે અને અન્ય ઉદારમતવાદીઓએ બ્રિટિશ શાસને આણેલા રાજકીય-વહીવટી અને શિક્ષણ સંબંધી સુધારાઓના વખાણ કરેલા અને તેમના દ્વારા થતા આર્થિક શોષણની ટીકા કરેલી. વિવેકાનંદ, બિપિનચંદ્ર પાલ અને તિલક જેવા નેતાઓએ પ્રાચીન ભારતના ગહન ચિંતનને તથા તેના આધ્યાત્મિક તત્ત્વોને બિરદાવેલા અને બ્રિટિશ શાસનની ટીકા કરી. બ્રિટિશ શાસનના સમર્થકો હિંદના સમાજની બુરાઈઓનો નાશ કરવા માટે બ્રિટિશ શાસનને અનિવાર્ય સાબિત કરવા માગતા હતા. તે સમયે લંડનમાં સાવરકર અને અન્ય ક્રાંતિકારીઓની વિચારસરણીનું પ્રભુત્વ હતું. ગાંધીએ આવી દલીલોનો અભ્યાસ કર્યો. તે સાથે રસ્કિન, કાર્લાઇલ અને ટોલ્સટોય જેવા ચિંતકોનાં લખાણોનો પણ અભ્યાસ કર્યો. નોંધપાત્ર વાત તો એ છે કે ઈંગ્લાંડના અભ્યાસ અને અંગ્રેજી વાચને ગાંધીની વિશ્લેષણ શક્તિને સમૃદ્ધ કરી છે. 'હિંદ સ્વરાજ'ના અંતમાં અપાયેલી ગ્રંથસૂચિમાં હિંદીઓ દ્વારા લખાયેલા ફક્ત બે જ પુસ્તકો છે. (દાદાભાઈ નવરોજી અને આર.સી. દત્ત) બાકીના પશ્ચિમના લેખકો છે, જેમણે બેશક આધુનિક પશ્ચિમની ટીકા કરી છે.

ગાંધીના જીવનમાં થોડાં એવાં તત્ત્વો હતાં જે પશ્ચિમ સાથે વધુ સંબંધ ધરાવે છે. જેમ કે સમયની પાબંદી, કાર્યપદ્ધતિમાં ચોકસાઈ અને અનુશાસન અને શ્રમનો મહિમા.

ગાંધી પોતાના જીવનમાં સતત કાર્યશીલ રહ્યા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ પછી દેશમાં અસહકાર, સવિનય કાનૂન ભંગ અને હિંદ છોડો જેવી ચળવળો જગાવી રાજકીય ક્ષેત્રે તેમણે નવી દિશા ખોલી. ગાંધીએ પોતાના આગવા વિચાર અને કાર્યો પર આધારિત એક સૈદ્ધાંતિક માળખું બનાવ્યું અને સત્યાગ્રહ, સ્વતંત્રતા, સ્વદેશી, સ્વરાજ અને સ્વાવલંબનની સંકલ્પનાઓ સ્પષ્ટ કરી. મૂડીવાદ, સામ્યવાદ કે પ્રચલિત લોકશાહીનાં માળખાને અતિક્રમી તેમણે સત્ય–અહિંસા અને માનવતાનાં મૂલ્યો પર આધારિત વિકલ્પ રજૂ કર્યો. 'હિંદ સ્વરાજ'માં તેની ઝાંખી છે, જે સમય જતાં વધુ સ્પષ્ટ અને ધારદાર બને છે.

ગાંધીના વિકલ્પમાં સ્વ અને સમાજ વચ્ચે સીધો સંબંધ છે. 'હિંદ સ્વરાજ'માં સુંદર વાત છે. 'હું મારું ઉજાળીશ તો જ બીજાનું કરીશ. સારું કર્તવ્ય મારે કરી લેવું. તેમાં બધી કાર્યસિદ્ધિ આવે છે.' ('હિંદ સ્વરાજ' : મોહનદાસ કરમચંદ ગાંધી : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. પુનર્મુદ્રણ ૧૯૯૦ : પા. ૭૬) અને આ સાથે સામાજિક કલ્યાણનો હેતુ છે, બધાને બધું જ સુખ મળે તે ધ્યેય છે અને માર્ગ તો અહિંસાનો જ છે. વ્યક્તિગત જીવનમાં અહિંસાના ઉપયોગનું સમર્થન અનેક સંતો અને ચિંતકોએ કર્યું છે. પણ ગાંધીનો સામુદાયિક સ્તર પર અહિંસાના ઉપયોગનો વિચાર અપૂર્વ છે. અહિંસાના ઉપયોગનો સામાજિક આયામ ખોલીને ગાંધીએ શાંત ક્રાંતિ આણી છે. 'હિંદ સ્વરાજ'માં હિંસા-પ્રતિહિંસાના ગેરલાભ દર્શાવ્યા છે. હિંસાથી થતા લાભ અલ્પજીવી હોય છે, પણ અહિંસા તો જીવનનાં દરેક ક્ષેત્રને શુદ્ધ કરે છે. હિંસામાં અન્યને મારવાની તાલીમ હોય છે, જ્યારે અહિંસામાં તો મરી ફીટવાની તૈયારી હોય છે. ગાંધી પૂરા સમુદાય માટે અહિંસા ઇચ્છે છે. જીવનનાં અંતિમ વર્ષમાં તેમણે લખ્યું છે કે 'મારી અહિંસાની કલ્પના વ્યાપક છે અને તે કરોડોને સારુ છે. જગતમાં જે ચીજ કરોડો માટે ન મળી શકે તે ચીજ મારે સારુ ત્યાજ્ય જ છે. અને મારા સાથીઓને માટે પણ એવું જ હોવું જોઈએ.' (મનુબહેન ગાંધી, બિહાર પછી દિલ્હી, પાન ૨૨૯)

'હિંદ સ્વરાજ'માં ગાંધીએ સાધન અને સાધ્ય વચ્ચેના સંબંધ સ્પષ્ટ રીતે જણાવી નવો રાહ દાખવ્યો છે. તેમના મત મુજબ જેટલો સંબંધ બીજ અને ઝાડ વચ્ચે તેટલો સંબંધ સાધન અને સાધ્ય વચ્ચે. (પાન ૪૮) રાજકારણમાં રહી સાધનશુદ્ધિની વાત કરવી અને તે મુજબ આચરણ કરવું ઘણું કપરું કામ છે. પણ ગાંધી માટે અશક્ય નથી. આજે જીવનના દરેક ક્ષેત્રમાં સાધન-સાધ્યની વાત ઘણી અગત્યની બની છે. જાહેર જીવન અને અંગત જીવનના ધોરણો એક જ હોવા જોઈએ – ગાંધીની આ વાત ઘણી મહત્ત્વપૂર્ણ છે.

'હિંદ સ્વરાજ'માં ગાંધીએ બળની સંકલ્પના આત્મબળના સંદર્ભમાં સમજાવી છે અને જણાવ્યું છે એક દુનિયાનું બંધારણ હથિયાર બળ ઉપર નથી પણ સત્ય, દયા કે આત્મબળ ઉપર છે. (પાન ૫૩) તે ઉપરાંત સત્યાગ્રહનો મહિમા સમજાવીને તેમણે સંતપ્ત માનવતા પર અમીછાંટણા કર્યા છે. બધી જ જાતના અન્યાય અને દરેક પ્રકારની હિંસા સામે સત્યાગ્રહનો ઉપયોગ કરી શકાય છે. 'સત્યાગ્રહ એ સર્વધારી તલવાર છે તે જેમ વાપરો તેમ વપરાય. વાપરનાર તથા જેના ઉપર તે વપરાય છે તે સુખી થાય છે.' (પાન ૫૭) સત્યાગ્રહમાં પ્રેમની ભાવના મેળવી ગાંધીએ નવો રસ્તો દાખવ્યો.

ગાંધીની 'હિંદ સ્વરાજ'માં આલેખિત સ્વરાજની સંકલ્પના પણ નવા આયામ ખોલે છે. તે આંતરખોજનું આહ્વાન આપી જણાવે છે કે 'હિંદુસ્તાન અંગ્રેજે લીધું એમ નથી, પણ આપણે તેને દીધું છે.' (પાન ૧૮) જો આપણે સ્વતંત્ર થયા પછી પણ અંગ્રેજની નકલ કરવાની હોય, તો તે હિંદુસ્તાન નહીં પણ ઈંગ્લિસ્તાન કહેવાશે. તેનો અર્થ એ કે આપણને અંગ્રેજી રાજ્ય જોઈએ, પણ અંગ્રેજ ન જોઈએ. વાઘ નહીં, પણ વાઘનો સ્વભાવ જોઈએ. (પાન ૧૦) આપણી ઉપર આપણે રાજ્ય ભોગવીએ એ જ સ્વરાજ છે. (પાન ૪૨) આપણે પોતે ગુલામ હોઈશું તો બીજાને નહીં છોડાવી શકીએ.

દેશની ગુલામીની સ્થિતિની ચર્ચા કરી ગાંધી 'હિંદ સ્વરાજ'માં સ્વરાજની સુરેખ કલ્પના આપે છે. ધર્મનું વ્યાપક સ્વરૂપ સ્પષ્ટ કરે છે. ધર્મમાં એકબીજાની મદદ કરવાની તત્પરતા અને અસમાનતાનો અંત અગત્યનો છે. 'હિંદ સ્વરાજ' એટલે ધર્મનું રાજ્ય - રામ રાજ્ય. અંતે તો બીજાઓના કલ્યાણની ઇચ્છા અને દરેક આંખમાંથી આંસુ લૂછવાની તડપ મહત્ત્વના રહે છે.

'હિંદ સ્વરાજ'માં ગાંધી એક બીજો મહત્ત્વનો વિચાર પ્રસ્તુત કરે છે અને તે છે નિર્ભયતા. તે જણાવે છે કે બળ નિર્ભયતામાં રહેલું છે. (પાન ૨૩) નિર્ભય વ્યક્તિ જ સત્યનું આચરણ અહિંસાના માર્ગે કરી શકે. ગાંધીના શબ્દોમાં 'અભય સર્વથા અને સર્વ વસ્તુ બાબત ઘર છે. માલનો, ખોટા માનનો, સગાંસાંઈનો, રાજ દરબારનો, જખમનો, મરણનો અભય હોય ત્યારે જ સત્યાગ્રહ પાળી શકાય.' (પાન ૬૦) સમાજના નિર્બળ વર્ગોમાં ગાંધીએ નિર્ભયતાનો સંદેશ આપી શક્તિનો સંચાર કર્યો અને સાબિત કર્યું કે શારીરિક, સૈન્ય અને સંપત્તિબળ કરતાં આત્મબળ વધુ સમર્થ છે.

'હિંદ સ્વરાજ'માં ગાંધીએ હિંદુ-મુસ્લિમ અને અન્ય ધર્મો વચ્ચેના તણાવ પારખેલા છે. ધર્મોની વિભિન્નતા હોવા છતાં એક સાથે રહેવાની જરૂર છે, તેમ ગાંધી ભારપૂર્વક જણાવે છે. ધાર્મિક અસહિષ્ણુતા અને આંતરિક વિખવાદ અંતે તો નફરત અને હિંસામાં પરિણમે છે. સમાજમાં બધા ધર્મો અને સંપ્રદાયોને સ્થાન છે. ગાંધીની સલાહ છે કે, લોકો એક દેશી - એક મુલકી છે, માટે એક જ થઈને રહેવું. (પાન ૨૭-૨૮) સમાજમાં બહુલતાનો સ્વીકાર ગાંધીની દીર્ઘદૃષ્ટિ દાખવે છે. ભીલ, પીંઢારા અને ઠગને પણ તે આપણા જ દેશી ભાઈ ગણે છે. (પાન ૨૩)

વિચારોની યાત્રા તો અવિરત ચાલુ રહે છે. ગાંધીના સમયમાં જ રાજકીય સંસ્થાઓ અને વિચારોમાં અનેક પરિવર્તનો આવ્યા. ઔદ્યોગિકરણ, સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદની કામગીરી જટિલ છે. તેમને એક જ બીબાંમાં ન મૂકી શકાય તે સ્પષ્ટ થતું ગયું છે. જનસાધારણ માટે સમાનતા, સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યોનું સમર્થન પ્રબળ થતું ગયું છે. સામ્યવાદીની ઈમારત ભાંગ્યા પછી રાજકીય વિચારોને મૂલવવાની નવી રજૂઆત થઈ છે. જેમ કે ફ્રાંસીસ ફુકુયામાએ ઈતિહાસના અંતની વાત કરી તો સેમ્યુઅલ હન્ટીંગ્ટને સભ્યતાના સંઘર્ષની વાત કરી.

ગાંધીના વિકલ્પમાં જીવનનું સમગ્ર દર્શન છે. તેમના મત મુજબ જીવનનો ઘાટ પિરામીડ જેવો ન હોવો જોઈએ. તેની ટોચ પાયાને કચડીને ઊંચી રહે છે. પણ જીવન અને સમાજની રચના તો એકબીજાથી વિશાળ થતા અને નાનાને મોટામાં સમાવી લેતા વર્તુળોની હોવી જોઈએ.

ગાંધીનો વિકલ્પ નૈતિકતા પર આધારિત છે, જે વ્યક્તિથી માંડીને સમુદાયને આવરી લે છે. આ નૈતિકતાનો વ્યાપ ઘણો મોટો છે. તે સામાજિક-આર્થિક અને રાજકીય અન્યાય સામે અહિંસક લડતનું આહ્વાન આપે છે અને માનવમૂલ્યો પર આધારિત સમાજરચનાનું દર્શન આપે છે. ગાંધી વિચાર મુજબની લોકશાહીમાં નિર્બળતમ વ્યક્તિને પણ સબળ વ્યક્તિ જેટલી જ વિકાસની તક મળવી જોઈએ. જીવનના વ્યક્તિગત અને જાહેર જીવનના પાસાઓમાં એકરૂપતા હોવી જોઈએ અને અહિંસા માત્ર વ્યક્તિગત નહીં પણ નાગરિક ગુણ છે, તે વાત પર ધ્યાન આપવું જોઈએ. ગાંધીવિચાર મુજબ જીવનમાં કામ કરનાર ઝવેરભાઈ પટેલ જણાવે છે કે સામ્યવાદીઓ રાજ્યને પ્રજાનો ટ્રસ્ટી ગણે છે. પણ ગાંધી માટે સમાજના કલ્યાણ માટે દરેક વ્યક્તિ ટ્રસ્ટી છે. વ્યક્તિ વિકાસનું સાધન છે અને વિકાસનું સાધ્ય પણ છે. ગાંધીનો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત સમાજમાં સમાનતાની સ્થાપના ઈચ્છે છે. સમાજના સભ્યો સ્વાર્થ માટે સમાજહિતની વિરુદ્ધ ધનસંગ્રહ કરી શકે નહીં.

ગાંધીનો રાહ અનોખો છે. તેને એક ચોકઠામાં ન બેસાડી શકાય. જે. બી. કૃપાલાણી ગાંધીને એવા માણસ તરીકે જુએ છે જે પોતાના સિદ્ધાંતો માટે એકલા ઊભા રહી શકે. He was a man out of the way. દાદા ધર્માધિકારી જણાવે છે કે તે એક એવા માણસ હતા જેમની નિષ્ઠા ફક્ત સત્ય સાથે જ હતી.

'હિંદ સ્વરાજ'થી માંડેલું ગાંધીનું વિચારમંથન ઉત્તરોઉત્તર વધુ અર્થસભર બનતું ગયું છે. તેમનું જીવન એક ખુલ્લી કિતાબ છે. તેમણે મન-વચન અને કર્મના પ્રયોગ પર સત્યના પ્રયોગ કર્યા છે. તેમની સૌથી મોટી નિસ્બત હતી તે સામાન્ય મનુષ્ય. દરિદ્રનારાયણની સેવા તેમના માટે સર્વોચ્ચ ધ્યેય હતું. જનસાધારણ સાથે તેમની તાદાત્મ્યની સહજ ભાવના હૃદયસ્પર્શી છે. જ્યારે દેશ સ્વતંત્ર થયો, ત્યારે તે સ્વાતંત્ર્યપ્રાપ્તિના ઉત્સવમાં દિલ્હી નહોતા, પણ વિભાજનના કારણે દુ:ખી થયેલા લોકો સાથે હતા. તે દેશની પ્રજાની પીડાને સમજતા હતા. સુચેતા કૃપાલાણી કહે છે તેમ તે દેશને, આવા દેશને, ગરીબોના દેશને અને ગામડાંઓના દેશને ઘણી સારી રીતે ઓળખતા હતા.

આજે માનવજાતિ પર ગરીબી, આતંકવાદ અને અશાંતિનાં વાદળો ઘેરાયાં છે. વ્યક્તિ વિશેષ કરતાં પણ વિચાર કરવાની રીતો વધારે ભયજનક બની છે, ત્યારે એહસાસ થાય છે ગાંધીએ દાખવેલા વિકલ્પના સત્યનો. અને આમ જોઈએ તો સંવેદનશીલ વ્યક્તિઓ અને આંદોલનો જાણ્યે-અજાણ્યે ગાંધીનાં કાર્ય અને વિચારમાંથી પ્રેરણા મેળવે છે. જેમ કે, નેલ્સન મંડેલા, માર્ટીન લુથર કીંગ, ઓંગ સેન સુ કુઈ અને દલાઈ લામા જેવી વ્યક્તિઓ. અને નિ:શસ્ત્રીકરણ, પર્યાવરણ, વિકલ્પ ટેકનોલોજી, માનવ અધિકાર અને શાંતિ માટેની ચળવળો. આજે રાજકારણ બન્યું છે કઠપૂતળીઓ અને શઠપૂતળીઓની રમત. સંઘર્ષ, હિંસા, વંશવાદ, સંપ્રદાયવાદ, કોમવાદ અને ધાર્મિક ઝનૂન જેવા પરિબળો વાતાવરણને અશાંત બનાવે છે. ત્યારે યાદ આવે છે મોહનદાસ કરમચંદ ગાંધી જે સદૈવ સત્યના સૂર્ય સામે સૂર્યમુખી રહ્યા અને બધાની વચ્ચે રહીને પણ અંતર્મુખી રહ્યા. ગાંધીએ દાખવેલો વિકલ્પ સાધ્યશુદ્ધિ અને સાધનશુદ્ધિનો છે. સમાજની નવરચના ત્યારે જ થાય જ્યારે તેના સભ્યોએ આત્મશુદ્ધિનો માર્ગ લીધો હોય. સ્વરાજ્ય ત્યારે જ ભોગવી શકાય જ્યારે નાગરિકોએ આત્મશાસન અપનાવ્યું હોય. સુરાજ્ય ત્યારે જ આવે જ્યારે જીવનના દરેક પાસામાં અહિંસા અને સત્યના સિદ્ધાંતો ચરિતાર્થ થયા હોય.

ગાંધીનો નાગરિક સમાજ સંવેદના, કર્તવ્ય પરાયણતા અને પારસ્પરિક સંબંધો પર આધારિત છે. સત્ય માટે સ્વાવલંબન આવશ્યક છે અને એટલું જ આવશ્યક છે એકબીજાના આધારે જીવવું. વર્ગહીન અને શોષણહીન સમાજના સભ્યો નવી જીવનરીતિ અને નવું રાજકારણ અપનાવે છે, જીવનની અને સત્યને પ્રેમ કરવાની નવી રીત શોધે છે. જીવન સિદ્ધાંતોના સહારે અને સત્યના સથવારે જીવવાનું છે. સમાજના સૌથી છેવાડાની વ્યક્તિનો પણ ઉત્કર્ષ થાય તે અગત્યની વાત છે. અનિયંત્રિત ભોગવાદ, સ્વાર્થ, સત્તા વિસ્તારની ભૂખ અને સર્વોપરિતા મેળવવાની મહત્ત્વાકાંક્ષા વિવેક બુદ્ધિનો નાશ કરે છે. મનુષ્યના હાથમાં અમાપ શક્તિ અને સાધન છે. પ્રશ્ન ફક્ત એટલો જ છે કે એ ક્યા માર્ગે જશે.

સમય થોભતો નથી, વિચારધારાઓ પણ વહેતી રહે છે. ગાંધી વિચારમાં પણ ગતિશીલતા છે. રોમાં રોલાંએ, ડિસેમ્બર ૧૯૩૧ વેળા, એક મિત્રને પત્રમાં ગાંધી વિશે લખેલું કે, 'એક પછી એક પ્રયોગો કરી કરીને તેમનું ચિત્ત કાર્યમાં આગળ વધે છે અને તે સીધી દિશા પકડે છે. પણ કદી અટકતા નથી. દસ વરસ પર તેમણે જે કહેલું તેના પરથી તેમના વિશે નિર્ણય બાંધવાનો પ્રયાસ કરનાર પછડાવાનો જ, કેમ કે તેમના વિચારોમાં અહર્નિશ ક્રાંતિ થયા કરે છે.'


ગાંધી વિચારમાં થતી અહર્નિશ ક્રાંતિ આજે પણ અટકી નથી. તે આપણને આપણા પ્રશ્નો ઊભા કરવાની પ્રેરણા આપે છે. આજે પણ તેમની માનવ પ્રત્યેની સંવેદના અદ્ભૂત છે. શિક્ષિતોની સંવેદનહીનતા તેમને બહુ ખૂંચે છે. તે તો આજે પણ આપણને જીવનની આંધળી ગતિ સામે લાલબત્તી ધરે છે. તેમનો વિકલ્પ દિશા નિર્દેશ કરે છે. અહિંસા અને સત્ય પર આધારિત સમાજ પ્રત્યે, વિકેન્દ્રીકરણ અને સમુચિત વિકાસ પ્રત્યે સમાનતા-સ્વતંત્રતા અને માનવમૂલ્યો પ્રત્યે સામાજિક-આર્થિક અને રાજકીય પ્રત્યે.

આપણો માર્ગ આપણે જ નક્કી કરવો રહ્યો.

આપણે ભવિષ્ય માટે વિચારવાનું છે. જો આપણે ભવિષ્ય માટે નહીં વિચારીએ તો ભવિષ્ય આપણા માટે વિચારશે ખરું?

**(મુદ્રાંકન સહયોગ : ગુજરાતી લેક્સિકોન / ઇન્ફિનિયન ઇન્ફોટેક પ્રાઇવેટ લિ.)**

[Aarti, 5th floor, 1, Ratilal Thakkar Marg, off Ridge Road, opp. Chandanbala, Malbar Hill, MUMBAI 400 006, India]




Mahendra Shah <mahendraaruna1@gmail.com>

# હિંસાના દોજખમાંથી માનવજાતને ઉગારી લેવાની તડપન 'હિંદ સ્વરાજ'માં છે

• કાન્તિ શાહ

ગાંધી હાથમાં આવે આવે ને સરી જાય, એવું વ્યક્તિત્વ છે. બહુવિધ કાર્યકલાપ વચ્ચે એની અસલ ઓળખ અઘરી છે. બહુ બારીકીથી ગાંધીને જોવો - સમજવો પડે. ઉપર ટપકે કાંઈક અભિપ્રાય બાંધી લઈશું, તો ગુમાવવાનું આપણે જ હશે.



હકીકતમાં એને માટે લોકહૃદયમાંથી સહજ જે બિરુદ સ્ફુરેલું, એ જ એની અસલ ઓળખ છે - મહાત્મા. ખરેખર એ મહાન આત્મા હતો. એનું એક કથન જોવા જેવું છે. એકવાર એણે કહ્યું : 'મને આપણા સહુની અંદર એક જ આત્માનાં દર્શન ન થાય, તો આ ધરતી ઉપર મને મારું જીવન અકારું થઈ પડે. આવા જીવન કરતાં તો હું મરવાનું પસંદ કરું.'

આપણા અંતરમાં જરીક ડોકિયું કરી લઈએ. આપણે પોતે આવી સંવેદનશીલતા ક્યારે ય અનુભવી છે ખરી? અને આવી સૂક્ષ્મ સંવેદનશીલતા વિના આ માણસ કેમ પકડાશે, કેમ ઝીલાશે, કેમ સમજાશે? એનાં કેટલાંયે કથનો, અભિપ્રાયો, અભિગમો ને કૃત્યો આ કથનના પ્રકાશમાં જોઈશું, તો ઝટ ગળે ઊતરી જશે; નહીં તો નહીં સમજાય. ગીતાની આત્મૌપમ્યવૃત્તિ એના અસ્તિત્વ સાથે ઓતપ્રોત થઈ ગઈ હતી. આ યુગને ગાંધીનો એ જ સંદેશ છે - જેવું પોતાને માટે ઇચ્છો ને વિચારો, એવું જ આત્મૌપમ્ય ભાવથી બીજા સહુ માટે ય વિચારો. 'હિંદ સ્વરાજ'નો ય આ જ સંદેશ છે. 'હિંદ સ્વરાજ'ને સમજવાની, ઉકેલવાનીયે આ જ ચાવી છે.

'હિંદ સ્વરાજ'નો ગાંધી સમસ્ત માનવજાતિનો આત્મીય સ્વજન, પરમ હિત-ચિંતક અને સહૃદયી મિત્ર છે. 'હિંદ સ્વરાજ'ના માનેમાને એક તરફડાટ છે, વ્યથા છે, હૈયાની વેદના છે, વ્યાકુળ હૃદયનો આર્તનાદ છે, બેચેન બની ગયેલા આત્માનો પોકાર છે. જાણે કે સહદેવના જેવું અતિજ્ઞાન એમને થઈ ગયું છે કે આજે આ દુનિયા જે તરફ ધસી રહી છે, તે માર્ગ પર સર્વનાશ જ સર્વનાશ છે. મારાં આપ્તજનોને આમાંથી હું કઈ રીતે ઉગારું? હિંસાના દોજખમાંથી માનવજાતને ઉગારી લેવાની તડપન 'હિંદ સ્વરાજ'માં છે. સર્વનાશ તરફ ધસી રહેલાઓને ગમે તેમ કરીને અટકાવવાની જદ્દોજેહાદ - જીવ પર આવી જઈને કરેલી કોશિશ 'હિંદ સ્વરાજમાં છે. આ પુસ્તકમાં તર્કથી, બુદ્ધિથી, દાખલા-દલીલથી સમજાવવાની પૂરી કોશિશ જરૂર કરવામાં આવી છે. છતાં તેમાં મુખ્ય જે વાત આપણા હૃદયને સ્પર્શી જાય છે, તે છે મનુષ્યજાતિને સર્વનાશમાંથી ઉગારી લેવાની એક મહામાનવના અંતરની આ તડપન, આ બેચેની, આ જદ્દોજેહાદ. આનો સ્પર્શ થાય, તો જ આપણે 'હિંદ સ્વરાજ'નો મર્મ પામી શકીશું.



**કાન્તિ શાહ**

**પ્રતિકૂળતાઓને કારણે, કાન્તિભાઈ શાહ "ઓપિનિયન"ના 'સંકેલો' અવસરમાં ભાગ લેવા છેવટે આવી શક્યા નહોતા, પરંતુ એમનું વ્યાખ્યાન એમણે મોકલી આપ્યું હતું, જે અહીં વાચકોને સારુ સાદર કરીએ છીએ : તંત્રી**



ગાંધી જેમ એક મહાન આત્મા હતો, તેમ એક મહાન કળાકાર પણ હતો, જીવનનો કળાકાર. એટલે ગાંધીને સમજવા કંઈક સૂક્ષ્મ કળાદૃષ્ટિ પણ જોઈએ, આપણી પોતાની થોડીક સજ્જતા પણ જોઈએ. નહીં તો એની સરળતા - કશાયે ડોળ-દમામ કે આડંબર વિનાની સરળતા, ક્યારેક છેતરામણી નીવડશે, આપણને હાથતાળી દઈ ક્યાંય સરકી જશે.

આવું જ 'હિંદ સ્વરાજ'નુંયે છે. એ એક સાવ સરળ, અતિ સરળ પુસ્તક છે. તેમ છતાં જીવનનાં અત્યંત ગહન સત્યો ને તથ્યો સાવ સરળ ને ઘરગથ્થું ભાષામાં રજૂ કરી દેતું તે એક ઉદાહરણરૂપ પુસ્તક પણ છે. 'હિંદ સ્વરાજ' વિશેનું ગાંધીનું પોતાનું એક કથન પણ અહીં જોવા જેવું છે. 1939નું ગાંધીનું આ કથન 'હિંદ સ્વરાજ'ને વાંચવાની ચાવી આપણા હાથમાં આવી જાય છે –

'ન માની શકાય એટલા સાદા (એટલું સાદું કે બેવકૂફીભરેલું કહેવાય) આ નાનકડા પુસ્તકના રહસ્યની ચાવી મેળવવા માટે એટલું સમજવું આવશ્યક છે કે એ અજ્ઞાનથી ભરેલા ને અંધારા કહેવાતા યુગમાં પાછા જવાનો પ્રયત્ન નથી, પણ એ ઐચ્છિક સાદાઈ, ગરીબાઈ અને ધીમાશમાં સૌંદર્ય જોવાનો પ્રયત્ન છે. એને મેં મારા આદર્શ તરીકે ચીતર્યો છે.'

મતલબ કે, ગાંધી પૂરેપૂરા સભાન હતા કે પોતે બેવકૂફીભરેલી કહેવાય એટલી હદે સાદાઈથી પોતાની વાત આ પુસ્તકમાં મૂકી છે. પરંતુ તેની સાથોસાથ ગાંધીને પૂરેપૂરો આત્મવિશ્વાસ હતો કે પોતાની વાતમાં નવી જીવનદૃષ્ટિ છે, જીવન તરફ જોવાની એક નવી સૌંદર્યદૃષ્ટિ છે. ખરે જ, ગાંધી જીવનના કળાકાર હતા. 'હિંદ સ્વરાજ'માં ગાંધી આપણને જીવનનો અનેરો સૌંદર્યબોધ (aesthetism) કરાવતા જાય છે.

આમાં એક અલગ સૌંદર્યશાસ્ત્ર (aesthetics) છે, જે વિકાસ અને આધુનિકતાથી આજની વિભાવનાનો ધરાર અસ્વીકાર કરે છે. ગાંધીએ કહેલું: 'નિતનવી વિવિધતા, હવાઈ ઉડાણ, હાજતોના વધારા માટેની આધુનિક જમાનાની ઘેલછા વગેરેનો મને કશો મોહ નથી. એ બધું આપણા અંતરાત્માને હણે છે, આપણને આપણા સરજનહારથી દૂર ખેંચી જાય છે.' આમ, ગાંધી ભૌતિક સુખસગવડ પાછળની અકરાંતિયા દોટને બદલે સ્વૈચ્છિક સાદાઈમાં તેમ જ વધુ ને વધુ આંધળુકિયા ઝડપી ગતિને બદલે શાંત, સૌમ્ય, મંથર ગતિમાં સૌંદર્ય જોવાની નવી જીવનદૃષ્ટિ આપી જાય છે.



સારાંશ કે, 'હિંદ સ્વરાજ' એ કોઈ એક નવી રાજકીય કે આર્થિક ફિલસૂફી માત્ર નથી. અલબત્ત, કંઈક અંશે છે પણ ખરી; પરંતુ તેનાથી ઘણું ઘણું કંઈક વિશેષ છે. એ ગુલામી અને સંસ્થાનવાદ સામેનો, શોષણ અને અન્યાય સામેનો અવાજ માત્ર નથી. અલબત્ત, છે પણ; છતાં અસલમાં એ માનવીના થઈ રહેલા હ્રાસ સામેનો, રૂંધામણ સામેનો અવાજ છે. માનવીનું આ રૂંધામણ અમુક

દેશો દ્વારા બીજા દેશોનું થઈ રહ્યું છે, એવું માત્ર નથી, એ દેશોમાં પોતાને ત્યાં પણ એક નવી વિપરીત સભ્યતા દ્વારા પોતાનાયે માનવસમાજનું રૂંધામણ થઈ રહ્યું છે. એ સભ્યતા માનવીને રૂંધી રહી છે. માણસને સાવ ખોટે ખોટે ચઢાવી રહી છે. સુખ-સુવિધામાં જ જીવનની પરિસમાપ્તિ માનીને એ માણસને એક અવિરામ આંધળી દોટમાં, 'રેટ રેઈસ'માં ખુવાર કરી રહી છે. આ સૃષ્ટિનો ધણિયામો થઈ જવાની હુંફાદમાં માણસ સર્જનહારને વિસરી જઈ રહ્યો છે, તેનાથી દૂર ને દૂર જઈ રહ્યો છે. 'હિંદ સ્વરાજ'નો અવાજ એ આ અવળી ગતિ સામેનો અવાજ છે. માનવીની આવી રૂંધામણ સામેનો અવાજ છે. 'હિંદ સ્વરાજ' એ આપણા અંતરાત્માને ઢંઢોળતો અવાજ છે, આપણા માનવીના મર્મને જીવનકળાની અનેરી સૌંદર્યદૃષ્ટિએ ઉજાગર કરતો તેમ જ સોળે કળાએ મ્હોરાવવા મથતો અવાજ છે. 'હિંદ સ્વરાજ' એ જીવનના એક મહાન કળાકારની અણમોલ કળાકૃતિ છે.

ગાંધી ખરે જ કળાકાર હતા. એમના પોશાક, પહેરવેશમાંયે સાદાઈનું સૌંદર્ય કેવું નીખર્યું છે! ગાંધીને ક્યારેય તમે લઘરવઘર જોયા છે? એમની સાદાઈ પણ સદા શોભનીય ને કમનીય જ હતી.

આમ, ગાંધી એક મહાન આત્મા હતા, એક મહાન કળાકાર હતા. આથી સાથોસાથ ગાંધી અવ્વલ દરજ્જાના એક સમાજ-વિજ્ઞાની હતા, પ્રયોગવીર હતા. પોતાની આત્મકથાને એમણે 'સત્યના પ્રયોગો' કહ્યા. સત્યની ખોજ અને પ્રયોગશીલતા એ તંતોતંત વિજ્ઞાનીનું લક્ષણ છે.

પોતે સમાજ-વિજ્ઞાનની એક મહત્ત્વની ખોજ કરી રહ્યા છે, એક મહત્ત્વનો પ્રયોગ કરી રહ્યા છે, તે બાબત એ પૂરેપૂરા સભાન હતા. એમણે આત્મપ્રતીતિપૂર્વક કહ્યું છે : 'જે અદ્ભુત શોધો આજકાલ હિંસાનાં ક્ષેત્રોમાં થાય છે, તે જોઈને આપણે આભા બની જઈએ છીએ. પરંતુ હું ભારપૂર્વક કહું છું કે, તેના કરતાંયે વધારે અકલ્પ્ય અને અશક્ય લાગતી શોધો અહિંસાના ક્ષેત્રમાં થશે. કોઈ પણ માણસને પોતાને અહિંસાનો અનુભવ થઈ શકે છે. એટલે કે, અહિંસાનું આચરણ વિજ્ઞાનશુદ્ધ છે. અહિંસાનો અપવાદ વિનાનો કાયદો શોધનારા ઋષિમુનિઓ પોતે મહાન યોદ્ધા હતા. જ્યારે તેમણે આયુધબળની તુચ્છતાને જોઈ લીધી, જ્યારે તેમણે મનુષ્ય સ્વભાવનો સાક્ષાત્કાર કર્યો, ત્યારે તેઓ આ હિંસામય જગતમાં અહિંસાના નિયમને જોઈ શક્યા. આ ઋષિમુનિઓ ન્યૂટન કરતાં મહાન વિજ્ઞાનીઓ હતા તથા વેલિંગ્ટન કરતાં મહાન યોદ્ધાઓ હતા.'

આજે ગાંધીના જન્મ-દિવસને દુનિયા આખી 'અહિંસા દિન' તરીકે ઊજવે છે. અહિંસાની વ્યક્તિગત સાધના તેમ જ અહિંસાના વ્યક્તિગત પ્રયોગો અત્યાર સુધી અનેક થયેલા. પરંતુ અહિંસાના સામુદાયિક પ્રયોગની, સમાજના પ્રશ્નોના અહિંસક ઉકેલ શોધવાની, એક નવી અહિંસક સમાજરચના, એક નવી અહિંસક સંસ્કૃતિ ઊભી કરવાની વાત ગાંધીએ પહેલવહેલી કરી. સમાજ-વિજ્ઞાનના ક્ષેત્રે ગાંધીની આ એક અભૂતપૂર્વ પહેલ છે. 'હિંદ સ્વરાજ' અહિંસક સંસ્કૃતિનું ઘોષણાપત્ર છે. આમાં ગાંધીનો અભિગમ પૂરેપૂરો વૈજ્ઞાનિક હતો. ગાંધીની છાપ એક અવિરત કર્મશીલ તરીકેની વિશેષ રહી છે. પરંતુ સ્થૂળ કાર્યો અને પ્રવૃત્તિઓનો અસલ મર્મ પકડાય તથા ઊંડાણમાં જઈને સૂક્ષ્મ અધ્યયન-સંશોધન પણ સતત ચાલતું રહે, તે માટે પણ ગાંધી સભાન હતા, પ્રયત્નશીલ હતાં. 1935માં એમણે 'ગાંધી સેવા સંઘ' નામની એક વિશેષ સંસ્થાની સ્થાપના કરી. કર્મક્ષેત્રના કોઈ ધૂરંધર નહીં, કિશોરલાલ મશરૂવાળાને તેના પ્રમુખ બનાવ્યા. આ સંસ્થા સ્થાપવા પાછળ પોતાનો ઉદ્દેશ શો છે, તેની સ્પષ્ટતા કરતાં ગાંધીએ કહ્યું :

'ગાંધી સેવા સંઘનું સ્વરૂપ એકદમ ભિન્ન છે. આ સંસ્થા 'પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડી' (સ્નાતકોત્તર અધ્યયન) માટેની સંસ્થા બને, સત્ય-અહિંસાના વિચારના ઊંડા સંશોધન માટેની સંસ્થા બને. બીજી સંસ્થાઓ આ અધ્યયન - સંશોધનનું કામ જોઈએ તેટલું નહીં કરી શકે. જ્યારે ગાંધી સેવા સંઘે તો આપણાં સ્થૂળ કાર્યો પાછળના મૂળ સિદ્ધાંતોને ને ભાવનાઓને સમજવા ઊંડું અધ્યયન-સંધોશન કરતા રહેવાનું છે. આપણે કહીએ છીએ કે ચરખો અહિંસક શક્તિ વધારે છે, તો શું તે સાચું છે? કઈ રીતે સાચું છે? આપણે એકાદશવ્રતનું પાલન કરવા માગીએ છીએ, તો તેમાં ચરખો કઈ રીતે મદદ કરે છે? શું ચરખાથી સ્વરાજ મળશે? તથા એક વાર સ્વરાજ મળશે, તે પછી આઝાદ હિંદુસ્તાનની અર્થવ્યવસ્થા ચરખાના આધાર ઉપર ઊભી કરી શકાશે? ચરખા સંઘ વગેરે આ બધું ઝાઝું નહીં વિચારી શકે. આ કામ ગાંધી સેવા સંઘે કરવાનું છે.'

ગાંધી અસલમાં કેવો સમાજ-વિજ્ઞાની હતો, તેનો ખ્યાલ આના ઉપરથી આવી શકે છે. 'હિંદ સ્વરાજ' એમના જીવનના બરાબર મધ્યે આવ્યું છે. ગાંધીના જીવનમાં શરૂનાં ૪૦ વરસ તીવ્ર સાધના ચાલી, વિવિધ પ્રયોગો ને મથામણ ચાલી. તેનો પરિપાક 'હિંદ સ્વરાજ'માં મળ્યો. અને ત્યારે ૪૦ વરસની ઉંમરે ગાંધીનું યુગકાર્ય સુનિશ્ચિત સ્વરૂપમાં ગાંધીની તેમ જ સમાજની નજર સામે આવ્યું. 'હિંદ સ્વરાજ' એ ગાંધીને અને ગાંધીના જીવન-કાર્યને સમજવા માટેનું ચાવીરૂપ પુસ્તક છે. એમણે પોતે પ્રસ્તાવનામાં લખ્યું છે, 'જે મારા વિચાર છેવટના લાગ્યા'- એટલે કે પોતાના જીવન-કાર્ય બાબત એમના મનમાં જ્યારે અમુક સુનિશ્ચિત સુરેખ રૂપરેખા દોરાઈ ગઈ, ત્યારે એમણે તે 'હિંદ સ્વરાજ' દ્વારા સમાજ સામે મૂકી દીધી. પાછળથી ૧૯૨૧માં એમના એક લેખમાં 'હિંદ સ્વરાજ'માં વર્ણવેલા આખા જીવનસિદ્ધાંત' - એવો ઉલ્લેખ આવે છે. એટલે કે, 'હિંદ સ્વરાજ'માં ગાંધીના મૂળભૂત જીવનસિદ્ધાંતો નિરુપાયેલા છે, તેમાં ગાંધીના જીવન-દર્શનનો નિચોડ છે. 'હિંદ સ્વરાજ'નું અંતિમ વાક્ય છે - **'આવું સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે.''**

જેમ એક 'સામ્યવાદ'નો મેનિફેસ્ટો (કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો) છે, તેમ આ 'સામ્યયોગ'નો મેનિફેસ્ટો છે, સર્વોદયનો મેનિફેસ્ટો છે. રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ'ના વિચારો ગાંધીની મનોભૂમિમાં ને કર્મભૂમિમાં રોપાયા અને ગાંધીના સમગ્ર અસ્તિત્વમાં રસાઈ જઈને સર્વોદયના મંત્રરૂપે પ્રગટ થયાં. 'હિંદ સ્વરાજ' સર્વોદયના મંત્રનું બૃહદ્ ભાષ્ય છે. મહાદેવભાઈએ કહ્યું છે તેમ - 'સત્ય અને અહિંસાના સિદ્ધાંતોના સ્વીકારમાંથી અંતે શું શું ફલિત થાય છે, તેનો ચિતાર આમાં આપેલો છે.'

'હિંદ સ્વરાજ'નું દર્શન એક યુગપરિવર્તનકારી દર્શન છે. આ દર્શન વિજ્ઞાનયુગને ભૌતિકવાદના સકંજામાંથી છોડાવવાનું દર્શન છે. જેમાં વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય થાય એવી એક નવી માનવીય સંસ્કૃતિ નિર્માણ કરવાનું આ દર્શન છે. માનવજાતિને સર્વનાશને મારગેથી પાછા વાળીને સર્વોદયની દિશામાં લઈ જવાનું આ દર્શન છે. જ્યાં સુધી સર્વનાશકારી આધુનિક સભ્યતાને હાંકી કાઢીને નવા સર્વોદયના યુગમાં માનવજાતિનું પદાર્પણ નહીં થાય અને સત્ય-અહિંસાનો નવયુગ સાકાર નહીં થઈ રહે, ત્યાં સુધી 'હિંદ સ્વરાજ' એવું ને એવું પ્રસ્તુત રહેવાનું છે.

આટલી ભૂમિકા સાથે આપણે 'હિંદ સ્વરાજ'ને જોવાનું છે. ઉપરાંત, એક વિશેષ સંદર્ભ પણ ધ્યાનમાં રાખવાનો છે. તેને લીધે આપણને એક વ્યાપક પર્સ્પેક્ટિવ મળે છે. અને આ સંદર્ભ છે, રેનેસાંનો. 'હિંદ સ્વરાજ'ને રેનેસાંના સંદર્ભમાંયે જોવાનું છે.

લગભગ સોળમી સદીથી યુરોપમાં રેનેસાંની શરૂઆત થઈ. તેમાં મનુષ્યને કેન્દ્રમાં રાખીને જીવન પ્રત્યેના એક નવા અભિગમનો આરંભ થયો. માણસને ચીલાચાલુ પરંપરાગત વાતાવરણમાંથી મુક્ત કરી સ્વતંત્ર રીતે વિચાર કરતો કરવાનું તેનું ધ્યેય હતું. એક નવો જુવાળ આવ્યો અને તેણે માણસને ઘણાં બંધનોમાંથી મુક્ત કર્યો. માનવ-મુક્તિનો અને માનવ-ગૌરવની પ્રતિષ્ઠાનો નારો જાગ્યો.

પરંતુ દુર્ભાગ્યે આ નવો જુવાળ અવળી દિશામાં ફંટાયો. તેણે માણસને ઘણાં બંધનોમાંથી મુક્ત જરૂર કર્યો, પણ સાથે સાથે તેને ઘણાં નવાં અદૃશ્ય બંધનોમાં પાછો જકડી લીધો. માનવ-મુક્તિ અને માનવ-ગૌરવની વાત ક્યાં ય બાજુએ રહી ગઈ. મનુષ્ય કેન્દ્રમાં રહેવાને બદલે મનુષ્ય તો ક્યાં ય બાજુએ હડસેલાઈ ગયો અને બીજી કેટલીયે અવાંતર વસ્તુઓ જ કેન્દ્રમાં આવી ગઈ. કેન્દ્રસ્થાને મનુષ્યને બદલે અમર્યાદ ઉપભોગવાદ, પૈસો, પૈસાને પરમેશ્વર માનતી હીન પામર મનોદશા, યંત્ર, યંત્રોની ઘેલછા, વિકાસના નામે માનવભક્ષી આંધળી દોટ આવી ગઈ તથા મનુષ્ય આ બધાનો શિકાર બની વીંખાઈ -

પીંખાઈ રહ્યો! માણસ એક શાશ્વત હિંસાના દુષ્ચક્રમાં ફસાઈ ગયો.

આ સંજોગોમાં ગાંધી માણસને અને માણસના કલ્યાણને, અને તે પણ 'સર્વ' માણસના કલ્યાણને જ કેન્દ્રસ્થાને મૂકવા માંગે છે. માણસ હોવાપણાના સાર્થક્યની એ નવી વ્યાખ્યા આપે છે. માણસના નૈતિકને આધ્યાત્મિક નવોત્થાનની એ અહાલેક પોકારે છે. માનવમુક્તિ, માનવ-ગરિમા અને માનવીય મૂલ્યોના નારા સાથે નીકળેલ યુરોપિયન રેનેસાં માર્ગ ચાતરી ગયો છે, વિપથગામી બની ગયો છે, તેને ફરી પાટે ચઢાવવા માગે છે.

આ અર્થમાં ગાંધીનું 'હિંદ સ્વરાજ' એ પથભ્રષ્ટ થઈ ગયેલ યુરોપિયન રેનેસાંને ફરી સાચા મારગે લાવવાનો જબ્બર પુરુષાર્થ કરનારું જાણે એક 'કરેક્ટિવ રૉકેટ' છે. તે માનવવજાતને એક ખરેખરા માનવીય રેનેસાં ભણી લઈ જવા માગે છે. ગાંધીએ પોતાની આર્ષ દૃષ્ટિથી જોઈ લીધેલું કે યુરોપના રેનેસાં બાદ ત્યાં ઊભી થયેલી સભ્યતા એક એવી વિપરીત ફિલસૂફી ઉપર ઊભી છે, જે ફિલસૂફી માનવદ્રોહી છે, અનીતિમય છે, આસુરી છે, અને માનવજાત માટે સર્વથા અકલ્યાણકારી છે. 'હિંદ સ્વરાજ' આ ખોટી ને અનિષ્ટકારક ફિલસૂફી સામેના વિદ્રોહની ચોપડી છે, આ ફિલસૂફીના વેધક તેમ જ સૂક્ષ્મ વિશ્લેષણની ચોપડી છે.

આની સાથોસાથ આ ખોટી ફિલસૂફીને હઠાવીને તેની જગ્યાએ માણસજાત માટે એક કલ્યાણકારી નવી ફિલસૂફી પ્રસ્થાપિત કરવાનું સપનું ગાંધીએ સેવ્યું છે. આમાં ગાંધી કેટલીક એવી વાતો કહી ગયા છે, જે 'અનધર વર્લ્ડ ઈઝ પોસિબલ'નું સપનું જોનાર જાગતિક બિરાદરી માટે આજે પણ માર્ગદર્શક બની શકે એવી છે, હોકાયંત્રરૂપ બની શકે એવી છે.

આ નવો યુગ નવા માનવીનો ને નવા માનવીય સમાજનો યુગ હશે, 'સ્વ'નો નહીં 'સર્વ'નો યુગ હશે, માત્ર આર્થિક-ભૌતિક વિકાસનો નહીં, માણસની માણસાઈના સર્વાંગીણ પ્રફુલ્લીકરણનો યુગ હશે, કુદરત સાથેના અને અખિલ બ્રહ્માંડ સાથેના સામંજસ્યનો યુગ હશે. **હિંસા ન છોડે, 'સ્વ'નો સ્વામી ન બને, ટેકનોલોજીની ગુલામી ને ઘેલછા ન છોડે, ત્યાં સુધી માણસ આધુનિકતાને જીરવી નહીં શકે, આધુનિકતાને લાયક નહીં બની શકે.** - આ બધી વાત ગાંધીએ 'હિંદ સ્વરાજ'માં માણસને ઢંઢોળી-ઢંઢોળીને કહી છે. અને તેથી જ અનેક સ્વસ્થ ચિંતક-વિચારકોને ગાંધીની વાતોમાં અનુ-આધુનિકતાનાં (પોસ્ટ મોર્ડનનાં) એંધાણ વર્તાય છે, લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. 'હિંદ સ્વરાજ' નવા માનવીય રેનેસાંના ઉદ્‌ઘોષનું પુસ્તક છે.

'હિંદ સ્વરાજ'ની મૂળભૂત નખદર્પણમાં જોઈ લઈએ : –

ગાંધી કહે છે કે આપણે સ્વરાજનું નામ લીધું છે, પણ તેનું ખરું સ્વરૂપ સમજ્યા નથી. સ્વ +રાજ. સ્વરાજ તે આપણા આત્માનું રાજ છે. એટલે કે સ્વ-શાસન, આત્મ-શાસન, મનુષ્યનું પોતાની ઉપર પોતાનું રાજ. ગાંધીની 'સ્વરાજ'ની વ્યાખ્યા આવી ઊંડી છે, વ્યાપક છે, સૂક્ષ્મ છે. તેની પાસે ઇન્ડિપેન્ડન્સ, ફ્રીડમ વગેરે શબ્દો ઘણા વામણા પડે છે.

આવું સ્વરાજ મેળવવા, કેળવવા અને જાળવવા સત્યાગ્રહરૂપી એક નવા સાધનનો ગાંધીએ આવિષ્કાર કર્યો. સત્યાગ્રહ એ આત્મબળ (soul force) કે પ્રેમબળ છે. તે બળ જેનામાં છે, તેની સામે શસ્ત્રબળ કે અન્ય કોઈ બળ કામ કરી શકતું નથી. સત્યાગ્રહ એ આત્મશક્તિનો, પ્રેમના પરિબળનો પ્રકર્ષ છે.

ગાંધીએ પરમ સત્ય જેવું એક વૈજ્ઞાનિક તથ્ય પ્રસ્થાપિત કર્યું કે સાધ્ય સાધનની એકરૂપતા અનિવાર્ય છે. સારાં પરિણામ લાવવાને સારાં જ સાધનો જોઈએ. અશુદ્ધ સાધનોથી અનિષ્ટ પરિણામ જ નીકળશે.

હિંસા સર્વથા, સર્વત્ર, સર્વ કાળે ત્યાજ્ય ને વર્જ્ય છે. હિંસાને માનવ-જીવનમાંથી તેમ જ સમાજ-જીવનમાંથી નેસ્તનાબૂદ કરવાની છે. આજે હિંસાનું સ્વરૂપ સામાન્ય રહ્યું નથી, તેમાં ગુણાત્મક પરિવર્તન આવી ગયું છે. હિંસા આજે વિનાશક જ નહીં, annihilator - માનવ અસ્તિત્વનું સમૂળગું નિકંદન કાઢી નાખનારી બની ગઈ છે. માટે આજે હવે - વિજ્ઞાન + હિંસા = સર્વનાશ. વિજ્ઞાન + અહિંસા = સર્વોદય.

હિંસા આજની વ્યવસ્થામાં in-built છે. **'સર્વ'ને બદલે 'સ્વ'ની ફિલસૂફી એ પણ ભારોભાર હિંસા જ છે.** 'ગ્રેટેસ્ટ ગૂડ ઑફ ગ્રેટેસ્ટ નમ્બર' નહીં, સર્વનો ઉદય. તેને માટે 'સ્વદેશી'ના પાયા ઉપર 'ઓસીએનિક સર્કલ'ના સ્વરૂપની નવરચના કરવી પડશે. સ્વદેશી આત્મૌપમ્ય વૃત્તિનો જ પહેલો પાઠ છે.

રાજાશાહી છોડીને આપણે લોકશાહી અપનાવી છે. માટે ખરા અર્થમાં લોકોનું રાજ સ્થાપવા મથવાનું છે. સાચી લોકશાહી ગ્રામસ્વરાજના પાયા ઉપર જ રચી શકાશે. તે માટે ગ્રામસંસ્કૃતિનું નવસંસ્કરણ કરવું પડશે.

સમાજ-પરિવર્તનના સંદર્ભમાં કેળવણીનું બહુ જ મહત્ત્વનું સ્થાન છે. કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન જ નહીં. માત્ર અક્ષરજ્ઞાન મેળવીને આપણે માણસ નથી બનતા, આપણું કર્તવ્ય નથી જાણતા. એટલે નીતિની કેળવણી મુખ્ય છે. તેની ઉપર જે ચણતર કરીશું, તે નભી શકશે.

– 'હિંદ સ્વરાજ'ની મૂળ વાત નખદર્પણમાં આટલી છે. સ્થળ-કાળને વળોટી જતું આ નિર્મળ, નિરામય દર્શન છે. આની સાથોસાથ એક અહિંસક માનવીય સમાજરચના માટે સ્વસ્થ, પરિપક્વ કેટલાંક સાંસ્કૃતિક તત્ત્વોની થોડીક છણાવટ પણ એમણે કરી આપી :

ગાંધીએ કહ્યું કે માણસની વૃત્તિઓ ચંચળ છે. તેનું મન ફાંફાં માર્યા કરે છે. તેના શરીરને જેમ વધારે આપીએ તેમ વધારે માગે છે. જો કે વધારે લઈને પણ તે સુખી નથી થતું. તેથી ભોગની મર્યાદા માનવી જ રહી. શરીરસુખમાં જ સાર્થક્ય માનવું એ નાદાનિયતની, અપરિપક્વતની નિશાની છે. માણસ જેવો માણસ તેમાં જ ડૂબકાં ખાતો રહેવાને બદલે અન્ય ઉચ્ચ કક્ષાના પુરુષાર્થો કરશે અને પોતાનો માનવીય વિકાસ સાધશે.

ગાંધીએ કહ્યું કે માનવીય સમાજરચનામાં ગળાકાપ હરીફાઈને સ્થાન ન જ હોય. સ્વસ્થ અને પરિપક્વ સમાજમાં સહુ પોતપોતાનું કર્તવ્ય બજાવતું હોય અને સમુચિત વળતર મેળવતું હોય. લોકોને લૂંટવાના ધંધા ન હોય. એવા ધંધાને પ્રોત્સાહન ન અપાય.

ગાંધીએ કહ્યું કે આવો સમાજ યંત્રોની ઘેલછામાં ન પડી જાય. તેમાં પરિશ્રમનુંયે યથાયોગ્ય સ્થાન હોય. યંત્ર માણસની કાંધ ઉપર ન ચઢી જાય, માણસ યંત્રને વિવેકપૂર્વક માનવજાતિના કલ્યાણ માટે પ્રયોજે.

ગાંધીએ કહ્યું કે વિજ્ઞાન અને ટેકનોલોજી વચ્ચે ફરક છે. વિજ્ઞાન યુનિવર્સલ છે, ટેકનોલોજી લોકલ છે. એટલે સ્થળ, કાળ અને સમાજની તાત્કાલિક જરૂરિયાત મુજબ હ્યુમન એન્ડ એપ્રોપ્રિયેટ ટેકનોલોજી અપનાવવાની છે.

ગાંધીએ કહ્યું કે પૈસાને પરમેશ્વર માનવો એ હીન પામર મનોદશા છે. નીતિમત્તા વિના મેળવેલો પૈસો સત્યાનાશ વાળશે.

ગાંધીએ કહ્યું કે ઈશ્વર એક ચેતનમય શક્તિ છે, જીવ પણ એ શક્તિનો જ બનેલો છે. આપણે તેની અવગણના કરીશું, એ મહાન શક્તિનો ઇન્કાર કરીશું, તો તે અખૂટ ને અતૂટ શક્તિથી વંચિત રહી જઈશું, અને તેટલા અપંગ બનીશું. માનવતાવાદી દૃષ્ટિ જરૂરી છે, પણ તે ઈશ્વરની ગરજ નહીં સારી શકે. આમાં પર્સનલ ગૉડનો કોઈ સવાલ નથી, આ સૃષ્ટિની ચાલક કોઈક પરમ શક્તિનો સવાલ છે. ઉત્ક્રાંતિના ક્રમમાં consciousness - આત્મ - સભાનતા અને પ્રબુદ્ધ ચૈતન્યના સ્તરે પહોંચેલો માનવી આ સૃષ્ટિના સર્જનનો તેમ જ તેના સર્જનહારનો તાગ લેવા નહીં મથે, તો બીજું કોણ મથશે? માણસની અસલ માણસાઈજ તો આમાં છે.

– નૂતન માનવીય અહિંસક સમાજ રચનાનાં આવાં કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોની ને મૂલ્યોની થોડીક છણાવટ પણ ગાંધીએ 'હિંદ સ્વરાજ'માં કરી આપી છે.

અને ગાંધીએ કહ્યું કે મારા હિંદુસ્તાનનું સ્વરાજ આવા દર્શન ઉપર તેમ જ આવા સિદ્ધાંતોને મૂલ્યો ઉપર આધારિત હોય તથા આવું સ્વરાજ લાવવા ખાતર મારો આ દેહ અર્પણ છે.

આ 'હિંદ સ્વરાજ', હિંદનું સ્વરાજ, અને વ્યાપક અર્થમાં લઈએ તો આખીયે માનવજાતિ

# ત્રણેય પ્રકારના સંબંધો સાચવવાની ચાવી 'હિંદ સ્વરાજ'ની અંદર છે

• **સુદર્શન આયંગર**

સૌને ફરી વાર વંદન. રોહિતભાઈ, ઉષાબહેન, આશાબહેન અને ભાઈ પંચમ, મારે તો જરા ખતરો છે, બધાને વડીલો કહેવામાં. કારણ કે મારા ધોળા થઈ ગયા છે, એટલે વડીલો અને મિત્રો કહી દઉં. એટલે બધા આવી જાય. આમ મારી ઈચ્છા મિત્રોમાં જ ખપવાની છે, હોં. તમારા જેવા. એટલે 'સંકેલો' છે કે પછી ગઈકાલે લક્ષ્મીએ કીધું કે નવું 'પાથરાણું' છે, એ ખબર નથી. પણ પથરાશે કંઈ એ ચોક્કસ.

આ સાચી વાત છે, જે કંઈ ષડયંત્ર રચાયું છે, આ કાર્યક્રમ યોજવાનું, તેની જવાબદારી હું લઈ લઉં છું. કારણ કે મને થયું કે આ 'હિંદ સ્વરાજ' બળની ચર્ચા થવી જોઈએ કારણ કે આ ભૂલાઈ તો નહિ જાય કે કારણ કે ગાંધીએ કહ્યું કે હું કબરમાંથી બોલીશ એટલે એ કબરમાંથી તો બોલવાનો છે, આપણા થકી નહિ તો બીજા કોઈની થકી બોલશે નહિ. બીજી ભાષાએ બોલે. કદાચ પણ બોલશે પણ છતાંયે આપણી ફરજ છે અને એટલે આપણે એની ચર્ચા કરવી જોઈએ અને ફરજ છે અને સમયની જરૂરિયાત છે.

'સંકેલો'નો આખા દિવસનો કાર્યક્રમ જે જોયો એમાં સવારનો ભાગ છે તે બહુ મજાનો હતો અને મેં જોયું કે મોહનની છાંટ ક્યાંક ક્યાંક દેખાઈ. એટલે હું તો પેલા 1893ના મોહનને ગોતતો 'તો કે ભાઈ કોઈ છે. … હેં એટલે એમાં છે એવા મોહનને આવતા જ રહેવાના છે. એટલે હું તો છે ને મને આ છોકરા સાથે બહુ વાત કરું. ને હું યુનિવર્સિટીનો માસ્તર છું એટલે મારે વિદ્યાર્થીઓ સાથે વાત કરવાની. એટલે મને આ ગાંધીની ઓળખાણ કરાવવાની અઘરી પડે, બાકી આમ તો મારા અંગત જીવનની અંદર એ જે અમારે ખેડામાં તમે વાપરો છે એવો શબ્દ 'ડોહો' મને બહુ ગમે. અને ડોહો મારો તંત મુક્તો નથી એવો ડોહો છે. પણ છતાં હું છોકરાઓ જોડે જે દી વાત કરું તે દિવસે હું એમ જ કહું કે આ મોહનિયો આપણો કેવો હતો, એ પકડો. એનું કારણ છે આજે 'અમરધામ અભિમુખતા'ની જે વાત આખી મંડાણી ને એમાં આપણે નવાઈ ન પામીએ. પણ મોહન પોતે પણ આ 'અમરધામ અભિમુખે' જ આવી ચડેલો. એ જરા ય જુદો નહિ. સમજવાનું છે હું આથી થોડી થોડી વાત 'હિંદ સ્વરાજ' પર લાવી દઈશ તમને એટલા માટે કે આ બધું વાતાવરણ અહીંયા જે છે ને એ મોહન આવા અમરધામને અભિમુખે આવેલો તે એની શરૂઆત છે. એ તો માવજી દવેએ જ્યારે ઘરે જઈને વાત કરેલી; પૂછેલું? મોહન, કેમ લાગે છે તને શામળદાસ કૉલેજની અંદર હમણાં ? શામળદાસ કોલેજને 125 વર્ષ પૂરાં થયાં ત્યારે એ લોકોએ મને બોલાવેલો અને એ પ્રસંગ મેં ત્યારે કહ્યો હતો.



**સુદર્શન આયંગર**

મેં કહ્યું કે આ કોલેજ તમે જે માનસન્માન લો છો એ જ સારું છે, પણ મારે તમને જણાવવું જોઈએ કે પહેલી ટર્મ પૂરી થઈ. મોહન ઘરે પહોંચ્યો અને એને માવજી દવેએ પૂછ્યું કે કેમ લાગે છે, મોહન તને ? તો કહે કે જરા ય ફાવતું નથી English medium છે. એટલે ભાઈ ને પછી મૂંઝાણો, કે આ B.A. મારાથી થવાશે નહિ. એટલે પછી માવજી દવેએ કહ્યું કે આ B.A. કરાવીને એને શું કરવાનો છે ? તમને અને આપણા ઘર ઉપર આટલું મોટું કરજ છે; કેવી રીતે આ બધું ફીટશે ? એમ કરો, આ મોહનને બૅરિસ્ટર બનાવવા માટે તમે મોકલી આપો ઈંગ્લૅન્ડ. બૅરિસ્ટર થશે. દીવાનનું કુટુંબ છે ખાનદાન છે બૅરિસ્ટર થઈને આવશે પૈસાબૈસા કમાશે. પછી, એમ મોહન પાછો કહે છે કે હું બારણાંની પાછળ ઊભો સાંભળતો હતો અને મને બહુ જ ગમ્યું. એને એટલું જ ગમ્યું. અત્યારે જે આપણા છોકરાઓને એમ જ થાય. એજન્ટની વાટે કે પછી ફાઈલ કે કેનેડાની કે ઑસ્ટ્રેલિયાની જતી હોય તે જેટલું ગમે ને એટલું મોહનને ગમ્યું હતું. એને એમ થયું કે હા આ ઠીક. આ શામળદાસ કૉલેજની English mediumથી મારો પીછો છૂટશે. પછી તો જેવું જવાય એવું જઈશું અને પડ્યા તેવા દેવાશે. કશી જ કલ્પના મોહનને નહીં.

આ મોહનને એક વસ્તુ પાકી થઈ. પૂતળીબહેનને ચિંતા. આ મોહનિયો આપણો જશે. સાત સમંદર પાર જવાનો અને ત્યાં તો અમે એવું એવું સાંભળ્યું છે. શું સાંભળ્યું છે? કે ત્યાં તો બધાં માંસ-મચ્છી ખાય, દારૂ પીવે, સ્ત્રીઓ તો જઈને ડાન્સ કરતી હોય અને એની પાછળ છોકરાઓ આપણા ચક્કર ફરી જાય. એટલે માને તો ચિંતા થાય સ્વાભાવિક છે. એટલે દીકરાને તો ન જવા દે. એ કહે કે ના મારો મોહન તો કંઈ આમાં જાય નહિ. અને પાછો પરણીને બેઠેલો, કસ્તૂરબા ઘરે. એટલે ચિંતા ઘણી હતી. પણ મોહનને જવાની એટલી બધી તાલાવેલી અને દૃઢ મક્કમતા કે માને મનાવવાનું કામ અને માએ કઈ રીતે માન્યું? મા એ કીધું કે તું આપણા પંડિત પેલા મહારાજને બોલાવી લાવ. અને મહારાજ પાસે, એની દેખતા, સામે ત્રણ સંકલ્પો લેવડાવ્યા : દારૂ પીવું નહિ, માંસ-મચ્છી અડકવું નહિ અને પરસ્ત્રીગમન કરવું નહિ. 18-19 વર્ષનો મુગ્ધાવસ્થાનો. … ફારૂકભાઈ ! એમાં લાલ પાસપોર્ટ નહોતો, એટલું જુદું.

પણ મુગ્ધાવસ્થામાં એ મોહન ખરો. શીપમાં બેઠો એટલે એક વડીલ, થોડા ધોળા થયા હશે થોડા અનુભવી માણસ હશે, જે અનુભવ તમે અહીં મેળવવા માંગો છો ને, પંચમભાઈ ! … એવા અનુભવીઓ પાછા ગાંધીને ચીતરવાનું શું? અલ્યા સમજ્યા યાર આવી બધી કસમો તો દરેક ખાઈએ. તોડી કાઢને હવે પાછો આવી માને કહેજે કે મેં આવું કંઈ કર્યું નથી. આવું કેટલું સહજ છે, આપણા સમાજની અંદર આપણા જુવાનો માટે? અને કેટલું આપણે નવી પેઢીને આ કહેવા માંગીએ છીએ કે અલ્યા, મોહન પાસેથી કંઈ જો શીખવાનું હોય તો

---

માટેનું સ્વરાજ, આવું વિશેષ સ્વરાજ. વ્યાપક અર્થમાં 'હિંદ' નામ ન રહેતાં વિશેષણ બની જાય છે. 'સ્વરાજ'નો સામાન્ય અર્થ કરતાં વિશેષ અર્થ સૂચવવા તેની આગળ 'હિંદ' વિશેષણ લગાડ્યું - એટલે કે હિંદ માટે જેવું સ્વરાજ ઝંખ્યું છે, તેવું સ્વરાજ.

આજે માનવજાત એક નવા રેનેસાંને ઉંબરે ઊભી છે. તે રેનેસાં ન પશ્ચિમનો હશે, ન પૂર્વનો. તે એક જાગતિક રેનેસાં હશે. એવા અભિનવ માનવીય રેનેસાં માટેના બુનિયાદી માર્ગદર્શક સિદ્ધાંતો 'હિંદ સ્વરાજ'માં મળે છે. સુપ્રસિદ્ધ જર્મન અણુ-વિજ્ઞાની હાઈજનબર્ગે કહ્યું છે : 'In the west we have built a big and beautiful ship. It has all the possible comforts, yet something is missing. It has no compass and does not know where it is heading. Man like Gandhi has found it. Why cannot we install this compass in our ship?'

આજે જગતમાં એક બિરાદરી પાંગરી રહી છે, જે માને છે કે આજે છે તેનાથી ભિન્ન દુનિયા સંભવ છે – 'અનધર વર્લ્ડ ઈઝ પોસિબલ'. તે દિશામાં 'હિંદ સ્વરાજ'માં નિરુપિત જીવન-સિદ્ધાંતો માર્ગદર્શન કરાવી શકે છે.

**(મુદ્રણ સહયોગ : શ્રુતિબહેન અમીન, ગુજરાતી લેક્સિકૉન / ઈન્ફિનિયન ઈન્ફોટેક પ્રાઈવેટ લિ.)**

[Sarvodaya Parivar Trust, Post at PINDVAL - 396 050, Taluka - Dharampur Pindval, Dharampur, District Valsad, Gujarat, India]

ટાઢમાં થથર્યો હશે અને અહીંયા તે ઘડીએ 50-60 પાઉન્ડવાળી વ્યવસ્થા હતી કે નહિ, ખબર નહિ, પણ કો'ક પેઇંગ ગેસ્ટ તો એને ય મળેલો અને એ પેઇંગ ગેસ્ટમાં English etiquette mannersની અંદર લોભ છે તે એક-બે લેવાય નહિ.

અને 19 વર્ષનો આ મોહન ભૂખ્યો. આ લંડનની સ્ટ્રીટમાં રખડતા રખડતા જે દિવસે એણે પહેલું ખાવાનું વેજીટેરિયન રેસ્ટોરન્ટ ભાળેલું, અને જેમાં એ એક શિલિંગ ખર્ચીને પુસ્તક લઈને બેઠો અને જે વેજીટેરિયન ભોજન પેટભર કરીને એણે ખાધું, એ વાક્યો જરા 'સત્યના પ્રયોગો'માં બધા ફરી વાંચી તો જુઓ કે એ આત્મા, એ ભૂખી આત્માને કેવી શાંતિ મળેલી? એ જુઓ તો ખરા, પણ એની સાથે તમે એ તો વિચારો કેવા મક્કમ મનનો સંકલ્પવાળો એ યુવાન કે આટલો બધો હેરાન થવા છતાં એને કોઈ દિવસ એવો વિચાર ન આવ્યો કે આ માંસ મચ્છી તો ખવાય અને આપણે તો વિચારીએ કે આ Mcdonalds પછી બીજો કોનો નંબર છે? કરતાં જ હોઈએ છીએ. અને એવું કહેવાય અને એવું તો કહેવું પડે, અલ્યા, બે પેક તો લેવા જ પડે. હવે સમજ્યા, ઘરે જઈને નહીં કહેવાનું. અને પ્રશ્ચાત્તાપ ક્યાં નથી ? પ્રાયશ્ચિત કરી કાઢવાનું. ગંગામાં નાહ્યા એટલે બધું સાફ.

પણ મોહન આવું કશું જ કરતો નથી. મોહનની પાસે જો સામાન્ય એવરેજ IQવાળો છોકરો, પણ આ સંકલ્પ તેની પાસે ના હોય તો મોહન શું કરે છે ? માત્ર એ સંકલ્પના આધારે એ આગળ વધતો જાય છે. અને એમ નથી કે એને આ જે અમરધામની વસ્તુઓ છે એને અસર નથી કરતી. એ નથી, શું છે આ અમરધામની વસ્તુઓ ? એને એમ થાય છે કે I should be a good public speaker because that is the fashion એટલે એ tutorને રાખે છે અને પાછા કહે કે આ તું કપડાં જે સીવડાવી લાવેલો છે તે આ fashionમાં ચાલે એવા નથી. નવાં કપડાં કરાવ્યાં. પાછા મોટાભાઈને કાગળ લખ્યો કે પેલી આપણી સોનાની ચેનવાળી ઘડિયાળ જરા એક મોકલી આપજો ને આવી ટાપટીપ કરીને મોહન આત્મકથામાં નોંધે છે કે 20 મિનિટ અરીસાની સામે ઊભો રહીને હું વાળ સેટ કરતો હતો. કે કેમ મારે સારા દેખાવું?

આ 'અમરધામના અભિમુખે', મોહન આટલા સંકલ્પવાળો, પણ છેલ્લે તો ભરાયો અને ભરાઈને પછી પેલી કોઈ સામે નીકળી જે આપણા ફારૂકભાઈએ કીધું, what is the strength of this society openness to criticize? એટલે પેલી બહેને કીધું કે અલ્યા, તું સમજે છે, મોહન? This is not for you. You have not come here to do this. તું તો અહીંયા ભણીને પાછો દેશમાં જવા ને તારે પરિવાર સાચવવા માટે આવ્યો છે. અને મોહનને થાય છે, અલ્યા ! મારા રામે મને ફરી બચાવ્યો. અને એ મોહન પાછો એમાંથી નીકળે છે અને એ મોહન છેલ્લે પોતડી પહેરે છે. આ છે તે એની મહાત્મા તરફ જવાની ગતિ. એ કોઈ મોહન ઊતરેલો મહાત્મા નથી. મોહન છે તે સામાન્ય, આપણા જેવો માણસ. એ દિશામાં પ્રયાસ કરતાં કરતાં આ સત્યની વાંહે જનારો. એવો, અને સંકલ્પ સાથે જીવનારો મોહન છે.




એ મોહન 40 વર્ષની ઉંમરે જે દિવસે જુલાઈની 7મી તારીખે અહીંયા લંગર નાંખે છે શીપમાં, ત્યારે તેને સમાચાર વાંચવા મળે છે કે મદનલાલ ધીંગરા નામનો 18 વર્ષનો, બીજો યુવક છે 21 વર્ષનો. જેણે અંગ્રેજને ગોળીથી ઠાર માર્યો છે. એની એને ચિંતા નથી; એને ચિંતા એ થઈ કે એને ચઢાવનાર વિનાયક દામોદર સાવરકાર, શ્યામજી કૃષ્ણવર્મા, જે પોતે આવી ચઢામણી કર્યા પછી ભાગી ગયા. એમાં એટલી હિંમત નથી કે અહીંયા જે છે તે રહીને તે પકડાયા હોત. એક ફ્રાંસ ભાગી ગયો અને બીજો underground થઈ ગયો. અને મોહન આ જુએ છે. મોહનદાસ, બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી witnesses this. એણે જોયું કે આ શું થઈ રહ્યું છે. What are these people doing ? આ ક્રાંતિકારી માણસોને આટલો ભય છે?

અને એ મદનલાલ ધીંગરા, એ નવયુવાન થનગનતો હતો દેશ માટે, મર્યો છે દેશ માટે. એણે આ કર્યું છે; પણ એની એટલી કોઈને મારી નાંખવાની હિંમત નથી? … તે દિવસે રાતથી એ માણસે દારૂ ઢીંચેલો છે અને બિલકુલ અભાન અવસ્થાની અંદર એણે ગોળીઓ મારી છે. ગાંધી બિચારો કંપી જાય છે કે આવા યુવાનને આવા રસ્તે ચઢાવનારા કોઈ છે. ગાંધી અમસ્તો અહિંસાના માર્ગે જનારો માણસ નથી. એણે જોયું કે સામાન્ય માણસનું હૃદય છે જે એવું સંવેદનશીલ છે કે એણે તો બંદૂક પકડીને દેશ માટે કોઈને મારવું હોય તો ય દારૂ પીવો પડે છે. આવા માણસોને કોણ હિંસાના રવાડે ચઢાવવા માંગે છે ?

ત્યાંથી એના મનમાં અજંપો ઊભો થયો છે તેથી એ પેલા 'કિલ્ડોમન કાસલ'ની અંદર બેસીને ઉપાબહેને કીધું એમ જમણા હાથે તો જમણા હાથે અને ડાબા હાથે તો ડાબા હાથે લખે છે કે મારે કંઈક કહેવું છે. દુનિયાને આખી દુનિયાને કંઈક કહેવું છે. એ તમને આજે મેં કીધું છે એ તમે લઈ જાઓ અને વાંચો. ફરી વાંચો. અને સો વરસ પહેલાં નથી માન્યા આપણે. સો વરસ પહેલાં આ માણસે જે આપણને કીધું છે આપણે એની વાત નથી માન્યા. ધરાર નથી માન્યા. માત્ર આ દિશાએ, આ સમાજે જ નહીં, મેં અને તમે ય પણ નથી માન્યા. એટલે માટે આપણે હજી પણ આ 100 વરસ પછી આ વિષય રાખવો પડે? કે 'અમરધામના અભિમુખે' આપણે છીએ કે નહિ? શેનું અમરધામ છે આ? કશું ય અમરધામ નથી. સમજી લો, આ અમરધામ દુનિયામાં ક્યાં ય નથી. આ માણસ તમને 100 વરસ પહેલાં કહેવા ઊઠેલો કે આપણે we have ignored him. કેમ ? આ શું છે આ ત્રીજો વિકલ્પ? તો બીજા બે વિકલ્પ શું છે? એક વિકલ્પ તો આપણે જોઈ લીધો - રશિયા ખલાસ. સામ્યવાદ એ વિકલ્પ હતો? કોનો? મૂડીવાદનો. મૂડી કોઈ વાદ છે? નથી? છે ? તમે કોઈ વાંચ્યું છે મૂડીવાદ વિષે? તમે કોઈ દિવસ મૂડીવાદ વિષે ભાષણો સાંભળ્યા છે? ગાંધી વિષે અમારા જેવા આવી જાય. સામ્યવાદ વિષે લાલ વાવટાવાળા છે જ. બ્રિટિશ એરવેઝ ઝિંદાબાદ. સ્ટ્રાઇક. એના માટે આપણે જાણીએ લાલ ઝંડા ઝિંદાબાદ. સામ્યવાદ જાણીએ. સોશ્યલિઝમ જાણીએ. મૂડીવાદે કોઈ દિવસ કોઈ વાદ કર્યો છે?

મૂડીવાદ એ મનુષ્ય જાતની ફિતરત છે. સમજજો. ધ્યાન રાખજો આપણે બધાંએ એમાં માત્ર પ્રવેશીએ છીએ. મૂડીવાદમાં જીવીએ છીએ. અને જીવીને આપણે એના એડવૉકેટ થઈએ છીએ. આપણને ખબર નથી હોતી કે કયા દિવસે આપણે મૂડીવાદી થઈ ગયા છીએ અને આપણે બધાં એમાં આવીએ છીએ. કાલે, પરમ દિવસે મારા બચ્ચાંઓ અહીંયા બેઠા છે. કહે : માસા, આપણે ઑક્સફર્ડ સ્ટ્રીટમાં તો આંટો મારવો જ પડે. ચાલો જઈએ. ત્યાં એક દુકાન, બોડીલાઈન. ઘૂસ્યો. મેં કીધું, પેલાને મેં પૂછ્યું. એ બિચારો મને કહે May I help you sir? સારું છે એને મને 'સર' કીધું. એણે બાકી હું બ્રાઉન પણ અમારા મનસુખભાઈએ કીધું તેમ દુનિયા સુધરી રહી છે, plurality આવી છે. મનુષ્ય માટેની ઈજ્જત જાગી છે, એ તો આપણે શીખવું પડે હોં. ફારૂકભાઈ ! I will learn lot of things from here. હું એવું નથી કહેતો, પણ થોડું કેરિકેચરિંગ થશે. પણ મેં એને પૂછ્યું. મેં કીધું, આ દુકાનમાં તારી પાસે વસ્તુઓ કેટલી? May be more than 200. શું? shop toiletries અને

પેલું મેક-અપ. 250થી વધારે. બોડીલાઇનની અંદર માત્ર તમને શ.... આ ચામડીને સરખું કરવાની જ વસ્તુઓ છે. અલ્યા તમે તો ગોરા છો અમે કરીએ તો હજીયે સમજીએ. પણ તમારે શેની 250 વસ્તુઓની જરૂર પડે? પછી બિચારાએ મને ચોખવટ કરી all of this is not required for one human being. Choice, નહીં નહીં. Listen, he was making a very interesting point. Choice. You must have freedom of choice. Freedom of choice. શેના માટે? શેના માટે જોઈએ? આના માટે? ચોરી કરવા? મારવા? What do you read? એક પંદર વર્ષનો સ્કૂલ ગૅંગની અંદર પંદર વર્ષનો છોકરો છે તે અહીંયા મરી જાય છે. This is the news. અહીંયા છે એવું નથી હિંદુસ્તાનમાં. આવું પેલા અમારા વિપુલભાઈએ કીધું તેના જેવું. અરે ! તમારે ત્યાંથી, યાર, આવું કોઈ એક, કોઈ આવું મરી જાય, અમારે ત્યાં રોજ એવા મરે. કેટલાંનું રડીએ? આટલી અમારી સંવેદનશીલતા હશે ખરી? પણ સરવાળે આ સમાજ હોય કે તે સમાજ હોય. 15 વર્ષના છોકરાંઓ એકબીજાને મારવા માટે છે? 'હિંદ સ્વરાજ'ની અંદર ગાંધી કહે કે ભાઈ, શરીર ઉપર શેનું ધ્યાન આપો છો તમે? What is it for you, please ? આ સવાલ તો પૂછીએ આપણે કે ભાઈ શરીર ઉપર શેના માટે ધ્યાન આપવાનું છે?



B.B.C.ની એક News Reader આપણી. એણે હવે સરકાર સામે દાવો ઠોક્યો છે શેનો ? You must give me exemption in my personal income-tax for my expenditure on my dress. ભાઈ, વર્ષની અંદર આટલા પાઉન્ડ જે છે તે હું કપડાં ખરીદવા માટે ખરચું છું અને એ કપડાં ખરીદવાનું કામ મારે એટલા માટે છે કે હું News Reader છું. જે છે તે જનતાની સામે આવું છું તે હું કેવી દેખાઉં તેને મારે ધ્યાન રાખવું પડે એ public purpose છે. અરે બહેન, તું સરખી રીતે કપડાં પહેરીને બેસ ને; કોણ ના પાડે છે? જોઈશું. પછી તને એમ થોડી પૂછીશું કે તે આ કયા qualityનું પહેર્યું છે ? અને આની અંદર આમ સલવટ પડેલી છે કે નથી પડેલી એ કંઈ ચિંતાનો વિષય છે? પણ છે; અને એ દાવો કરી રહી છે. મને આશ્ચર્ય નહીં થાય કે એને expenditure categoryમાં એને deduction મળે.

એ મોહનદાસ કરમચંદ ગાંધી 100 વર્ષ પહેલાં 'હિંદ સ્વરાજ'માં આ સવાલ ઊભો કરે છે તે તમારે ગોતવાનું છે. એ ગીતા જેવું છે એ ગીતા રહસ્ય છે. બહુ નાની પુસ્તિકા છે. તમારે 50 વખત નહીં, 100 વખત વાંચવી પડશે, અને ગોતવું પડશે કે શું? એ શું કહેવા માંગે છે? અને આ કહેવા માંગે છે એ કહેતો કે 100 વર્ષ પછી આવા પ્રશ્નો આવીને ઊભા રહેવાના છે અને એવા કોઈ ઊભા થશે. આ બોડી ઉપરનું ફોકસ છે શરીર ઉપરનું ફોકસ છે. સામ્યવાદી વિકલ્પ આપણો ચાલ્યો નથી પણ મૂડીવાદી વિકલ્પને ચલાવવાની જરૂર નથી, તે ઘૂસી જાય છે. વિચાર કરો આપણે બધા ધીમે ધીમે બહુ ધીમે ધીમે સગવડ તરફ વધીએ છીએ. પહેલાં તો આપણને છે ને necessity, comfort, અને luxuryના zones એ બોર્ડર લાઇન મૂકવાની વિવેક છે? અને એ વિવેક જે દિવસે તમે ચૂકો તે દિવસે તમે મૂડીવાદી છો. એટલે આ મૂડીવાદી આપણી અંદર બેઠેલો છે. એના માટે કોઈ નેતા નથી જોઈતો. તેના માટે કોઈ ધ્વજ નથી જોઈતો. ગાંધી એક જ એવો માણસ હતો, જેને સામ્યવાદની બીક નહોતી. તેને આની બીક હતી અને એની સામે એ આપણને લાલ બત્તી ધરે છે : કે ભાઈ આમાં ગડબડ છે. એની લખવાની સ્ટાઇલ જરા રફ. રેલવે નકામી. હવે આપણે એમને કહીએ કે આ મોહનદાસને શું થયું 40 વર્ષે? એમ લખ્યું કે રેલવેની અંદર ખરાબ વિચારો અને ખરાબ માણસો વધારે અવરજવર કરશે. અલ્યા આ ભાઈ શું માનવાનું? શું કહેવાનું? પણ જરા વિચાર તો કરો એઇડ્સ ક્યાંથી આવ્યું? સ્વાઇન ફ્લુ જ્યારે થાય છે ત્યારે કેમ પ્લેનની અંદર બધાં મોઢાં બંધ કરીને ફરતા હોય છે? ગાંધી ખોટો? એ ખોટો નથી. એ પોઇંટ આઉટ કરી રહ્યો છે. એ જરા આમ આપણને લાગે કે એ જરા અનૂઓર્થોડોક્સ છે, કહેવાની અંદર. રૂડ છે. પણ એ માણસ કંઈક કોમ્યુનિકેટ કરી રહ્યો છે. ઇન્ટરનેટની અંદર આજે પણ સૌથી વધારે ઓપન થતી સાઇટ્સ છે પોર્નોગ્રાફિક સાઇટ્સ છે - whether we like it or not !

આપણે … હેં … હેં … આપણે હોય એવું બધું કંઈ ના જોઈએ. પણ આપણને ખોલીને જરા લાવને લગીર જોઈ લઈએ કે એમાં હોય છે શું? This is what is human, mental and Gandhi knows this. આપણા વિશે ગાંધી પાકું જાણે છે એટલે એ આગ્રહ કરી રહ્યો છે. ડૉક્ટરો વિષે એને શું વાંધો હતો? ડૉક્ટરો વિશે એ આટલો બધો સોફિસ્ટિકેટેડ થિયોરિટીશન નથી કે એ વાત મૂકી શકે? કે જેમ ફ્રિસોઅપ કાફ્રાની જેસથની જેમ મૂકીને સમજાવી શકે? કે What is the debate that is going on between you know the positiveness and openness, holistic approaches to scientific thinking? એ બિચારાને ના આવડે. પણ એણે આમ કીધું કે આ તમારી દાક્તરી વિદ્યા મને બહુ સમજણ પડતી નથી કારણ કે એની અંદર તમને જે છે તે ડોક્ટર શું કહે છે? તમે તમારે ચિંતા ના કરો ને ખાધે રાખો ને મુશ્કેલ થાય તો મારી પાસે આવજો. એક ઇંજેક્શન લગાડી આપીશ. એક જાહેરાત : હવે હિંદુસ્તાનમાં શું ચાલી રહી છે? એક પેલી? શું કહેવાય? પેલી કોલેસ્ટરોલ ફ્રી તેલ. હવે મને બહુ ટેકનિકલ બહુ ન આવડે. પણ જાહેરાત. એમાં પેલાએ ટેકનોલોજી હોં આપણા ટેકનોલોજીવાળા બધાં ખરાં એટલે ટેકનોલોજી હવે એવી થઈ ગઈ છે એટલે હવે તેલમાંથી સિંગતેલમાંથી આપણું પેલું જે કંઈ ફેટી એસિડ હોય તે કાઢી નાખ્યું છે. એટલે હવે નોનફેટી એસિડ. એટલે જાહેરાત પેલો શું કરે? અબ ટૂટ પડો. અલ્યા ભાઈ, જાહેરાત છે, અબ ટૂટ પડો શેની પર? બધા પૂરી, બધી વાનગીઓ શીખંડ, પૂરી ને બધું અહીંયા વાટકામાં ધરેલું ડીસમાં — અબ ટૂટ પડો. આ ગાંધીને આ વાંધો છે અને ડૉક્ટર કહે કે તમ તમારે મજા કરો ને. તૂટ પડો ને, યાર પછી કંઈ થાય તો મારી પાસે આવી જજે. Point is this તમે લોકોએ longevityની વાત કરી. સાચી વાત છે NHSને પ્રેશર કેમ છે?

NHSને પ્રેશર એટલા માટે છે કે તમારી longevityમાં, તમારી લાઇફ સ્ટાઇલની અંદર, તમે જે કંઈ અંદર નાંખ નાંખ કરો છો? એના લીધે અંદર બિચારું નથી રિસપોંડ કરતું અને એમાં બિચારો આર્યુવેદવાળો કહેતો હોય છે કે કંઈ ઋતુચર્યા જેવું કંઈ હોય છે કે આ ઋતુમાં આવું ખવાય, વિરુદ્ધ આહાર ના ખવાય. ઉપવાસ કરવા જોઈએ. આવું બધું તમને સમજાવે એટલે એને પણ શતમ શરદ જીવાડવાની વાત છે. આર્યુવેદ કંઈ એમ નથી કહેતો કે જલદી પરવારીને ઊકલી જાઓ. એ પણ કહે છે કે 100 વરસ જીવવાનું છે. પણ એ કહે છે 100 વરસ જીવવું હોય તો તમારું પોતાનું ડિસ્પ્લીન કોઈક છે કે નહીં? એલોપેથિક એવું શેનું ડિસ્પ્લીન હોય? કોઝાલિટી વળી. તમને આ થાય તો આ થાય. આમ ખાશો તો આમ થશે. આ દવા ખાશો તો આમ થશે કોઝાલિટી. It is science. It's logic. આ logic કરવું છે? ગાંધી કહે કે આ મરી જઇશું કારણ કે 60 વરસના થયા પછી, માફ કરશો હોં, આપણી પાસે spam mail જે આવે છેને હજી હમણાં મારે વિપુલભાઈ સાથે વાત થઈ. સૌથી વધારે વિયાગ્રાની જાહેરાત છે ! What are we doing ? Why do you require long life? આ બોડીનું શું કરવાનું છે? Are we aware? કે આ બોડીનું કરવાનું શું છે? અરે, તમને ખબર નથી આ

બોડીનું શું કરવાનું છે? તો why do you want to leave till 80 and 100? અને આવો serious સવાલ કોઈ ના કરી શકે? અને NHS ઉપર શું કરવા બોજો નાંખો છો?

મારી ફ્રિડમ છે અને મારો વ્યવહાર છે. એ મારો આખો વ્યવહાર મારી સાથેનો કેવો છે એ વ્યવહારમાં રસ નથી, એમાં વેસ્ટર્ન સોસાયટીને રસ નથી. It is your own problem, your own hell, આ સમજજો. જે મુદ્દો મોર્ડન સિવિલાઇઝેશનનો હતો એ મોર્ડન સિવિલાઇઝેશનનો કેન્દ્રસ્થાને ઊભો થયેલો પ્રશ્ન. Gandhi as a social scientist જ્યારે એડ્રેસ કરવા જાય છે ત્યારે કહે છે કે આમાં ફેલસી છે તમારી. શું ફેલસી છે? કે drunken driving is not allowed. તમે બધા કહો એ સાચી વાત છે. Drunken driving is not allowed. કોઈપણ કહેશે, બધા સમાજ કહેશે. તમારો સમાજ, અમારો સમાજ પણ કહેશે. બધા જ કહેશે. દારૂ પીને નહિ ચલાવવાનું, ભાઈ. એક્સિડન્ટ થાય. પણ કોઈ સમાજમાં એવો નિયમ છે જે એમ કહે કે તમે દારૂ નહીં પી શકો. તમે દારૂ નહીં પીઓ, એવો સમાજ છે ! No you can't, because મારી પાસે મારી વ્યક્તિગત સ્વતંત્રતાને તમે કશું ન જ કરી શકો. I have my liberty to choose my poison and I have my liberty to hang myself, who the hell are you ? આ આપણો એટીટ્યુડ છે. આ એટીટ્યુડનો પ્રોબ્લેમ એ છે કે આ એમ માને છે કે સિસ્ટમને કન્ટ્રોલ કરવાથી individual behaviorને પણ તમે રેગ્યુલેટ કરી શકશો અને એના અંતનું પરિણામ એ છે કે રેગ્યુલેટેડ સોશ્યલ બિહેવિયર આવશે. એવી મોટામાં મોટી ફેલસી કોઈએ એક્સપોઝ કરી હોય તો તે ગાંધી જ છે અને ગાંધી કહે છે હું મારા ઘરેથી નથી કહેતો. Beauty of Gandhi is this. મારું કશું જ મૌલિક નથી. હું તો આ સમાજમાંથી, મારા સમાજ અને સંસ્કૃતિ ને ઇતિહાસમાંથી જે શીખેલો છું તે હું તમને કહેવા આવ્યો છું. એ વાત તેણે કીધી સાદી.

એટલે એણે કીધું કે જ્યારે 'હિંદ સ્વરાજ'માં એમ કીધું કે હું આત્મબળની અને પ્રેમબળની વાત જે કહી રહ્યો છું એ હું એટલા માટે કહી રહ્યો છું. એણે ૧૭મા અધ્યાયમાં તેણે તુલસીને જે ટાંક્યો એ તુલસીને એટલા માટે એણે ટાંક્યો. એટલે એ માણસ જે કહેવા આપણને મદદ કરવા આવતો હતો એ કે પ્રેમ છે કે એ બહુ પાયાની બાબત છે અને તમે એને દેહથી જ્યારે નીકળશો અને તમે સેલ્ફલેસ એણે કીધું ને ઉષાબહેને કે શેની તમને ફ્રિડમ છે મરી ફીટવાની, મારવાની નથી. દયા ધર્મ કા મૂલ હૈ, દેહ મૂલ અભિમાન, તુલસી દયા ન છાંડીએ જબ લગી ઘટમેં પ્રાણ. એમાં મજાની શું વાત છે. 'હિંદ સ્વરાજ'માં પાપ મૂલ અભિમાન નથી. મારા કોઈ વડીલે કહ્યું હમણાં તરત આ આપણી સંસ્કૃતિ છે એક તમે દોહો બોલો એટલે આવે બહાર આવે. પાપ મૂલ અભિમાન નથી કહેતા ગાંધી. તેના બે કારણ હોઈ શકે.

એક કે ગાંધી એ તુલસીકૃત ગીતાપ્રેસ ગોરખપુરની નકલ નહીં વાંચી હોય કેમ કે તે વખતે હજુ છપાઈને ત્યાં પોરબંદર પહોંચી ના હોય. ક.બા. ગાંધી પાસે બેસીને જે કંઈ સંતો આવતાં એની સામે સામે રામાયણનો પાઠ થાય તુલસીકૃતનો, તે કાને પડેલો હોય તે એ એક બદલાવ થઈ ગયો અને પાપમૂલમાંથી દેહમૂલ થયો હોય એક એવી સંભાવના છે પણ મારું અર્થઘટન તો તેમાં જુદું જ છે. દેહમૂલ અભિમાન. ગાંધી છે તે દેહને જ કેન્દ્રમાં રાખવા માંગે છે. એટલો બધો ઓબ્સેસ છે કે ત્યારે તુલસીનું રેફર કરવા નથી ગયો. કારણ કે શિપમાં લખી રહ્યો છે એટલે મોહનદાસે તરત જે છે એ તેના મનમાં દેહમૂલ અભિમાન કે આ દેહ પર અભિમાન કરવા જેવું નથી. એવું એ દેહમૂલ અભિમાન લખી નાંખે છે, એ મુદ્દો છે. એટલે ગાંધી છે તે એમ કહેવાય છે કે તમે વ્યક્તિને કંઈ જવાબદાર ગણશો અને હવે હું તમને આ કહું છું. ગાંધી એવું કહે છે કે વ્યક્તિને કેન્દ્રમાં રાખશો અને વ્યક્તિ છે એ પોતે પોતાની જાતને અનુશાસનમાં રાખે, ડિસ્પલીન કરે તો એવી વ્યક્તિઓનો સમૂહ છે એના સોશ્યલ રેગ્યુલેશનની કોસ્ટ ઓછી થાય કે ના થાય? એના માટેનું તંત્ર ઓછું કરવું પડે કે ન કરવું પડે? આ કોઈ દિવસ માનવ સમાજે વિચાર્યું? નથી વિચાર્યું? એનું કારણ શું? એના કારણમાં ફરી એણે કહ્યું કે જેટલું વિજ્ઞાન તમે શીખ્યા જરા એક બે મિનિટ વધારે લાગે પણ ફિલોસોફિકલ બેઝિસ જોવા જેવા છે. પૂર્વ અને પશ્ચિમની બૌદ્ધિક વિચારધારાઓની અંદર પાયાની ફિલોસોફીઓ જેમ વિકસી તેમાં જ્ઞાન અને જ્ઞાનનું ધ્યેય છે. એ જ્ઞાનાના ધ્યેય વિશેની સમજમાં પાયાનો ફેર પડ્યો અને તેના લીધે પશ્ચિમી સમાજ આ દિશા તરફ ગયું અને પૂર્વી સમાજ છે એ કોઈ બીજી દિશા તરફ ગયું, તે આપણે સમજવાનું છે.

ફ્રાન્સિસ બેકન - વકીલ. ભણવામાં બહુ સારો ન હતો, પહેલાં તો એ બિચારો ફેલ્યોર હતો પણ પછી છેલ્લે એ સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો. ફ્રાન્સિસ બેકન, બટ એ ફિલોસોફર અને પોઝિટિવિસ્ટીવ સાયન્ટિફીક એનાલિસીસનો ફાધર, ફાઉન્ડીંગ ફાધર ફ્રાન્સીસ બેકન કે બધી વસ્તુઓ what is objectivity, objectivity is કે તમારે તમારાથી છૂટા થઈને something that independently by observation and experiment one that you can prove and prove the causality of it is a scientific temperament and that is what is positive science. એના મનમાં આ આપનારો જેનાથી પછી આખો એક experimental વાદ ઊભો થયો. એના મનની અંદર કુદરત પ્રત્યે, શું મનુષ્યની ખોજ શું હતી, the quest of humanity was what after all. આજે મોર્ડન સાયન્સ આવ્યું એમાં quest of humanity શું હતી, એનું જે ફાઉન્ડિંગ છે, તેમાં એ એકલો નથી. મારે કહેવું જોઈએ, તેના સિવાય ઘણા બધા ફિલોસોફર્સ છે, ઘણી બધી માનવતા છે, પણ જેની અસર જે છે તે વ્યાપ્ત છે આજે પણ વ્યાપ્ત છે એને શું કહેવાનું હતું? એ સાંભળવા જેવું છે.

Francis Bacon who was the first to formulate a clear theory of inductive procedure became extremely influential by vigourously advocating the new method. The problem was the purpose for which Bacon wanted to apply this method was not similar to the goal of science prior to him. Now I quote what he has to say, 'The terms in which Bacon abrogated his new empirical method of investigation were only not only passionate but often out right wishes nature in his view had to be bounded in her wanderings bounded in to service and made a slave she was to be put in constraint and aim of the scientist was to torture nature's secret from eye. આ ફ્રાન્સિસ બેકનનું માઈન્ડ સેટ છે. એ કુદરતની ખોજ કુદરતમાંથી મનુષ્યને શું મળી શકે તેમ એ વખતે witch huntingના cases ચાલતા હતા એટલે પેલી ડાકણ જેની પર ચડી હોય તે ડાકણને બધા ચેઇન કરીને લઈ આવે અને એને છે તે મારે અને એને ઉપરથી સાચું કઢાવવાનું હોય. એનું જે છે તેનો એ જજ હતો. એ વકીલ હતો. એ સ્ટેટનો વકીલ હતો. એની માનસિકતાની અંદર કુદરત સાથે પણ આજ વ્યવહાર કરવાનો હતો. આ પાયો ઘણો ઊંડો છે અને આ પાયામાંથી આ ઉદ્‌ભવ્યું છે. અને એમાં ઘણા બધા સુધારા થયા છે, પણ આ બધું વિજ્ઞાન છે. અને ત્યાર પછી તે ટેકનોલોજી છે એ આખી ટેક્નોલોજી શરીરની આસપાસ રહે અને શરીરને સુખ પહોંચાડે એ સિવાયની આગળની વસ્તુઓ વિચારતી નથી. કોઈ તમે પૂછો કો'કને કે અલ્યા ભાઈ, આને જીવાડીને આનું શું કરવાનું છે ? પણ એ તો એનો પ્રોબ્લેમ છે મારો થોડો છે. Society is totally irresponsible in this. આ આપણે સમજવા જેવું છે.

હવે એક છેલ્લી વાત કરીને વાત પૂરી કરું. આમ તો માસ્તર માણસ કલાક વાત કરે. નહીં કરું. પણ now I have to tell you something very important કે આજે કેમ ગાંધી ફરી જાગૃત થાય છે, for the simple reason સવારે મને લાગે છે કે ફારૂકભાઈએ કે કોઈ કીધું કે આ શું અમરધામ છે 'રોટી, કપડાં ઔર મકાન'ના પંચમભાઈએ શરૂ કર્યું પછી health અને education પર આવ્યા. રોટી, કપડાં ઔર મકાન આજે પણ રોટી, કપડાં ઔર મકાન જ છે. કોઈ ના નથી પાડતું. બધા બહુ ઇમાનદારીથી રોટી, કપડાં ઔર મકાન માટે જ આવે છે. પણ જરા વિચાર કરો કે આજની એક યુનિટ રોટી, એક યુનિટ કાપડ અને એક યુનિટ મકાન એમાં એનર્જી કેટલી વાપરો છો. હું અહીંયા આવ્યા પછી થોડો સુધર્યો છું આ બધું પહેરું છું.

બૂટ પહેરી લાવ્યો છું. ગાંધીજીએ ભલે 'હિંદ સ્વરાજ'માં લખ્યું કે તમે બૂટ પહેરી લીધા એટલે તમે સુધરી ગયા, પણ મને અહીં આવીને ખબર પડી કે બૂટ નહીં પહેરો તો તમે બગડી જશો. સુધારાનું તો જે થાય તે. માંદા પડીએ એ જુદો સવાલ છે. પણ હું આ સમજીને પણ એમ પૂછવા તો માંગુ જ છું. આ સમાજે આજે પૂછવાનું છે. I have to ask, you have to ask Gordon Brown, what did you do in Copenhagen and what are you going to do in Copenhagen. I have asked him. હું પૂછું છું એને. કે ભાઈ કોપનહેગનમાં તારે શું કરવાનું છે, એને તો બહુ સરસ કીધું છે. He sees a good bright fortune. Gordon Brown એમ કહે છે કે ભાઈ, there is at least a 30 billion pound worth low technology, low carbon emission technology openings which will generate both technology and employment, which is going to come તમારી પાસે આવશે હવે. Electionમાં manifestoની અંદર આવશે, Directly or indirectly કહેવાનો છે. પણ એને કહીએ કે ભઈલા, આ તું ટેક્નોલોજી લો કાર્બન ઇમીશનની કરવાની છે પણ લાઇફ સ્ટાઇલ લો ટેક્નોલોજીવાળી નહીં કરી શકાય? ના એ નહીં ચાલે. આખા ડેવલોપ નેશનનો આજે કોઈ પણ પ્રોબ્લેમ થયો હોય તો એવો જ છે ને. હવે અમે શું કરવા ઊંધા થઈને આ બાજુમાં આવીએ.

આને હું શું કરવા અમરધામ ગણું? તમે એ તો વિચાર કરો કે ભાઈ અહીંયા ઠંડી પડે એ હું સમજી ગયો, પણ અહીંયા તમારી મુશ્કેલી શું? કે અહીંયા બહુ ઠંડી પડે. તમારા ઘરમાં ફ્રીજ. કોઈના ઘરે ના હોય તેવું બને. કે લાવને શાકભાજી બહાર મૂકું ને તાજું રહેશે. ના અહીં ડબલ ડોર નહીં, ચાર ડોરના ફ્રિજ રાખવા પડે. કારણ કે બધું વળી એક જગ્યાએ મૂકે તો પેલું ફ્રિજરમાં નાખી દો તો જામી જાય એટલે એના માટે નાનું ટેમ્પરેચર કરવું પડે અને પછી સવારે ઉતાવળ આપણને પેલી ટ્યુબ પકડવાની ઉતાવળ હોય અને પેલું માખણ કાઢવા જાઓ તો પેલું ચોંટી ગયું હોય. એટલે લાગે નહીં. એટલે એની અંદર એક નાનું ખાનું કરીને તેમાં થર્મોસ સેટ કરવું પડે. કે ભાઈ એની consistency એવી રહે કે આપણે આમ લગાવી દઈએ. અરે ટેક્નોલોજી જ કહેવાય એને કેટલી બધી મોટી ટેક્નોલોજી. પણ એનાં કરતાં કંઈક જુદું ના વિચારાય, આ વિચારાય એટલે હું એમ નથી કહેતો કે આ બધું બેકાર છે. પણ મારે હિંદુસ્તાનમાં બેઠા બેઠા ચાર ડબલ ડોરના ફ્રિજ લઈને શું કામ છે?

હું બે ટાઇમ સાદી તાજી રસોઈ બનાવીને ના ખાઈ શકું? એટલે આપણે કંઈ વિચારવાનું બંધ કરી દીધું છે. એક રોટલી ખાવાની પાછળ એક યુનિટ ઑફ ફુડ. જવા દો ને આ બધા હવે અમારા નવા જેટલા જુવાન છોકરા બેઠા છે, તે વિચાર કરે calculate this એનર્જી ઇન્ટેન્સીટી. રોટી કપડાં મકાન. હું બીજું બધું બાજુએ મૂકી દઉં, રોટી કપડાં મકાનમાં એક યુનિટ ઓફ ફુડ રોટી કપડાં મકાનમાં કેટલી એનર્જી નાંખશો. અને their lies the problem. આ બધું વિપુલભાઈને મેં કીધું કે બધાને કહેજો, હોં. મને પહેલો પ્રશ્ન એ કર્યો કે તમે કાંત્યું છે? મેં કહ્યું, હા ... શિખ્યો છું, નવું પણ કાંતીને લાવ્યો છું . કેમ . . Renewable energy.

હવે બિચારા ગાંધીને એ વખતે ન ખબર પડી, યાર, એવું કહેવાનું. એને કીધું કે સ્વદેશી અને આપણને એમ્પ્લોયમેન્ટ મળે ને આમ મળે અને આપણું ગૌરવ થાય. બિચારો એમ કહેતો હતો પણ હું આ નવી definition આપી દઉંને હમણાં. બહુ સીધી સાદી વાત છે. This is eco friendly. Renewable energy છે. મારા દેશની અંદર ભારતને જે છે તે અમેરિકાની જોડે અત્યારે ન્યુક્લિયર એનર્જી માટે સાઇન કરવાની છે અને તેના માટે પાર્લામેન્ટની અંદર ઝઘડા કરવાના છે. We are being fools and we don't realize કે હિંદુસ્તાનની અંદર ૧૧૦ we are 1.1 billion - 1.2 billion આ 1.2 billion populationની અંદર જે છે તે આપણે આપણી દેશી ભાષામાં ૧૦૦ કરોડ ઉપર ચાલ્યા. અરે ૧૧૨ કરોડની પ્રજામાં શરમ ના આવે કે હજી સાત કરોડ મીટર ખાદી જ વપરાઈ છે. Less than 1 meter per capita. આ દેશ માત્ર એટલું જ કરે ને અમારું કે એક મીટર કાપડ એક પર કેપીટા સંકલ્પ કરે. આ મોહને કેટલા બધા સંકલ્પ અધરા અધરા કરેલા આપણે તો નાનો સંકલ્પ એ કરવાનો કે મોંઘી તો મોંઘી પણ એક મીટર ખાદી આપણે ખરીદી લઈશું તો ૧૧૨ કરોડ મીટર ખાદી પ્રોડ્યુસ કરવા માટે તો એમ્પ્લોયમેન્ટ માટે બહારથી લોકો મંગાવવા પડશે. એટલી એમ્પ્લોયમેન્ટ જનરેટ થાય અને કેવી renewable energy source જેની અંદર માણસ રોટલો ખાય અને સવારે તૈયાર. કરોને કંઈ અઘરું છે આને તમે કહો કે આ છે તે જરા સ્વર્ગની આસપાસ છે. એ શરીરની મહેનત પણ સ્વર્ગમાં આવે એટલી અપ્સરા થોડી હોય એ જે આખો મુદ્દો છે એટલે એ એના માટેની આખી sensitivity 'હિંદ સ્વરાજ'માં પડેલી છે. એટલે એ પ્રશ્ન હતો કે આ બધા sustainabilityનો આખો ઇસ્યુ શું છે.

What is after all NHSની sustainabilityનો ઇસ્યુ શું છે? NHSની sustainabilityનો ઇસ્યુ છે. બીજું શું છે. State resource are dwindling. એ ડ્વિંડલ થવાના છે. સ્ટેટ જે છે એ કોઈ irresponsible citizenની જવાબદારી કેવી રીતે લઈ શકે. બહેને એક સરસ વાત કીધી પણ એ હજી વાત છે તે તંત્રની છે તત્ત્વની નથી. અસ્માબહેને જે કીધું કે એ તંત્રનો સવાલ છે શું તંત્રનો સવાલ છે? તમારે બ્યુટી પાર્લરમાં જવું હોય તો તમે ૧૦ પાઉન્ડની ટેક્સી કરીને જાઓ અને તમારે હોસ્પિટલમાં જઉં હોય તો તમે રાહ જુઓ કે પેલો કોઈ આવે, એટલે એ તંત્રનો સવાલ છે અને તમે તંત્રને સવાલ કરી રહ્યા છો પણ તત્ત્વ શું કહે છે. તત્ત્વ એમ પણ કહે ને કે તમે તમારી લાઇફને ડિસીપ્લીન કરી જરા ? હવે આ વાત છે એ તાત્ત્વિક રીતે તમે NHS માટે જરા નવું વિચારો, શિક્ષણમાં પણ આ જ વાત છે, હવે છેલ્લો મુદ્દો શિક્ષણનો જ આવે. Finally ગાંધીજીએ શું કહ્યું કે શિક્ષણની અંદર હું પાયાના શિક્ષણની વાત કરું છું, basic education, basic education is going to train hard is going to train head and is going to train hands, its all important. હાથ, હૃદય અને મસ્તિષ્ક આ ત્રણને સાથે જ્યાં સુધી તમે વિકસાવો નહીં અને બધું તમે એમ કહો કે આ બધું જે છે તે એકલા બ્રેઇન સિવાય એજ્યુકેશનમાં કંઈક રહ્યું છે?

પહેલાં તો સ્કૂલોમાં મોરલ સાયન્સ ભણાવતા. હવે બંધ થઈ ગયું છે. કારણ કે હવે બધા મોરલ છે એ હવે individual થઈ ગયા છે કે હવે આ બધું બકવાસ છે. મનુષ્ય ફ્રી છે અને ડાહ્યો જ છે. એની બુદ્ધિ વિકસીત કરી નાખો તો બધું કરી નાખશે. It is not going to happen. I think the central point that we need to do is to understand that ગાંધીએ માત્ર આટલું કીધું કે 'હિંદ સ્વરાજ'માં કે હું જે કહી રહ્યો છું તેમાં મનુષ્ય પોતાની સાથે જો અનુશાષિત રહે, તો એનાની અંદર પ્રેમ વિકસીત થાય એમ છે અને જો પ્રેમ વિકસીત થાય તો એ પ્રેમના આધારે સમાજ જે ઊભો કરશે એ સમાજ અહિંસક તો હશે જ પણ એ સમાજ જે છે એ કુદરત સાથે પણ પ્રેમ કરનારો છે. મનુષ્યના ત્રણ પ્રશ્નો છે. મનુષ્યના પોતાની સાથેના સંબંધ, મનુષ્યના મનુષ્ય સાથેના સંબંધ અને મનુષ્યના કુદરત સાથેના સંબંધ આવું બર્ટાન્ડ રસલ કહે છે અને હવે નારાણભાઈ પણ અમારા આ વસ્તુ સાંકળે છે. એટલે એનાથી જ મારે વાત પૂરી કરવાની છે. કે 'હિંદ સ્વરાજ'ની અંદર આ સાયમલટેન્યસલી ત્રણે પ્રકારના સંબંધો કેવી રીતે સાચવી શકાય એની ચાવી છે. હું જે બધું બોલ્યો છું એમાં કશું જ નથી એટલે પાછું એમ ન કહેતા કે સુદર્શનભાઈ, તમે આવું આવું બોલ્યા. આમાં લખેલું નથી. મેં કીધું તેમ એ ગીતા રહસ્ય છે. એ વાંચ્યા પછી એમાંથી આ બધું તમે આસપાસની વસ્તુ સાથે જોડતા જશો, તો તમને તમારા કાઉન્સીલર સાથે, એમ.પી. સાથે, પાડોશી સાથે અને તમારા સ્વયં સાથે અને કુદરત સાથે કેવો વ્યવહાર કરવાનો છે, એવું કંઈક એમાંથી મળે એવું છે. એવું મને તો જડ્યું છે. તમને પણ જડશે. એટલા માટે મને થયું કે લાવોને આવી થોડી વાત આપણે ચર્ચા કરીએ.

'ગુજરાત" લિટરરી એકેડમી', "ઓપિનિયન" અને તમે સૌએ અમને જે આટલો સરસ સહકાર અને આવકાર આપ્યો છે તે માટે તમારા સૌનો ખૂબ ખૂબ આભાર.

**(મુદ્રણ સહયોગ : મૈત્રીબહેન શાહ, ગુજરાતી લેક્સિકૉન / ઇન્ફિનિયન ઇન્ફ્રોટેક પ્રાઇવેટ લિ.)**

[Vice Chancellor, Gujarat Vidyapeeth, Ashram Road, AHMEDABAD - 380 014, India]

# 'હમ તો ઈન્સાન કો દુનિયા કા ખુદા કહતે હૈં'

© વિપુલ કલ્યાણી

એક લોકવાયકા છે. ખરી કે ખોટી, કાંઈ ખબર નથી. દાયકાઓ પહેલાં રશિયામાં ઝાર નામે શહેનશાહોનું રાજ હતું. અને પાછું તે કેવું રાજ !

એક દિવસ, ઝારિનીએ સાઈબિરિયા ફરવા જવાનું મન કર્યું. ત્યાં એને ભારે મજા પડી ગઈ. ત્યાંના એક ઊતારા પડખેના ચોગાનમાં એક વગડાઉ ફૂલ હતું. બહુ જ નયનરમ્ય ફૂલ. એ ફૂલ કોઈ આંચકી ન જાય, તોડી ન જાય તે સારુ એક પહેરગીર એણે ત્યાં ખડો કરી દીધો. દિવસો વિત્યા, મહિનાઓ વિત્યા, વરસો ય ગયા, દાયકાઓ પણ. આ પહેરગીરની પ્રથા લાંબા ગાળા સુધી ચાલુ રહી !! - એ ગયો, બીજો આવ્યો, પણ સાપના લિસોટા પેઠે પહેરગીર બદલાતો ગયો, બદલાતો રહ્યો. કારણ પીગળી ગયું પણ પ્રથા ચાલુ ને ચાલુ. ઝાર ગયા. ઝારની પ્રથાની હકાલપટ્ટી થઈ. શ્રમજીવી ક્રાંતિ આવી. સામ્યવાદ ફેલાયો; એ ય ગઈ કાલના ઇતિહાસમાં લપેટાઈ ગયો; પરંતુ હવે ત્યાં, લોકશાહીવાળું ગાણું ગવાય છે.

દોસ્ત ! ... બેલાશક, આવી પ્રથામાંથી ચાલ્યો આવ્યો, પોઠમાં ત્યાંની લેખકમંડળીની એક પ્રતિનિધિસભાની કેટલીક વાતો ય હું લાવ્યો છું. અને વાત કંઈક આવી છે. યાસ્નયા પોલ્યાના ખાતે વરસોથી ચાલતાં 'ધ લેવ તોલ્સ્તોય હાઉસ - મ્યુઝિયમ'ને ઉપક્રમે ૫ - ૧૦ સપ્ટેમ્બર ૨૦૦૭ના અરસામાં બારમું આંતરરાષ્ટ્રીય લેખક મિલન યોજાવાનું હતું. અમારા રશિયાના પ્રવાસ દરમિયાન જ આવતા તે અવસરે, તેમાં ભાગ લેવાની અમારી મુરાદ હતી. અને તોલ્સ્તોય હાઉસ - મ્યુઝિયમના નિયામકે અમારી અરજીઓ મંજૂર રાખી અને અમને ય આ અવસરે અધિકૃતપણે લેખક મિલનમાં ભાગ લેવાની જોગવાઈ કરી આપેલી.

રશિયાના પાટનગર મૉસ્કોથી દક્ષિણે, ૧૯૩ કિલોમીટરને ફાસલે, ઉપા નદીને કાંઠે, સરસ મજાનું તૂલા નગર વસેલું છે. તૂલા 'ઑબ્લાસ્ત'(પ્રાંત, વિભાગ)નું વહીવટી કેન્દ્ર છે. અને તેને સાતસોઆઠસો વરસનો સજ્જડ ઇતિહાસ છે. આ તૂલા શહેરના નૈઋત્ય ખૂણે, આશરે ૧૨ કિલોમીટર દૂર, યાસ્નયા પોલ્યાના નામનું એક રમણીય ગામડું વસેલું છે. આ ગામના નામનો અર્થ 'જંગલમાં હરવા ફરવાની ચોખ્ખી ચણક ખૂલી જગા' જેવો થાય છે. તેની વસ્તી બે'ક હજાર લોકોથી વધુ નહીં હોવાનો સંભવ છે. મૉસ્કોથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર એવા આ ગામે પહોંચવા માટે બસ વાટે આશરે ચારેક કલાકનું અંતર કાપવાનું થાય છે. મહર્ષિ લિયો તોલ્સ્તોય (૧૮૨૮ - ૧૯૧૦) અહીં જન્મ્યા હતા, વસતા હતા અને છેવટે એમના દેહને ત્યાં જ ટાઢો પાડવામાં આવેલો.

તોલ્સ્તોયના અવસાન પછી, એમની આ વિશાળ જંગમ મિલકતમાં, સને ૧૯૨૧માં, એક સ્મૃતિ સંગ્રહાલયની રચના કરવામાં આવેલી. આરંભે સાક્ષર પુત્રી એલેકઝાન્ડ્રા તોલ્સ્તોયા તેની દેખભાળ રાખતી. હાલના નિયામક વ્લાદિમીર ઈલિઈચ તોલ્સ્તોય પણ સાક્ષરના એક વંશજ છે. સને ૧૯૬૨માં મૉસ્કો ખાતે જન્મેલા વ્લાદિમીર તોલ્સ્તોય વ્યસાયે પત્રકાર છે. ઑગસ્ટ ૧૯૯૪થી 'એલ. એન. તોલ્સ્તોયની જાયદાદ ખાતે યાસ્નયા પોલ્યાના સંગ્રહાલય'ના નિયામકપદે તે નિયુક્ત થયેલા છે. આ સંગ્રહાલયમાં લિયો તોલ્સ્તોય જે કંઈ પોતીકી સાધનસામગ્રીઓનો ઉપયોગ કરતાં તેને સાંચવણપૂર્વક સંગ્રહવામાં આવી છે. વળી, ત્યાં તોલ્સ્તોયે લખેલાં પુસ્તકો, એમનાં અંગે લખાયેલાં પુસ્તકો તેમ જ એમનાં સાહિત્યની થયેલી વિવેચનાઓનાં પુસ્તકો ય મૂકવામાં આવ્યાં છે. ખુદ તોલ્સ્તોયે એકઠાં કરેલાં પુસ્તકોનો જ આંકડો ૨૨ હજાર ઉપરનો છે. 'યુદ્ધ અને શાંતિ' તેમ જ 'અન્ના કરેનિના' જેવી વિશ્વવિખ્યાત નવલકથાઓ આ ખંડમાં લખાઈ હતી, તેમ કહેવાય છે.

આ સંગ્રહાલયની વિશાળ જગ્યામાં, પોતાના આવાસ ઉપરાંત પોતાના ખેતમજૂરોનાં બાળકો માટે તોલ્સ્તોયે ખુદે શરૂ કરેલી એક નિશાળ પણ છે. ચોપાસમાં એક મોટો ઉદ્યાન છે અને પડખેના ટેકરાળ વિસ્તારમાં, વનરાઈ વચ્ચે, એમની સમાધિ પણ છે. આ વિખ્યાત સાક્ષરની ભૂમિની યાત્રાએ દેશમાંથી અને પરદેશમાંથી અસંખ્ય લોકો દર વરસે આવતાં જતાં રહે છે. રૂસી પ્રજામાં આ સ્થળનું બહુ જ મોટું આકર્ષણ રહેલું છે. રશિયાના ઐતિહાસિક તથા સાંસ્કૃતિક જીવનમાં ય આ સ્થળનું બહુ મોટું મૂલ્ય છે.


લ્યુદમિલા ખોખલોવા સરીખાં વિદ્વાન મિત્ર સાથે આ યાસ્નયા પોલ્યનાવાળી આ પ્રાચીન આરક્ષિત વનરાઈ અંગે હમણાં લખાપટ્ટી કરી. એમણે સરસ મજાની વિગતો પૂરી આપી. તે લખતાં હતાં : લિયો તોલ્સ્તોયના દાદા કાઉન્ટ એન. એસ. તોલ્સ્તોયે આ જરજમીનને આજનું નામ દીધું છે. આ વનનાં કોઈ પણ વૃક્ષને કાપવાની, વળી, તેમણે મનાઈ ફરમાવેલી. તેમ છતાં, લિયો તોલસ્તોયના જમાનામાં (આશરે ૧૮૬૩ - ૧૮૬૪), એક દા, આ ઝાડી કાપવામાં આવેલી. તે પછી આજ લગી, એક પણ ઝાડ કપાયું નથી. આથી મોટાં ભાગનાં વૃક્ષોની આવરદા સો વરસથી વધુની થવા જાય છે. લેવ તોલ્સ્તોયને આ વન બહુ જ ગમતું. અને આનાં સગડ એમની દૈનંદિનીમાંથી ય સાંપડે છે. એ લખે છે : 'એક વાર સાંજે હું આ વનમાં ગયો – અને પછી ખૂબ રોયો – મારી જિંદગીમાં કેટકેટલી સારપ છે તેના ઋણભાવ અને આનંદ તેમાં ભળેલા હતા.' અને કુદરતની બલિહારી તો જુઓ, આ ઘટ્ટ વનરાઈમાંની એક કોતરની ધાર પરે જ મહાત્મા તોલ્સ્તોયનું આ સમાધિસ્થાન આવ્યું છે.



**યાસ્નયા પોલ્યાના ખાતેના વિશાળ પ્રાચીન આરક્ષિત વનની, ઘેરી અને નયનરમ્ય વનરાજી માંહે, આવેલી લેવ તોલ્સ્તોયની આ સમાધિની આ એક તસ્વીર ઈન્ટરનેટના પ્રતાપે મેળવાઈ છે. સાતે ય કોઠે ટાઢક વળે તેવી આ છબિ છે. શાતા પહોંચાડતાં આ ચિત્રનાં દર્શનને લીધે, પરિણામે, તોલ્સ્તોયનાં પુસ્તકો વિશેષ વાંચવાની સૌ કોઈને ચટપટી થાય એમ પણ બને. કેમ કે એ શું વિચારતા રહેતા હશે તેનો કોઈક સ્પષ્ટ અંદાજ આ પવિત્ર સ્થળે મળ્યા વગર રહે જ નહીં. એમના વિચારમાં આવા આવા વિષયો ય હોય : ઈશ્વર, સારું, નરસું, સમય, આત્મા અને માણસ !**

વારુ, પાંચમી સપ્ટેમ્બરની બપોરે, અમારા યજમાન અતુલ સવાણી મૉસ્કોના નિયત સ્થળે "નિરીક્ષક"તંત્રી પ્રકાશ ન. શાહને તથા મને મૂકવા આવેલા. ત્યાંથી અમે બસ વાટે યાસ્નયા પોલ્યાના જવા રવાના થવાના હતા. દૂરસુદૂરથી આવેલાં દેશપરદેશનાં બીજાં અનેક લેખકો સંગાથે હતાં. અમારી યાત્રાનો આરંભ થયો. અમારા બે સિવાય દરેકને રૂસી ભાષા આવડે તેથી સૌ કોઈ રૂસીમાં જ બોલચાલ કરતાં હતાં. સંચાલકોમાંથી એક બહેને, ઘાણું કરીને વિક્તોરિયા એલેકસેયેવાએ, અમારી બેઠક કને આવી અંગ્રેજીમાં પડપૂછ કરી


અમારે સારુ હળવાશ પેદા કરી આપી. અને આમ અમે સાંજ સુધી તૂલા થઈને યાસ્નયા પોલ્યના પહોંચ્યાં. અતિથિ નિવાસમાં અમને ઊતારો અપાયો. અમે સ્વસ્થ થયાં. સાંજે ભાગ લેનારાં લેખકો અને મિલનનાં આયોજકો સારુ તોલ્સ્તોય ઈસ્ટેટના પરિસરમાં એક સરસ આવકાર ભોજન સમારંભ યોજાયો હતો. પ્રકાશભાઈ અને હું શાકાહારી, આથી, સંચાલકોએ કાળજીપૂર્વક અમારે સારુ ખાસ શાકાહારી વાનગીઓની જોગવાઈ કરેલી. આવનજાવન સારુ અમારા સૌ માટે બસની સુપેરે વ્યવસ્થા હતી. આટલું કમ હોય તેમ, સંચાલકોએ અમારા બંને માટે અધિકૃત દુભાષિયાની પણ વ્યવસ્થા કરેલી. તૂલા યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના અધ્યાપક વિક્તર પાવલૉવિચને આ સેવાને માટે સંચાલકોએ રોકેલા.



**ઈન્ટરનેટ પરે તરતી લિયો તોલ્સ્તોયની છબિ. પ્રૌકુડિન ગ્રોસ્કીએ લીધી આ છબિ હકીકતે મહાત્મા તોલ્સ્તોયની મૂળગત એક માત્ર રંગીન છબિ છે.**

વળતે દિવસે લિયો તોલ્સ્તોયના જગપ્રસિદ્ધ આવાસ પાસેના ઉદ્યાનમાં, શંકુ આકારનાં ચીડ (પાઈન) વૃક્ષની છાયામાં, આ લેખક મિલનનો શુભ આરંભ થયો. સવારની બેઠકમાં કળાની વિભાવનાઓ અંગે વિવિધ વક્તાઓની રૂશી ભાષામાં રજૂઆતો થઈ. પ્રકાશભાઈ અને મારી વચ્ચે બેસીને વિક્તર પાવલૉવિચ બેઠકની રજૂઆતોની ફોડ પાડતા રહેતા હતા. બપોરના ભોજન પહેલાં પ્રકાશભાઈ અને મારા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી અને અમને સમૂળગા તોલ્સ્તોય નિવાસની, ફેરવીને ઝાંખી આપવામાં આવી. સંગ્રહાલયમાં લઈ જઈ કાળજીપૂર્વક સઘળું બતાવવામાં ય આવ્યું. સમારકામ ચાલુ હોઈ અમુકતમુક વિભાગો બંધ હતાં, તેમ છતાં ગાંધીના દેશમાંથી આવેલા આ બે મહેમાનોને સારુ તે ય વિભાગો ખોલી અપાયા.

બપોર પછીની બેત્રણ બેઠકોમાં ય ભાષા અને સાહિત્યના વિવિધ પાસાંઓની રજૂઆત હતી. રાત્રી ભોજન બાદ, સંગીત મઢી કેટલીક કાવ્યકૃતિઓ માણવાનો અવસર હતો. લેખક મિલનમાંનાં કેટલાંક સાથી લેખકો સાથે વિશેષ પરિચય પણ કર્યો. જગવિખ્યાત રૂસી સાહિત્યકાર એલેકસાન્દ્ર સેરગેયેવિચ પુશ્કિન (૧૭૯૯ - ૧૮૩૭) પર કામ કરનાર એક અભ્યાસુ રૂસી કવયિત્રી લારિસા પાસ્તુખ મિખાઈલોવ્ના જોડે લાંબી વાતો કરી. યુક્રેઈનના પાટનગર કીવમાં વસતી આ લેખિકાને અંગ્રેજી પર સારો કાબૂ હતો તેથી અમે સરળતાએ આદાનપ્રદાન કરી શકયાં. 'રશિયા તેમ જ લિયો તોલ્સ્તોયના યાસ્નયા પોલ્યનાનો અમારો પ્રવાસ સુખરૂપ બનો' તેવી શુભકામનાઓ જોડે યુજિન ઓનેજિનકૃત 'એ. એસ. પુશ્કિન' [ISBN 978-5-85319-124-2] પુસ્તક પણ તેમણે અમને બંનેને ભેટ આપ્યું. સન ૧૯૩૭ના અરસામાં પ્રથમ પહેલાં મૉસ્કોમાંથી પ્રકાશિત આ ૨૦૦૭ની આવૃત્તિ છે. મૂળ રૂસી પુસ્તકનું ઓલિવિયા એમ્મેટ તથા સ્વેતલાના મકોરેન્કોવાએ અંગ્રેજી ભાષાન્તર કર્યું છે. આ ચોપડીમાં પુશ્કિનની મૂળ રૂસી કાવ્યકૃતિઓ જોડે અંગ્રેજી પદ્યાનુવાદ પણ આપવામાં આવ્યો છે.



**– એક ભેરુની નજર આગળ; બીજા ભેરુની પાછળ ! – ક્યા કરે !?!**
**ઑપ્ટીના પુસ્તિન્યના પાદરમાં વિપુલ કલ્યાણી અને પ્રકાશ ન. શાહ**

## ઓ રસિયા ! આ રશિયા !!

ત્રીજે દિવસે લેખક મિલનનાં મહેમાનોને માટે પ્રવાસની જોગવાઈ કરાઈ હતી. અમને બસમાં, વહેલી સવારે, આશરે બસ્સો કિલોમીટરને અંતરે આવેલા, ઑપ્ટીના પુસ્તિન્ય નામે એક ભારે ઐતિહાસિક મઠ જોવા લઈ ગયેલાં. કાલુગા પ્રાંતમાં, કોઝેલ્સ્ક ગામની પડખે, ચીડ વૃક્ષનાં વિશાળ વન વચ્ચેની ટેકરી પરે આ સ્થળ આવેલું છે. 'રશિયન ઑર્થોડોક્સ ચર્ચ' (પારંપરિક રૂસી દેવળપ્રથા) માટે બહુ જ અગત્યનું સ્થળ મનાતા આ મઠની સ્થાપના ક્યારે થઈ હશે, તેની કોઈ ભાળ મળી શકતી નથી. બીજી પાસ, રશિયા માંહેનાં ઈસાઈ ધર્મનાં બીજાંત્રીજાં દેવળો માટે આ મઠ સદાય આદર્શ લેખાતો આવ્યો છે. 'સહજીવન' (ઑપ્ટીના પુસ્તિન્ય એટલે સહજપણે 'લિવિંગ ટુગેધર') સરીખો લોકમાન્ય રૂસી શબ્દપ્રયોગ આ સ્થળને નામરૂપે અપાયો હોવાનું સમજાય છે. ઈસ્વી સન ૧૫૦૪ની આગળપાછળના વરસોમાં, કેટલીક ઈસાઈ સાધ્વીઓને માટે એકાંતવાળો અભ્યાસ-મઠ અહીં શરૂ થયેલો. જ્યારે મઠના મોટા ભાગનાં મકાનો ૧૮મી અને ૧૯મી સદીઓમાં ઉમેરવામાં આવેલાં. 'રશિયન સ્ટેરેત્સ્ડમ'(યાન કે રૂસી ઈસાઈઓમાંની અગ્રગામી વડીલશાહી !)નું કેન્દ્ર અહીં ઊભું કરવાનો સૌ પહેલાં મનસૂબો હતો. ૧૮૨૧ના અરસામાં, આવા અગ્રગામી વડીલો માટેનો એક મઠ અહીંથી ૪૦૦ વારને અંતરે જ ઊભો કરવામાં આવેલો. અનેક નામી રૂસી આગેવાનો આ મઠની મુલાકાતે આવતા રહેતા. લિયો તોલ્સ્તોયે પણ આ મઠની મુલાકાત લીધેલી; પરંતુ, એમને આ રૂસી 'સ્ટેરેત્સ્ડમ'નો ભારે વિરોધ હતો. આ મઠના કબ્રસ્તાનમાં તોલ્સ્તોયનાં કેટલાંક પરિવારજનોને દફનાવવામાં આવેલાં છે. અહીં પડખેનાં ગામે એક બીજું દેવળ છે અને તેના પરિસરમાં તોલ્સ્તોયની એક બહેનને દફનાવવામાં આવી હતી. આ સમૂળો વિસ્તાર કુદરતી સૌન્દર્યથી ભરપૂર છે.

ચોથા દિવસથી વાતાવરણે કરવટ બદલી. વાદળિયું હવામાન; ઠંડી કહે મારું કામ; ગાજવીજ સાથે વરસાદ. પરિણામે લેખક મિલનને કૉન્ફરન્સ હૉલમાં લઈ જવાઈ. સવારની બેઠકમાં શિક્ષણમાં બાળકો સાથે નીતિબોધ તેમ જ પ્રેમનો આવિષ્કાર જેવા વિષય બાબત રજૂઆત કરવાની હતી. આ બેઠકમાં મારે ય રજૂઆત કરવાની આવી. ગાંધીયુગીય કેળવણી તેમ જ વિવિધ સંસ્થાઓની જિકર મેં કરેલી. જ્યારે થૉરો, ઈમર્સન, રસ્કિન તેમ જ તોલ્સ્તોયની અસર હેઠળ

ગાંધીની, ગાંધીવિચારની, 'પ્રેમળ જ્યોત તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ' વિષે, પ્રકાશભાઈ શાહની રજૂઆત તે પછીની બેઠકમાં હતી. આ બંને વ્યાખ્યાનો અમે અંગ્રેજીમાં આપેલાં. આ બંને ય વ્યાખ્યાનો, હવે પછી, ગુજરાતીમાં ઉતારી આ લેખમાળામાં આપવાની ધારણા રાખી છે. અલબત્ત, પ્રકાશભાઈ અહીં પણ પ્રભાવશાળી નીવડેલા. વિક્તર પાવલૉવિચે અમારાં ભાષણોનો તંતોતંત રૂસી અનુવાદ તરતોતરત કરી શ્રોતાગણને આપવાનો રાખેલો. બેઠક અધ્યક્ષની નુક્તેચીની પ્રસંશક હતી.

બપોરના ભોજન બાદ અમારી સવારી તૂલા નગરી ભણી વળી. ત્યાં આયોજકોએ એક ફોટા પ્રદર્શનમાં અમને લઈ જવાનું ગોઠવેલું. 'જીવન માણવા માટે જીવીએ' – નામે એક રૂસી ચોપડીનું આ પ્રસંગે લોકાર્પણ પણ થયું.

વળતો દિવસ એટલે રવિવાર, ૯ સપ્ટેમ્બર ૨૦૦૭નો દિવસ. મહાત્મા તોતલ્સ્તોયનો ૧૭૯મો જયંતી દિવસ. સામાન્યપણે ગ્રેગરી પંચાગ અનુસાર, ૨૮ ઑગસ્ટના એમની જન્મજયંતી આવતી હોય છે. પરંતુ રૂસી પ્રથામાં આ દિવસની ૯મી સપ્ટેમ્બરની તારીખ પડે છે. તેમનો દેહ ૭ નવેમ્બર ૧૯૧૦ના દિવસે પડયો, જે રૂસી પ્રથા અનુસાર ૨૦ નવેમ્બર બને છે.

સવારે પરવારી, અમે સૌ સરસ મજાની વનરાઈઓમાં થઈને તોલ્સ્તોયના સમાધિસ્થળે પહોંચ્યા. વરસાદ કેડો છોડતો જ નહોતો. છત્રી છતાં પલળતાં રહ્યાં. પરંતુ મહાત્મા તોલ્સ્તોયની સમાધિએ નમણ લેવાનો મનસૂબો જ હતો. તેને સારુ પણ આ પ્રવાસ હતો. અમારે માટે આ યાત્રા હતી. બપોર ટાંકણે સૌ કોઈ પેલા ઉદ્યાનમાં, ચીડ વૃક્ષની છાયામાં, એકઠાં થયાં. ગામના નગરપતિ હતા. આયોજકો ય પૂરેવચ્ચ હતાં. લેખક મિલનની મંડળી હતી. શાળાનાં વિદ્યાર્થીઓ હતાં. ગામનાં શહેરીઓ પણ હતાં. કેટકેટલાં સહેલાણીઓ પણ હતાં. મહામના લિયો તોલ્સ્તોયને અંજલિ આપવાનો તે અવસર હતો. લેખક મંડળીના પ્રતિનિધિ તરીકે મારી પસંદગી થયેલી; અને આ મુજબ મેં જાહેર અંજલિ આપી :

**દોબ્રેય ઊત્રો, મિત્રો.**

**યુનાઇટેડ કિંગ્ડમ તથા ભારતમાંનાં અમારાં ભાઈભાંડુંઓ સંગાથે, અમે ય લેવ તોલ્સ્તોયની ૧૭૯મી જયંતીએ એમને વંદન કરીએ છીએ. આ અવસરે આ અર્ઘ્ય-અંજલિ આપતાં હું ય ગૌરવ અનુભવું છું.**

**તોલ્સ્તોયે પોતાના જીવનનો છેલ્લો કાગળ, કદાચ, ગાંધીને લખ્યો હોવાનું સમજાયું છે. આ મહાત્મા ગાંધીએ, એક વખત, કહેલું : મૌત કે રોકે જિંદગી નહીં રુકતી; દ્રૃષ કે રોકે પ્યાર નહીં રુકતા.**

**ચાલો, આજની ઘડીએ, આપણા આ મશાલચીઓનાં સ્મરણમાં, આપણી જાતને, આ મારગે, ફેર જોતરી લઈએ.**

**પ્રામાણિક પ્રતિછાયાઓ મેળવવાને સારુ, જન્મ દિવસો સહજપણે સારી પળ આપે છે. આથી, ચાલો, આપણે પણ જાતની જોડે સંવાદ આદરીએ અને ખુદનાં લેખાંજોખાં માંડીએ : આપણી મહત્ત્વની પ્રાપ્તિઓ કઈ રહી છે; તેમ જ સ્વસ્થતા બક્ષતી ખામીઓ કઈ છે.**

**ગાંધીની જેમ તોલ્સ્તોય પણ અમારે મન મહાત્મા છે. એ બંને આપણા મશાલચીઓ છે. આજની ઘડીએ મહાત્મા તોલ્સ્તોયને હું વંદન કરું છું. એમની સમાધિએ મારી સ્મૃતિવંદના સમર્પિત કરું છું.**

**સન ૨૦૦૯-૧૦ના અરસામાં, આપણે સૌ, અહીં અને ચોમેર, તોલ્સ્તોય નિર્વાણ શતાબ્દીની આદરભેર ઉજવણી કરીએ એવા પ્રકાશ ન. શાહના સૂચનને હું ય ટેકો ધરું છું.**

**ઝાન વિનીમાનિયા; સ્પાસિબો.**

મોડી સાંજે ફરી વાર દાયરો તૂલા જવાનો હતો. ત્યાં લોક ડાયરો યોજાવાનો હતો અને તેની પછીતે વિદાય ભોજન સમારંભ હતો. અને આમ આ પાંચ દિવસનું લેખક મિલન અહીં આટોપાતું હતું. વળતી સવારે અમારે મૉસ્કો માટે નીકળવાનું હતું.

બાર બાર વરસથી ચાલતાં આ લેખક મિલનમાં ભારતીય ભાષાઓના જાણકાર લેખકોમાં, આ પહેલાં, દિલ્હી યુનિવર્સિટીના કોઈ એક અધ્યાપક, નામે અભય મૌર્ય, આવી આ બેઠકમાં ભાગ લેવાને આવ્યા હતા. તે પછી પ્રકાશ ન. શાહ અને હું હતા. સંચાલકો કહેતા હતા કે ભારતીય જમાતમાંથી વધારે અને વધારે એવા એવા લેખકો, કવિઓ આવે જે ભારતનો ખ્યાલ આપી શકે અને ભારતને તોલ્સ્તોયનો ખ્યાલ આપી શકે.

પોતાના તાજેતરના અમેરિકા પ્રવાસ વખતે મહેન્દ્રભાઈ મેઘાણીએ 'ધ લાસ્ટ સ્ટેશન' નામક ફિલ્મની વિગતો મોકલી આપેલી. તોલ્સ્તોયના ઉપરતળે થતા આખરી મહિનાને આવરી લેતી આ ફિલ્મ છે. ગયા ડિસેમ્બર મહિનામાં આ ફિલ્મ પ્રદર્શન માટે રજૂ થવાની હતી. શિયાળાના એ આકરા દિવસો હતા. તોલ્સ્તોયના મનમાં જે ઘમસાણ ચાલતું હતું તેનું કોઈક ચિત્ર આ બોલપટમાંથી ઊભરતું હોય, તેમ પહેલી નજરે લાગે છે.

આગામી ઑગસ્ટમાં ૨૮મી તારીખે મહાત્મા તોલ્સ્તોયનો દેહ પડયાને સો વર્ષ થશે. આપણે સૌ પણ આ અવસરે એમનું સ્મરણ કરીએ અને એમણે દીધાં સાહિત્યનાં પારાયણ પણ આદરીએ. બીજી પાસ, યાસ્નયા પોલ્યના ખાતે ૧૧ - ૧૫ ઑગસ્ટ ૨૦૧૦ના દિવસો દરમિયાન 'લિયો તોલ્સ્તોય અને વિશ્વ સાહિત્ય અંગે સાતમી પંડિત સભા' મળવાની છે.

તોલ્સ્તોયે લખ્યું હતું કે 'કિંગ્ડમ ઑફ ગૉડ ઈઝ વિધિન યુ.' વાત સાચી છે. વૈકુંઠ આપણા સૌના હૃદયમાં છે; ચાલો, એને જરીક ઢંઢોળી લઈએ.

**પાનબીડું :**

જિનકો શક હોવે વો કર લેં ખુદાઓં કી તલાશ
હમ તો ઈન્સાન કો દુનિયા કા ખુદા કહતે હૈં

**- ફિરાક ગોરખપુરી**

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

# અલવિદા, જોસેફ મેકવાન

**• પ્રકાશ ન. શાહ**



**ગુજરાતી નવલકથા સો વર્ષ પૂરાં કરવામાં હતી અને ચરોતરી ગોવર્ધનરામ ત્રિપાઠીની પરંપરામાં ચરોતરી જોસેફ મેકવાન આવી મળ્યા : વાલકેશ્વરના અધ્ધર સધ્ધર લોક, સુંદરગિરિની ઊંચાઈ અને કલ્યાણ ગ્રામના સ્વપ્ન સાથે તમાકુની ખળીઓમાં શોષાતાં જીવતરનો એ મંથન મુકાબલો હતો.. નાના પડદાની નહીં પણ પ્રત્યક્ષ જીવનની 'બિગ ફાઇટ!'**

એમનું અમૃતપર્વ ઊજવી શકીએ, રૂડી પેરે ને રંગેચંગે, તે પહેલાં જ જોસેફભાઈ ડાયરામાંથી ઊઠી ગયા. જોસેફ મેકવાન ગયાનું સાંભળ્યું અને મન પચીસેક વર્ષ પાછળ ચાલી ગયું, પહેલા પહેલા પરિચયની યાદોમાં. એ વર્ષોમાં એમણે સરસ પાત્રો કરવા માંડેલાં. એમની લાડુમાએ આ લખનાર પેઠે કેટલાનાં પોપચાં પલાળ્યાં હશે, ન જાણે. દેશ આખાએ એમને 'આંગળિયાત'ના લેખક તરીકે ઓળખ્યા, પણ એ તો પછીની વાત. ગુજરાતને એમનો હૃદ્ય પરિચય થયો તે ૧૯૮૫માં 'વ્યથાનાં વીતક' એ ચરિત્રલેખો સાથે. ત્યારે સરસ ને સચોટ કહેલું નીરવ પટેલે કે હરેક જમાનાને એનો જોસેફદાદો મળી રહો.

મધ્યમવર્ગી ગુજરાતને અજાણી એક આખી દુનિયા, કહો કે દલિતોનો દેશ, જોસેફ મેકવાને એમનાં ચરિત્રો સાથે ને વાર્તા-નવલકથાઓ સાથે ઉઘાડી આપી. ૧૯૮૫-૮૬ એટલે કે 'વ્યથાનાં વીતક' અને 'આંગળિયાત'નાં પ્રકાશન વર્ષોનું મને હંમેશ એક વાતે કૌતુક રહ્યું છે. તમે જુઓ કે ૧૯૮૭માં, એટલે કે 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ પ્રકાશિત થયાને સો વર્ષ થવામાં હતાં અને જોસેફ સહસા પ્રગટ થયા. જોસેફભાઈ કરતાં બે'ક વર્ષ પહેલાં કુંદનિકાબહેન 'સાત

પગલાં આકાશમાં' લઈને આવ્યાં. નારી ચેતના અને દલિત ચેતનાના આ પ્રસ્ફોટો, કેમ જાણે પ્રૌઢ ગુજરાતી નવલકથાની શતાબ્દીની નાંદી ઘટનાઓ ન હોય!

૧૮૫૭માં મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના પછી ગ્રેજ્યુએટોનો જે પહેલો પહેલો ફાલ આવવા લાગ્યો, એમને લાયક એવું, ભણેલ લોકની નાની દુનિયાનું પણ સામંતી માહોલમાંથી બહાર આવવા કરતું ભાવવિશ્વ ગોમાત્રિ લઈને આવ્યા હતા. વાલકેશ્વર અને સુંદરગિરિના અધ્ધર ને સધ્ધર લોકનું માણસ કલ્યાણ ગ્રામનાં સપનાં જરૂર જોતું હતું, પણ એ ભદ્ર દુનિયા હતી. ગોમાત્રિમાં નહીં એવા ધસમસતા વાર્તાવેગે મુનશી જરૂર આવ્યા પણ એ પ્રતાપી પાત્રોની રાજદુનિયા હતી. અને લોક? એને તો આપણા એકના એક પનાલાલ લઈ આવ્યા ત્યારે.

પનાલાલ ગયા ત્યારે જો સહૃદય ગુજરાતે એમ કહેવાનું થયું હોય કે એ લીલી વાડી મૂકતા ગયા છે તો એનું કારણ એ હતું કે આપણી વચ્ચે રઘુવીર, ભગવતીકુમાર વગેરે હોવા ઉપરાંત ત્યારે સવિશેષ તો જે મનેખને તમે અને હું ભદ્રલોક ઝાઝાં મુખોમુખ થયા નહોતા એને મેળવી આપનારા જોસેફ એ વર્ષોમાં તરત આવી મળ્યા.

આરંભે કહ્યું કે હર જમાનાને એનો જોસેફદાદો મળી રહો. પણ જોસેફભાઈએ 'આંગળિયાત'માં આમ તો વીતી ગયેલા જમાનાની વાત કરી છે. એમના જ શબ્દોમાં કહું તો એક આથમી ગયેલી સંસ્કતિ અને સાયાસ વિસારે પાડવામાં આવી રહેલી સામાજિકતાની એ વાત છે. અલબત્ત, એમણે ઉમેર્યું છે કે એ સમાજવ્યવસ્થાની પુનઃ પ્રતિષ્ઠાનો આ પ્રયાસ નથી, પણ એમાં રહેલ સત્ત્વશીલતાના પુરસ્કારનો ઉદ્દેશ છે.

મારો રસ ને ખેંચાણ, એમાં વીતેલા જમાના તરીકે એવાં ને એટલાં નથી જેવાં ને જેટલાં મારી સાંકડી દુનિયામાં દલિત પાત્રોના પ્રત્યક્ષ પ્રવેશ અને પરિચયનાં છે. ખરું જોતાં, ભદ્ર ગુજરાત આ એક જ વાત માટે પણ લાંબો સમય દલિત સર્જકોનું ઋણી રહેશે. ભોં અલબત્ત, જોસેફભાઈએ ભાંગી, પણ હવે તો દલપત ચૌહાણ, મોહન પરમાર અને બીજાઓ પણ આપણી વચ્ચે છે.

બકુલ ત્રિપાઠી બરાબર સાહિત્ય પરિષદની શતાબ્દીના અરસામાં જ પ્રમુખ થયા ત્યારે એ જોગાનુજોગ હોંશે હોંશે સંભારવાનું બન્યું હતું કે સો વર્ષ પહેલાં એક નડિયાદી નાગર નામે ગોવર્ધનરામ ત્રિપાઠી પહેલા પ્રમુખ બન્યા હતા, અને હવે સોમે વર્ષે બીજા નડિયાદી નાગર, નામે બકુલ ત્રિપાઠી. જોકે યુગઘટનાની રીતે વધુ સમર્પક ઉલ્લેખ કદાચ એ છે કે જે ચરોતરે ગોમાત્રિ આપ્યા, એ જ ચરોતરે જોસેફ પણ આપ્યા. જોસેફભાઈ પૂર્વે પેટલીકરે ચરોતરની ગોમાત્રિ-ઇતર સૃષ્ટિ કંઈક ખોલી હતી- અને પછી તો જોસેફભાઈ જે કોળ્યા છે... તમાકુની ખળીઓમાં શોષાતાં જીવતરની ખરખબર વગર કલ્યાણગ્રામ ખાલી ખાલી ખખડતું હોત.

રણજિતરામ ચંદ્રક, કેન્દ્રની સાહિત્ય અકાદમીનું પારિતોષિક, દર્શક સન્માન, મળી શકે એટલાં માન અને શતસહસ્ર વાચકગ્રાહકગણ એમને મળ્યા છે. પ્રસંગે શબ્દબંબોળ ને વિગત તરબોળ થઈ જતાં હોવા છતાં એ લાંબો વખત વંચાશે એમાં પણ શંકા નથી. લેન્સી લોબોએ 'ન્યૂ કવેસ્ટ'માં 'આંગળિયાત' પર સવિસ્તર સમીક્ષાલેખ કરેલો તે અહીં સાંભરે છે. એમણે લખેલું કે વણકરો ઉપરાંત હજુ તો ભંગી, શેણવા, ચમાર સૌ સાહિત્ય ચિત્રણની રાહ જુએ છે. ભાઈ, મેઘાણીએ પણ 'માણસાઈના દીવા'ને પારિતોષિક મળ્યું ત્યારે કેટલા બધા પ્રજાવર્ગોહજુ સાહિત્ય પ્રવેશની રાહ જુએ છે એની વાત કરી હતી. સતત ચાલતી પ્રક્રિયા છે આ તો. એમાં એક નાજુક નિર્ણાયક પળે જોસેફ આવ્યા અને ન્યાલ કરતા ગયા.

હવે સવા સોએ પહોંચવા કરતી ગુજરાતી નવલકથાએ તો ક્ષિતિજો ઠીક વિસ્તારી આપી છે, પણ આપણા રાજદરબારો અને સમાજવ્યાપારો કેમ પાછા પડે છે? જોસેફ ગયા અને આ સવાલ વળી સંકોરતા ગયા.

**(સદ્ભાવ : "દિવ્ય ભાસ્કર", ૩૦ માર્ચ ૨૦૧૦)**

['Prakash', Behind Navrangpura Post Office, Navrangpura, AHMEDABAD - 380 009, India

# ઢાંકપિછોડા વિના હિંમતપૂર્વક લખાયેલી આત્મકથા

**• દીપક મહેતા**

મરાઠીના જાણીતા લેખક શરણકુમાર લિંબાળેની આત્મકથા 'અક્કરમાશી'નો અનુવાદ વાંચ્યા પછી પહેલો વિચાર એ આવે કે કોઇ ગુજરાતી લેખક આવી આત્મકથા લખવાની ભાગ્યે જ હિંમત કરે. લિંબાળે દલિત લેખક છે, પણ વાત એટલી જ નથી. આપણી ભાષામાં પણ દલિત લેખકોએ આત્મકથા કે સંસ્મરણાત્મક લખાણો લખ્યાં છે. 'અક્કરમાશી' એટલે ગેરકાયદે, અનૌરસ, લગ્નબાહ્ય સંબંધથી થયેલું સંતાન. લિંબાળે પોતે આવું સંતાન છે અને બધા ક્ષોભસંકોચ, સામાજિક પ્રત્યાઘાતના વિચાર છોડીને તેમણે આ વાત નિખાલસતાથી આ આત્મકથા કહી છે, કશા ઢાંકપિછોડા વગર. હકીકતમાં 'અક્કરમાશી' એ મરાઠીમાં વપરાતી ગંદી ગાળ છે. લેખકે બેધડકપણે આત્મકથાને એ જ નામ આપ્યું છે. લેખક કહે છે: 'મારી મા મહાર તો બાપ લિંગાયત. મા ઝૂંપડામાં જીવન ગાળતી તો બાપ મેડીમાં મહાલતો. બાપ જમીનદાર, તો મા ભૂમિહીન ને હું અક્કરમાશી!' આપણા સમાજમાં દલિતોને જે આપઘાત, દારિદ્ર, વિરોધ સહન કરવા પડે છે તેની વાત તો બીજા દલિતોની આત્મકથામાં પણ હોય છે. એ વાતો પણ ક્ષુબ્ધ કહી મૂકે તેવી હોય છે. પણ અહીં તો લેખકને બે બાજુથી સતત સહન કરવું પડે છે. ઉચ્ચ ગણાતા લિંગાયત લોકો તેમને પરાયા ગણે, તો દલિતો પણ તેમને પોતીકા ન માને. બોલચાલની ભાષામાં કહેવું હોય તો તેમની સ્થિતિ 'નહીં ઘરનો, નહીં ઘાટનો' એવી. સાધારણ રીતે આવા બેવડા વિરોધ વચ્ચે માણસ ભાંગી પડે. પણ બધી મુશ્કેલીઓનો સામનો કરીને લિંબાળે ભણ્યા થોડુંઘણું નહીં એમ.એ., એલ.એલ.બી. અને પી.એચ.ડી થયા. કામની શરૂઆત દારૂની ભઠ્ઠીપર દારૂ વેચવાથી કરી. આજે મહારાષ્ટ્રની એક ઑપન યુનિવર્સિટીના રિજનલ ડાયરેકટરના પદે પહોંચ્યા છે. આ કક્ષાએ પહોંચ્યા પછી તો સાચી વાત કહેવાનું વધુ અઘરું બને. પણ પ્રતિષ્ઠા ભંગની પરવા કર્યા વગર તેમણે સાચી વાત કહી છે. નિકટનાં કુટુંબીજનોને, સગાંઓએ (વહાલા તો ખાસ હતાં જ નહીં) ગામ લોકોએ, લિંગાયત અને દલિત સમાજે વિરોધ કર્યો, જ્યારે આ આત્મકથા મરાઠી સામયિકમાં હપ્તાવાર પ્રગટ થવા લાગી. છતાં લખતા રહ્યા. પુસ્તકરૂપ પ્રગટ થયા પછી તેનો હિંદી, કન્નડ, કોંકણી, પંજાબી, તામિલ, મલયાલમ, તેલુગુ અને અંગ્રેજીમાં અનુવાદ થયો. હવે તેનો ગુજરાતી અનુવાદ મુળજીભાઇ વી. ખુમાણે આપ્યો છે.


લિંબાળેનો જન્મ ૧૯૫૬માં 'અક્કરમાશી' પ્રગટ થઇ ૧૯૮૪માં. આત્મકથા લખવા માટે ૨૮ વર્ષની ઉમ્મર નાની ન ગણાય? સાધારણ રીતે માણસ ૬૦૭૦ વટાવ્યા પછી આત્મકથા લખે. પણ ના. અહીં લેખકને પોતાના જે અનુભવોની વાત કરવી છે તે યુવાન વય સુધી પહોંચતામાં થઇ ગયેલા અનુભવો છે, કારણ એ અનુભવોનો સીધો સંબંધ લેખકના જન્મ સાથે જોડાયેલો છે. પછી તો લેખક બે પાંદડે થયા છે, સારી કારકિર્દી બનાવી છે, નામ થયું છે. પણ એ બધી વાત અહીં કરવાની નથી. અને કોને ખબર, વખત જતાં કદાચ આ અનુભવોની તીવ્રતા ઓછી પણ થઇ જાય. એટલે તેમણે આ આત્મકથા વહેલી લખી તે જ સારું. ભાષાકર્મ, રૂપનિર્મિત, સંરચના વગેરેના હઠાગ્રહીઓને આ પુસ્તક આઘાત આપે તેવું છે. અહીં ભાષા સાવ સાદીસીધી, બોલચાલની છે. એક પછી એક પ્રસંગો લેખક ઉખેળતા જાય છે. કથનને આકર્ષક બનાવવાનો પ્રયાસ ક્યાંય કરતા નથી. પણ તેમનો જે અનુભવ છે તે જ એટલો દાહક છે કે વાંચતાં વાચકનો જીવ ચચરી ઊઠે છે. જોકે અનુવાદમાં ખાડાખડિયા રહી ગયા છે. તે હજી વધુ સુઘડ બનાવી શકાયો હતો. છતાં કાળજું જરા કઠણ કરીને પણ વાંચવા જેવું પુસ્તક.

**'અક્કરમાશી' : લેખક - શરણકુમાર લિંબાળે : અનુવાદક - મૂળજીભાઇ વી. ખુમાણ : નવભારત સાહિત્ય મંદિર, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ - ૪૦૦ ૦૦૨ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૯ : ૪૫+૧૭૦ પાનાં : કિંમત - રૂ. ૧૫૦**

(સદ્ભાવ : 'વરાઇટી', "મુંબઇ સમાચાર", ૨૧.૦૩.૨૦૧૦)

# એક સાચકલા વાર્તાકારની વિદાય

**• દીપક મહેતા**



નીતર્યાં નીર જેવો ચહેરો. તળિયે રહેલી છીપમાં ચમકતાં મોતી જેવી પાણીદાર આંખો, આછા સ્મિતનું પતંગિયું લગભગ હંમેશાં ચહેરા પર ઉડતું હોય. અને જેવો ચહેરો તેવું જ નીતર્યું, સ્વચ્છ, સૌમ્ય વ્યક્તિત્વ જોતાવેંત લાગે કે આ માણસ કોઈનું બૂરું કરી તો શું, વિચારી પણ ન શકે. એમનું નામ ઘનશ્યામ દેસાઈ. થોડી પણ આગવી વાર્તાઓના લેખક, મર્મજ્ઞ સંપાદક. ૧૯૩૪ના જૂનની ચોથી તારીખે દેવગઢ બારિયામાં જન્મ. ગયે અઠવાડિયે, ૨૯મી એપ્રિલે મુંબઈમાં અવસાન. એમ.એ. સુધીનો અભ્યાસ કરેલો. અમેરિકન સરકારના માહિતી ખાતામાં કામ કરેલું. થોડા વખત ભણાવેલું પણ ખરું, પણ તેમનામાં રહેલા હીરને પ્રગટ થવાની પૂરેપૂરી તક મળી તે તો "નવનીત સમર્પણ" માસિકના સંપાદક બન્યા ત્યારે. આવેલાં લખાણોમાંથી પસંદ કરીને પ્રેસને છાપવા આપી દીધા એટલે આપણું કામ પૂરું થયું એમ કેટલાક સંપાદકો માને છે. તો સામે છેડે કેટલાક સંપાદકો પોતાના વિચાર, આદર્શ અપેક્ષા, ગમાઅણગમાનો પડછાયો એટલી હદે સામયિક પર પડવા દે કે સામયિક સંપાદકની હાથલાકડી જેવું બની રહે અને એ હાથલાકડીનો ઉપયોગ ચાલવા માટે થાય તેમ બીજાને મારવા માટે પણ થાય. પણ ઘનશ્યામભાઈએ સામયિકનું પોતીકું વ્યક્તિત્વ ખીલવ્યું. સામયિકના સંપાદન-સંચાલનમાં પોતાની જાતને પૂરેપૂરી પરોવી દીધી, પણ તેને પોતાનું ઓશિયાળું કે ઓશિંગણ ન બનાવ્યું. સામગ્રીનું સ્તર નીચું કર્યા વગર સામયિકને લોકભોગ્ય અને લોકપ્રિય કઈ રીતે કરી શકાય તેનું ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું. છેલ્લાં સત્તરેક વર્ષથી માંદગીને કારણે સંપાદક તરીકેની જવાબદારી ઉપાડી ન શક્યા ત્યારે ય પરામર્શક તરીકે તો માર્ગદર્શન કરતા રહ્યાં.

ઘનશ્યામભાઈ જાણીતા થયા વાર્તાકાર તરીકે પણ લખવાની શરૂઆત તેરચૌદ વર્ષની ઉમ્મરે કવિતાથી કરેલી. પછી મોટી ઉમ્મરે પણ સુરેશ દલાલના આગ્રહથી "કવિતા" ત્રૈમાસિક માટે ત્રણેક કાવ્યો ઘનશ્યામભાઈએ લખેલાં. મૌલિક કથામાળા અને અભિનવ કથામાળાનાં પુસ્તકોમાં સંઘરાયેલી તેમની બાળવાર્તાઓ આજનાં બાળકો હોંશે હોંશે વાંચે તેવી કૃત્રિમ કાલી-કાલી ભાષા, ઉપદેશ આપી દેવાનો અભરખો, ચવાઇને ચૂથો થઇ ગયેલી વાર્તાનું પુનરાવર્તન આ સઘાથી તેઓ સભાનતાપૂર્વક દૂર રહ્યા. એક વાચક તરીકેના બાળકના વ્યક્તિત્વનો તેમણે પૂરેપૂરો આદર જાળવ્યો.

ઘનશ્યામભાઈએ ટૂંકી વાર્તા લખવાનું શરૂ કર્યું એ સમયગાળો આપણા સાહિત્યમાં ઉથલપાથલ, આગ્રહ-હઠાગ્રહ દુરાગ્રહનો હતો. ૧૯૫૦ પહેલાં જે કાંઈ લખાયેલું તેનો નકાર એક જૂથના લેખકો જોરશોરથી કરી રહ્યા હતા. પોતાના મત સાથે સહમત ન થતો હોય તેવો કોઈ લેખક પોતાની જાતને લેખક તરીકે ઓળખાવી જ ન શકે એવી ધાક જમાવાઈ રહી હતી. ધૂમકેતુ કે રા.વિ. પાઠકની ઢબે વાર્તા લખવાનું તો ઘનશ્યામભાઈ જેવા લેખકો માટે એ વખતે લગભગ શક્ય જ નહોતું. વાર્તાકાર તરીકે ઘનશ્યામભાઈ પૂરેપૂરા પ્રયોગશીલ, પણ એમની વશેકાઈ એ કે તેઓ આ કે તે જૂથમાં ભળી ન ગયા. એમ કર્યું હોત તો જૂથે તેમને અછોવાનાં પણ કદાચ કર્યા હોત. જુદી જુદી પેઢીના જુદા જુદા જૂથના લેખકો સાથે ઘનશ્યામભાઈ મીઠા સંબંધ રાખતા પણ દબાતા કે દોરવાતા કોઈથી નહીં. ૧૯૭૭માં એમનો વાર્તાસંગ્રહ 'ટોળું' પ્રગટ થયો ત્યારે એમની ઉમ્મર ૪૩ વર્ષની પણ વાર્તાઓને પોતાના પગ પર જ ઊભી રહેવા દેવાના આગ્રહી. એટલે નથી તો પ્રસ્તાવનારૂપે પોતે એક શબ્દ પણ લખ્યો કે નથી બીજા કોઇ માંધાતા પાસે પ્રસ્તાવના લખાવી. નહીંતર ૧૯૭૦થી "સમર્પણ"ના તંત્રી તરીકે કામ કરતા માણસ માટે કોઇ મોટા માથા પાસે પ્રસ્તાવના લખાવવાનું અઘરું તો નહોતું જ.

૧૪૫ પાનાંના આ સંગ્રહમાં રોકડી વીસ વાર્તા છે, પણ દરેક વાર્તા ચાંદીના રૂપિયા જેવી ખણખણતી. બીજી સાતેક વાર્તાઓ અગ્રંથસ્થ રહેલી. થોડાં વર્ષ પહેલાં કિરીટ દૂધાત સંપાદિત પુસ્તકમાં તેમાંની કેટલીક સંઘરાઈ, 'ટોળું'માંની વાર્તાઓ ઉપરાંત છતાં ઘનશ્યામભાઈની વાર્તાઓનો કુલ આંકડો ૪૦ની ઉપર ભાગ્યે જ પહોંચે અને છતાં એમણે લખેલી વાર્તાઓ એવી તો કસદાર કે ગાંધીયુગ પછીની ટૂંકી વાર્તાના કોઈ પણ સંચયમાં એમની એકાદ વાર્તા લીધા વગર તો ચાલે જ નહીં. પણ ઘનશ્યામભાઈને હાથે આટલી ઓછી વાર્તાઓ લખાઈ એનું કારણ શું? છેલ્લાં કેટલાંક વર્ષોમાં તો કપરી માંદગી આડે આવી હોય, પણ તે પહેલાં? કારણમાં ઘનશ્યામભાઈના કેટલાક સન્નિષ્ઠાભર્યા આગ્રહો. ગમે તેવા સમર્થ કે સફળ બીજા કોઈ વાર્તાકારનું અનુકરણ તો નહીં જ, પણ પોતાની સફળ કૃતિનું પણ અનુકરણ ન જ કરવું. દરેક વાર્તા અગાઉની વાર્તાથી અલગ હોવી જ જોઇએ. પરિસ્થિતિ, પાત્રો, વિષય, વિચાર, ભાવ, ભાષા, રજૂઆત કશાનું પુનરાવર્તન નહીં એટલે નહીં જ. વળી દરેક વાર્તા પ્રયોગાત્મક હોવી જોઈએ. જિંદગી એક પ્રયોગ છે અને લેખન પણ પ્રયોગ છે. બંને પ્રયોગોનું સંયોજન થાય ત્યારે વાર્તા બને. વાર્તામાં એક પણ વસ્તુ એવી ન હોવી જોઈએ જે બીજા કોઇએ અગાઉ લખી હોય. આવા આગ્રહવાળો લેખક ઘણું બધું તો ક્યાંથી લખી શકે?

ઘનશ્યામભાઈના વાર્તાસંગ્રહનું નામ ભલે 'ટોળું' હોય એ પોતે ટોળાના માણસ નહોતા. સભા-સમ્મેલનના માણસ પણ નહોતા. થોડાક નિકટના મિત્રો સાથે હોય ત્યારે ખરેખરા ખીલે અને ખૂલે. અને ત્યારે તેમના ચહેરા પર કાયમ રમતું આછું સ્મિત ખડખડાટ હાસ્યમાં પણ બદલાઈ જાય. આ લખનારને ઘનશ્યામભાઈનો પહેલો પરિચય તેમનાં પત્ની અને જાણીતાં ભાષાશાસ્ત્રી ઊર્મિબહેનને પ્રતાપે. ઊર્મિબહેન અને આ લખનાર કોલેજમાં છ વર્ષ સાથે ભણેલાં. જાહેરમાં જ નહીં, ઘરમાં ય અત્યંત લો પ્રોફાઈલમાં રહેવાની ટેવવાળા ઘનશ્યામભાઈ. છેલ્લા દોઢેક દાયકાની લાંબી માંદગી દરમિયાન ઊર્મિબહેને તેમને બાળકની જેમ જીવ રેડીને જાળવ્યા. ઘનશ્યામભાઈના જવાથી આપણે એક સાચકલો જણ અને લેખક ગુમાવ્યો છે. એમને આપણી ભાવભરી આદરાંજલિ.

**(સદ્દભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૦૬.૦૫.૨૦૧૦)**

e.mail : deepakbmehta@gmail.com

•

# પરબીડિયાં નિમિત્તે

**• પંચમ શુક્લ**

કહે બાળકો: ' શું હોય આ પરબીડિયાં ? '
ને આપણે પણ યાદ કરવાની ઘડી આવી જતી કે:
' શું હતાં પરબીડિયાં ? '
પીળી બંડી, લીલું ખીસું, ગાંધી ટોપી
જેવો એનો વેશ દીઠાનું હતું આછું સ્મરણ!
એ જતાં ને આવતાં'તાં
લાલ કિલ્લાની વડી
કોઈ રહસ્યોની અટારીની
ખૂલી મ્હોં-ફાડથી.
એ લાલ કિલ્લાઓ હવે જર્જર દશામાં;
બારણાં બધ્ધાય જાણે ફોડીને
નાસી ગયાં પરબીડિયાં
ગુંદર લઈ ભૂતકાળનો!
ને આપણે ખાલી- અમસ્તું;
જીભ પરની લાળને
કી-બોર્ડ પર કાંતી લીધી,
હે રામ! કહીને
દોર સૂતરની
ગૂગલના ફીંડલે વીંટી લીધી.
પણ દીધો- સહુ બાળકોને,
દોર પર પરબીડિયાં બાંધી
જગત આકાશમાં
પાંખો પસારી
ઊડવાની મોજનો
ઊત્તર!
૧૯/૯/૨૦૦૯

# અંધશ્રધ્ધાના ફાયદા

• હરનિશ જાની

ભારતની ઇકોનોમી - અર્થતંત્ર, અંધશ્રધ્ધા ઉપર નિર્ભર છે. જે દિવસે લોકો શ્રધ્ધા મૂકી દેશે તે દિવસે રૂપિયાની કિંમત કાંકરા બરાબર થઈ જશે. હું કોઈ ઈકોનોમિસ્ટ નથી, કે નથી કોઈ શ્રધ્ધાળુ. એક રીતે જોઈએ તો અંધશ્રધ્ધા જેવી વસ્તુ દુનિયામાં છે જ નહીં. કોઈકને કોઈક વાતમાં વિશ્વાસ હોય, તો કહી શકાય કે એને તેમાં શ્રધ્ધા છે. તે જ વાતમાં વિશ્વાસ વિનાનો માણસ પેલી શ્રધ્ધાને અંધશ્રધ્ધા કહેશે. મતલબ કે એકની શ્રધ્ધા બીજાની અંધશ્રધ્ધા બનશે. બાકી વસ્તુ એકની એક છે. કોઈ એમ નહીં કહે કે મને ફલાણી વાતમાં અંધશ્રધ્ધા છે.

દક્ષિણ ભારતના એક મંદિરમાં થોડા પરદેશી ટુરિસ્ટ ફોટા પાડવા ધુસી ગયા. મંદિરના ટ્રસ્ટીઓએ જાહેર કર્યું કે આ તો ગજબ થઇ ગયો! આપણાં પવિત્ર મંદિરમાં આ યવનો આવ્યા અને બધું અભડાવી ગયા. તેમણે મંદિરને દૂધથી ધોવડાવ્યું. ડાહ્યા લોકોએ ઊહાપોહ કર્યો. અને એને આપણી અંધશ્રધ્ધા ગણાવી. પરંતુ ફાયદો તો જુઓ! ગામનું હજારો લિટર દૂધ વેચાયું. મંદિર કાંઈ એમને એમ નથી ધોવાતું. એને માટે વીસ પચીસ સ્વયંસેવકો રાખ્યા હશે. અને એમને ઓવર ટાઇમ આપવો પડ્યો હશે. કદાચ એ ગામના દૂધ ઉત્પાદકો પાસે સરપ્લસ દૂધ હશે. જેનો નિકાલ કરવા તેઓ આવા ટુરિસ્ટોને પકડી પણ લાવ્યા હોય. આપણે આપણાં મંદિરો પાછળ પૈસા બગાડીએ છીએ, એવા આરોપો થાય છે. તો આપણને થાય કે એ પૈસા ભગવાન થોડા વાપરે છે? એનાથી તો આપણા જ બંધુઓના ગજવાં ભરાય છે ને!

આપણને ચમત્કારમાં રસ છે. ભગવાન પાસે કાંઈક કામ કરાવવામાં રસ છે. અને જ્યાં સુધી ભગવાન આપણાં કામ કરતાં રહેશે ત્યાં સુધી આપણને ભગવાનમાં રસ રહેશે.

એક વખતે મારા બાલુકાકા રસ્તામાં મળી ગયા અને થોડી વાતો પછી મને તેમની સાથે અમારા ગામ રાજપીપળાના રાજ રાજેશ્વરના મંદિરમાં ઘસડી ગયા. તેમની જમીનોનો કેસ, મોહન નામના એક ગણોતિયા સામે ચાલતો હતો એટલે તેમણે મહાદેવને નારિયેળ અને સવા રૂપિયો ધરાવ્યા (૧૯૫૦માં મહાદેવ સવા રૂપિયામાં ખુશ થતા.) અમે મંદિરમાંથી નીકળતા હતા અને સામે મોહન મળ્યો. તે પણ મંદિરમાં જતો હતો. કાકા ભડક્યા. 'મહાદેવને મેં હમણાં જ પ્રાર્થના કરી છે કે કેસનું પરિણામ આપણી ફેવરમાં આવે. અને આ જઈને એની જીત માંગે, તો ભગવાન ગુંચવાય જાય અને એને જીતાડે તો? ચાલ પાછા જઈએ.' ખરેખર, મોહન ત્યાં ભગવાનને પ્રાર્થના કરતો હતો. કાકા સીધા, દૂર બેઠેલા દાઢીવાળા હિન્દીભાષી મહારાજ પાસે ગયા અને કહે કે 'હમ તુમકો બ્રહ્મભોજન કરાયેંગે. તુમ હમકો કેસ જીતા દો. હમારે લિયે તુમ પૂજા કરો - ' મહાદેવને સવા રૂપિયામાં પટાવ્યા અને મહારાજને સવા દસમાં ખુશ કર્યા. ભગવાન કરતાં ગુરુનું સ્થાન હમેશાં ઊંચું હોય છે. કારણ કે ગુરુ ભગવાન માટે પબ્લિક રિલેશનનું કામ કરે છે. એટલે કાકા ગુરુ પાસે સિફારસ લઇને ગયા. અને એમણે બ્રહ્મભોજનનો પણ પ્રસ્તાવ મુક્યો. મેં કાકાને કહ્યું કે 'જે સાચો હશે તે જીતશે. તમે ચિંતા ન કરો.' કાકા કહે કે 'તો તો પછી એ જ જીતી જાય. આ તો કાયદો આપણાં પક્ષમાં નથી એટલે તો ભગવાનની મદદ લેવા આવ્યા છીએ.' કેસ કોણ જીત્યું, તે ખબર નથી, પણ પેલા મહારાજની જમવાની ચિંતા, કેસ ચાલ્યો ત્યાં સુધી, બાલુકાકાની મહેરબાનીથી મટી ગઈ. અને મહારાજને તો ફાયદો જ થયો ને !

થોડા વખત પહેલાં, ભારતના રાષ્ટ્રપતિ સોમનાથ મહાદેવના મંદિરે દર્શનાર્થે ગયા હતા. તેમની અંધશ્રધ્ધા વિષે પેપરોમાં હોબાળો થયો હતો. જરા વિચારો તો ખરા - તેમની સિક્યુરિટી કાંઈ સોમનાથ મહાદેવના માથે નહોતી. પરંતુ ગુજરાતના બહાદુર પોલિસ ડિપાર્ટ્મેંટ પર હતી. જે બસો ત્રણસો પોલિસોનો ઓવર ટાઇમ પાક્યો તે ખરો ! અને રાષ્ટ્રપતિ સો માણસના રસાલા સાથે બહાર નીકળે તો એમને સૂવા માટેની પથારીઓ જોઈએ તે જોડે લઈને થોડું નીકળાય? એ તો ગામની હોટલોમાં જ રહે અને પૈસા ખર્ચે. એમને સારી સારી રેસ્ટોરાંમાં જમાડવા પડે - અને રાષ્ટ્રપતિને જોવા આવનારા હજારો લોકોએ પણ પોતાની સગવડ કરવી પડે. હવે આ બધું એમને એમ નથી થતું. એને માટે લોકો પૈસા ખર્ચે. અને આ પૈસા રાષ્ટ્રપતિના ગજવામાં નથી જતાં, આડકતરી રીતે એ ગામના લોકોને મળે છે. એ ફાયદો જ થયો ને ! રાષ્ટ્રપતિને મહાદેવની કૃપા થાય કે નહીં, પણ ગામના દુકાનવાળાઓ - હોટલવાળાઓ - રેસ્ટોરાંવાળાઓ પર તો મહાદેવની કૃપા વરસી જ ગણાય.

ધાર્મિક પ્રસંગોને કારણે ટ્રાન્સપોર્ટેશનવાળાને પણ કમાણી - ટ્રાન્સપોર્ટેશનની તો વાત જ ન કરો. ફક્ત ગુજરાતની વાત કરીએ તો જણાશે કે આપણે ત્યાંથી શ્રધ્ધાળુઓ માટે જાત જાતની ટુર ઉપડે છે. હવે આ ભક્તો શિરડી જતાં હોય, દ્વારકા જતાં હોય કે પછી અંબાજી જતાં હોય. તે મંદિરોને તો ફાયદો જ થવાનો ને ! તે ઉપરાંત યાત્રાધામોનો પણ વિકાસ થાય. હોટલો બાંધવી પડે - સસ્તી ધર્મશાળાઓ પણ બાંધવી પડે અને સાથે સાથે ટ્રાન્સપોર્ટેશનની સગવળો વધારવા રસ્તા બાંધવા પડે. પુલો બાંધવા પડે. આમ કરતાં પૈસા ખર્ચ કરવા પડે અને એ પૈસા પબ્લિક વર્કસના કામદારોને મળે.

ટેક્સ વડે રાજ્ય સરકારની આવક વધે. એ પણ ફાયદો જ થયો ને ! આ બધું પેલા યાત્રાધામને કારણે જ.

તમે એમ માનો છો કે અમદાવાદથી શિરડી સાંઈધામમાં જતી બસનો ડ્રાઇવર સાંઇ ભક્ત હશે ? એ બિચારો તો પોતાના પગારની ચિંતામાં હોય અને પાછળ બેઠેલાં ભક્તોનાં ભજનોથી વિચારતો હશે કે ક્યારે શિરડી પહોંચું અને આ લોકોથી છુટું. શિરડીમાં સાંઇ મંદિરમાં રોજના લાખ ભક્તો જમે છે. મંદિર છે તો લાખો લોકોને અન્ન મળે છે. ઘણાં તો ભોજન મળે છે એટલે પણ સાંઈ ભક્ત બન્યા હશે. અને શિરડીમાં જ રહેતા હશે. એટલે એ ગામનો પણ વિસ્તાર વધ્યો હશે. અને મંદિર જ ગામના હજારો લોકોને રોજગાર પૂરો પાડતું હશે. એ બહાને દેશમાં બેકારી તો ઓછી થઈને ! નવી ટેકનોલોજીનો વિકાસ પણ આ કહેવાતી અંધશ્રધ્ધાને કારણે જ થયો છે. શિરડીમાં દરરોજ એક લાખ લોકોનું અન્ન 'સોલાર એનર્જી' વડે રંધાય છે. થોડા વખતમાં ભારત સૂર્યના તાપનો સૌથી વધારે ઉપયોગ કરતો દેશ બનશે. આ શ્રધ્ધા કે અંધશ્રધ્ધાને કારણે જ ટેક્નોલોજીનો વિકાસ થયો ને ! સસ્તુ ભાડું અને સિધ્ધપુરની જાતરા !

અમેરિકાવાળા કહે કે અમારે ત્યાં ઓટો ઇન્ડસ્ટ્રીઝ છે. બ્રિટનવાળા કહે કે અમારે ત્યાં ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ છે. તેવી રીતે આપણે કહી શકીએ કે ભારતમાં મંદિર ઇન્ડસ્ટ્રીઝ છે. આ મંદિરો છે કારણ કે આપણને ભગવાનમાં શ્રધ્ધા છે. ભારતના લાખો મંદિરોને કારણે ટનબંધી કંકુ બનતું હશે અને એનાં કારખાનાંઓ પર હજારો કુટુંબો નભતાં હશે. - અરે ભગવાનના ભક્તો ન હોત તો કેરળનાં નારિયેળનું શું થાત ? અને પુષ્પોની વાડીઓનું શું થાત? જરા વિચાર કરો, અંબામાતા કેટલાં લોકોને પોષતાં હશે? ચાળીસ વરસ પહેલાંનું મોટા અંબાજી ક્યાં અને આજનું હોટલોના બિઝનેસથી ધમધમતું અંબાજી ક્યાં? આ કાંઈ એમને એમ ન બને ! લોકોની શ્રધ્ધાથી જ શક્ય બને. તેને ઘણાં લોકો અંધશ્રધ્ધા ગણે છે. તો એ પણ અંધશ્રધ્ધાનો ફાયદો જ થયોને!

અરે ! જરા કલ્પના તો કરો. શ્રધ્ધાળુ કે અંધશ્રધ્ધાળુ જ આપણે ત્યાં ન હોય તો મંદિર બિઝનેસના લાખો - કરોડો લોકો શું કરત? ભગવાનોની તો ચિંતા કરવાની જ નથી - આ પૂજારીઓનું શું થાત ? તેમણે પાછું ભણવું પડે અને એમ બેકારીમાં વધારો કરવાનો ? ખરેખર તો જેને ભણવાનો કંટાળો આવતો હોય છે તેને પૂજારીનો ધંધો વધારે ફાવે છે. હવે તો આનંદની વાત એ છે કે આપણે મંદિરો એક્સપોર્ટ પણ કરીએ છીએ. જેથી આપણાં ભાઈભાંડુઓની પરદેશગમનની તકો ઊભી થાય છે. એકલા અમેરિકામાં બસોત્રણસો હિંદુ મંદિરો હશે - અને આ મંદિરોના સ્પેરપાર્ટસ અને ભગવાનની મૂર્તિઓ પૂરી પાડવા માટે ભારતના શિલ્પીઓને અને ભગવાનના વાઘા બનાવવા ભરતકામના કારીગરોને, રોજગાર મળતો રહે છે. અમેરિકામાં એન્જિનિયરીંગ ડિગ્રી કરતાં 'રિલિજીયસ કેટેગરી'માં વહેલો વિઝા મળે છે. એ પણ પ્રભુની બલિહારી જ છે ને ! અમેરિકાની તો વાત જ શું કરવી? અહીંની લોકશાહી તો તદ્દન ઠેકાણાં વિનાની. અહીં મસ્જીદો પણ એટલી અને ગુરુદ્વારા પણ અમૃતસર કરતાં વધુ. અને જિસસના ભક્તોની શ્રધ્ધા એ તો જુદો વિષય બને.

# અમેરિકાનિવાસી ગુજરાતીઓ માંહે સાંસ્કૃતિક સંકટ

• તુષાર ભટ્ટ

આપણને પરિવારની ત્યારે જ કદર થાય છે, જ્યારે આપણે તેનાથી અળગાં પડી, દુનિયાના કોઈક ગાંડાં ટોળાંમાં એકલાં અટૂલાં અટવાયાં હોઈએ છીએ. વટવૃક્ષ હેઠળ, એશઆરામદાયી સુખસગવડો એક દા મળતી, તેનાથી વંચિત બનેલા ભારતના આ બિનરહેવાસીઓમાં, સામાન્યપણે, અને બિનરહેવાસી ભારતીય (નૉન-રેસિડન્ટ ઇન્ડિયન્સ) ગુજરાતીઓમાં, ખાસ કરીને, ઓળખની સંક્રમણતાના આવિર્ભાવની લાગણીઓ સતત જોવાની સાંપડે છે. સમાજ તો છેવટે પરિવારોના વિસ્તાર માત્રનો બનેલો છે ને.

---

આ અંધશ્રધ્ધાનો મોટામાં મોટો ફાયદો હિંદુ ધર્મનો પ્રચાર છે. જરા વિચારો તો ! પાંચ હજાર વરસ પછી આજે પહેલીવાર હિંદુ ધર્મ ભારતનો કિનારો છોડી, દુનિયાના ખૂણે ખાંચરે, - અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા જેવા ખંડોમાં પોતાનાં મૂળિયાં નાખી રહ્યો છે. અને તે પણ કોઈ બીજા ધર્મ ઉપર પગ મુક્યા વિના ! તે પણ લોહીનું એકે ટીપું પાડ્યા સિવાય ! એ કાંઇ નાનો સૂનો ફાયદો છે ? હિંદુ ધર્મના ઇતિહાસમાં આવી સુવર્ણ ઘડી આજ સુધી નથી આવી. આનો જશ શ્રધ્ધાળુ - અંધશ્રધ્ધાળુઓને જાય છે.

મંદિર બિઝનેસની વાત કરીએ તો એક મંદિરની સાથે હજારો ધંધા જોડાયેલા છે. મંદિર એકલું નથી હોતું - સાથે સાથે આજુબાજુની પૂજાપાની દુકાનો - રસોડાંઓ - વગેરેને પણ ગણવાનાં. અને પૂજારીઓ સમેત મંદિરના સ્ટાફને પણ એમ્પ્લોઇડ ગણવાના. અરે ! આ મંદિરોને કારણે તો બૂટ-ચંપલ સાંચવવાવાળા છોકરાઓને પણ કામ મળે છે. જેથી રસ્તાઓ ઉપર રખડતા છોકરાઓ ઓછા તો થયા! અને તેમાં લાખો ભિખારીઓને પણ તક મળી છે. જો મંદિરો ન હોત તો આ ભિખારીઓએ નોકરીઓ કરવી પડી હોત. જ્યારે દેશના બેકારોની ગણતરી થતી હોય ત્યારે આ ભિખારીઓને તો એમ્પ્લોઇડ ગણવા જોઇએ. એ લોકો કોઈ પ્રાથમિકશાળાના શિક્ષક કરતાં તો વધારે કમાય છે. તે પણ આ ભગવાનના શ્રધ્ધાળુ ભક્તોને આભારી છે. ભગવાનનું જે થવાનું હોય તે થાય, પરંતુ દેશને તો ફાયદો જ છે. જે લોકો ભગવાનમાં ન માનતા હોય તેઓએ આ વાત સમજવી જોઈએ.

કોઈ જોષીની લોટરી લાગી નથી એ વાત જગજાહેર છે, છતાં લોકો જોષી અને જંતરમંતરવાળાઓ પાછળ દોડે છે. એ એક આનંદની વાત છે. ભલું થજો આ આપણી પ્રાચીન સંસ્કૃતિનું, જે આપણાં લાખો જોષીઓને એમ્પ્લોઇડ રાખે છે. અને જોષીઓ સુખી થવાના જે નુસ્ખા બતાવે તે માટે શ્રધ્ધાળુને જે ખર્ચા થાય છે. તેનાથી બીજા બધા ધંધાઓના વિકાસ થાય છે. વીંટીઓ વેચાય છે. વીંટીઓના નંગ વેચાય છે. એક રીતે કહી શકાય કે જોષીઓનાં વચનોમાં શ્રધ્ધા રાખવાથી કોઈકને તો ફાયદો થાય છે જ ! આ જોષીઓ -મહારાજો - ભુવાઓ - કથાકારો પોતે તો જીવન નભાવે છે પણ આપણાં પ્રીન્ટ મીડિયા અને ટી.વી.વાળાઓને પણ જીવતા રાખે છે ! દર બે મિનિટે ટી.વી. પર આ લોકો જાહેરાત આપે છે. અને તેના વડે તો ટી.વી. ચેનલો કમાય છે. અને જેથી આપણને હિન્દી સિરિયલો જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો આપી શકે છે. ભલું થજો. આ વાસ્તુશાસ્ત્રનું કે જેણે ઘરનાં બાંધકામમાં આર્કિટેક્ટ અને કડિયાઓ સાથે જોષીઓને પણ કંસ્ટ્રક્શન બિઝનેસમાં ઘુસાડ્યા - આ પણ અંધશ્રદ્ધાનો ફાયદો જ થયોને ! થોડા વખત પહેલાં, એક મિત્ર દક્ષિણ ભારતના મંદિરોમાં વપરાતાં સેંકડો કિલો સોનાની વાત કરતા હતા. અને મંદિરોમાં વપરાતાં સોનાને તે ખોટી અંધશ્રધ્ધા ગણાવતા હતા. - મેં જણાવ્યું કે સોની અને બીજા ધંધાના કારીગરોની રોજી રોટીનો તો વિચાર કરો. બીજી વાત એ કે મંદિરોનું સોનું તો આંખ આગળ જ છે. એટલે આપણું જ છે. અને દેશમાં જ રહ્યું છે. જ્યારે દેશનું અબજોનું નાણું સ્વિસ બેંકોમાં પડ્યું છે - તે તો આપણને દેખાતું પણ નથી.

અને આઝાદી પછી એકે નેતા - ચશ્માં અને ચંપલ છોડીને મર્યો નથી - પોતાની જાતને ગાંધીવાદી ગણાવતા નેતા પણ નહીં. હવે આવી સ્થિતિમાં દેશની ઇકોનોમી - અર્થતંત્ર નેતા નહીં, ભગવાન સાચવે છે. એક રીતે કહી શકાય કે ભગવાન પૃથ્વી પર જ વસે છે અને તે પણ ભારતમાં જ. અને ભારતનું અર્થતંત્ર સંભાળે છે. એટલી તો શ્રધ્ધા રાખવી જ જોઈએ !

4 Pleasant Drive, Yardville. NJ 08620, U.S.A.
E Mail- harnish5@yahoo.com.

આપણને પરિવારની ત્યારે જ કદર થાય છે, જ્યારે આપણે તેનાથી અળગાં પડી, દુનિયાના કોઈક ગાંડાં ટોળાંમાં એકલાં અટૂલાં અટવાયાં હોઈએ છીએ. વટવૃક્ષ હેઠળ, એશઆરામદાયી સુખસગવડો એક દા મળતી, તેનાથી વંચિત બનેલા ભારતના આ બિનરહેવાસીઓમાં, સામાન્યપણે, અને બિનરહેવાસી ભારતીય (નૉન-રેસિડન્ટ ઇન્ડિયન્સ) ગુજરાતીઓમાં, ખાસ કરીને, ઓળખની સંક્રમણતાના આવિર્ભાવની લાગણીઓ સતત જોવાની સાંપડે છે. સમાજ તો છેવટે પરિવારોના વિસ્તાર માત્રનો બનેલો છે ને.

આવા જ કોઈક ઉગમસ્થાને, આરંભથી, બેચેનીનો ભાવ પ્રગટ થતો રહે છે. આ બિનનિવાસી ભારતીયોની ખરી ઓળખ માટેની દ્વિધા બાબતની આ મૂંઝવણ છે. તે ભારતીય છે કે અમેરિકન ? - આવો કોયડો તેમને સતાવતો રહે છે. આટલી જ ફક્ત પરેશાની નથી. આ સંકટ, વળી, થોડે અંશે તિલક મૈસૂરમાં અથવા વહીવટી તંત્રમાંનાં ઋતુ દવેમાં, સમાજશાસ્ત્રી પ્રાધ્યાપક પ્રવીણ શેઠમાં, આઈ.બી.એમ. સાથે સંકળાયેલા ડૉ. સી. મોહન સરીખાં ઉચ્ચ ગુણવત્તાવાળા માહિતી પ્રૌદ્યોગવિદોમાં ય જોવા મળે છે. આ બધું સિલિકૉન વેલીના નાભિકેન્દ્ર સમા સાન હૉસેનું ચિત્ર છે. સ્વ આધારે વેપારવણજના હામી બનેલા ત્રીસેક વર્ષ અગાઉ અમેરિકા ઠરીઠામ થવા આવેલા હરેન્દ્ર રાવતમાં, કે પછી, કમ્પ્યૂટરમાં જીવન બનાવવા એક દાયકા પહેલાં આવેલાં બીના ભટ્ટમાં આ વિશેષપણે જોવાજાણવા મળે છે. રાવત તો ખરેખાત ભારતીય મનોવૃત્તિ ધરાવે છે અને પાકિસ્તાનની બનાવટની કોઈ પણ સાધનસામગ્રીઓને હાથ અડકાવવા માગતા જ નથી. તેના મિત્ર અને કમ્પ્યૂટર નિષ્ણાત બીનાના પતિ, રાજ પટેલે તો પોતે આઠ મહિનાના જ હતા ત્યારે ગુજરાત છોડેલું. તે ભાગ્યે જ હિન્દી બોલી શકે છે અને ભાંગ્યુંતૂટ્યું ગુજરાતી બોલે છે. અને આવું છતાં, તેમનામાં ગુજરાતી ખાણીપીણીનો પીલો ફૂટેલો જ જોઈ લો; પોતાના ભાણામાં તેમને તીખું તમતમતું મરચું જોઈએ તે જોઈએ. આ દરેકના હૃદયમાં અને માનસપટે ભારત વિશેનું લોહી ધબક્યા કરે છે. ઊંચે આકાશમાં ત્રિરંગો ફરકતો જુએ કે તરત તો સૌ ટટ્ટાર ઊભાં થઈ જાય છે, તેમની આંખોમાં ચમક આવી જાય છે અને પછી તેમના હોઠો પર ‘જનગણ મન …’નું રાષ્ટ્રગાન ગૂંજતું થાય છે.

શારીરિકપણે તે સૌએ ભારત છોડયું છે, પરંતુ પોતાના રુદિયામાંથી તેમણે ભારતને જવા દીધું જ નથી.

બિનનિવાસી ભારતીયો સાથે થયેલી અલપઝલપ વાતચીત દરમિયાન તે સૌમાં ઊંડા મનઉતારાનું ભૂત ભમ્યા કરતું ભાળ્યું. વિશ્વામિત્રની પેઠે તેમને ય હતું કે તો સૌ નૂતન સ્વર્ગમાં વિચરશે, પરંતુ હવે તે સૌ નહીં અહીંના, નહીં તહીંના, એવા ત્રિશંકુ બની રહ્યાં હોય, તેવો ભાવ અનુભવે છે. જ્યારે અમેરિકા આવેલી આ બિનનિવાસી ભારતીયોની પહેલી પેઢી અને અમેરિકામાં જન્મેલી બીજી પેઢી વચ્ચે જુદી જુદી સમજણવાળી ઓળખ બાબતના સંકટ અંગે તનાવ જાગે છે, ત્યારે ખરાખરીની ખરાબ હાલત ખડી થાય છે.

બિનનિવાસી ભારતીયોની પહેલી પેઢીને તો પોતે ક્યાંથી આવ્યા છે તેની જાણકારી છે, અને તેઓ સંપૂર્ણપણે ભારતીયો જ છે તેમ તેઓ સ્પષ્ટતાપૂર્વક માને છે. અમેરિકન જીવનમાં તેઓ ગોઠવાવાનો પ્રયાસ કરી રહેલાં છે. અને પિત્ઝા અને પાસ્તાની જગ્યાએ દાળ, ભાત તેમ જ કઢીથી તેમને સોદરી વળે છે. અવિનાશ વ્યાસે સંગીતબદ્ધ કરેલું, ‘માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો’ વિભા અને રાસબિહારી દેસાઈનાં સ્વરમાં સાંભળે છે અને તે પૂરા ભક્તિભાવે ડોલતાં થઈ જાય છે. પંકજ ઉધાસ ગાતા હોય : ‘ચિઠ્ઠી આઈ હૈ … ‘ તો તરત લગોલગ ગાતાં થઈ જાય છે. રાષ્ટ્રગીતો ગવાતાં હોય ત્યારે તે આંખોમાં ભરેલી ચમક સાથે ગૌરવભેર કદમ મિલાવતાં ચાલે છે. સચિન તેન્દુલકર જ્યારે કોઈ પાકિસ્તાની બૉલરને દડે દોડીને આકાશે જઈ અડે તેવો છક્કો લગાવે છે ત્યારે જોરશોરથી વધામણી ગાય છે. અને મુંબઈ કે ગાંધીનગરમાં કોઈ આતંકવાદી બીચારાં નિર્દોષ લોકોની હત્યા કરે છે ત્યારે તે રડી પડે છે. આ પહેલી પેઢીનાં હૃદયમાં ભારત ધબકી રહ્યું છે.

આ જ પ્રજાસમૂહની બીજી અને ત્રીજી પેઢીઓનું આવું વલણ લગીર નથી. યુવાનો રામભરોસે ઘસડાતા રહે છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં જન્મ થયો છે

# વણઝારાની રઝળપાટ

• વિપુલ કલ્યાણી

**રખડવા નીકળ્યો છું**
**તરસ ને ભૂખ મારી તૃપ્ત કરવા કાજ**
**આજે આ ભટકવા નીકળ્યો છું**
**- પ્રહ્લાદ પારેખ**

•

'વણઝારા' માટે સાર્થ ગૂજરાતી જોડણીકોશમાં આવો કોઈક અર્થ છે : બળદોની પીઠ ઉપર વેપારની વસ્તુઓ ભરી દેશપરદેશ લઈ જનાર વેપારી. જ્યારે 'ભગવદ્ગોમંડળ' તેને સારુ 'પરદેશી માલનો આબરૂદાર વેપારી' જેવો અર્થ આપે છે. ..... તો 'રઝળપાટ' માટે કહ્યું છે : આમતેમ નકામું કે કામધંધા વગર આથડવાની - રખડવાની - ભટકવાની - ભમવાની ધમાલ કે મહેનત.

અહીં વણઝારાની અર્થછાયા બદલી છે અને રઝળપાટનો નિરર્થક ભાવ ઓગાળી લીધો છે. દેશપરદેશ સતત ખેડનારા વણઝારાની ક્ષિતિજ લાંબે વિસ્તરી જ હોય, પણ ઉજળિયાતોને સારુ તો વણઝારો હજુ પાછલી પાટલીનો જ થાય ! વણઝારાનાં અનુભવ, સમજ, જાણકારીના વ્યાપ, સર્વવિદ્યા, જ્ઞાનકોશની નજીકમાં આવે; અને છતાં, વણઝારાને તેનો ભાર સુદ્ધાં રહેતો નથી.

ગુજરાતી ડાયસ્પોરાની વિવિધ વણજ ગૂંજે ભરીને ગમતાનો ગુલાલ કરતા કરતા પિતૃભૂમિ ગુજરાતમાં, અબીહાલ, આવા વણઝારાનો એક સ્વાંગ સજીને, રઝળપાટ કરી. અમદાવાદમાં જ ડેરાતંબુ તાણી, ગાંધીનગર, નવસારી, કરાડી, મટવાડ, દાંડી, ખારા અબ્રામા સમેતના લીલી નાઘેર સમા દક્ષિણ ગુજરાતના કાંઠા વિસ્તારમાં તેમ જ રેલની પટરીઓની પેલે પાર ઉપરવાસમાં; સૂપા, બારડોલી, હરિપુરા, વેડછી, સહિતના સુરત જિલ્લામાં; વલસાડ, ઉદવાડા, સમેતના વલસાડ જિલ્લામાં; ભાવનગર, ઉપરાંત દિલ્હી તથા તેનાં પરાંઓ સુધી વણઝારાની આ પોઠ આ ફેરે જઈ ચડી હતી.

આ સાલ, આ રઝળપાટ લગભગ આઠેક મુલકમાં ફરી વળેલી. આરંભે ભારત હતો અને પછી દક્ષિણ આફ્રિકા, કેન્યા, ટાન્ઝાનિયા, જર્મની, પોર્ટુગલ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા અને છેવટે ફરી વાર ભારત. ઈંગ્લૅન્ડમાં ય પશ્ચિમ, મધ્ય તથા ઉત્તર વિસ્તારોમાં, આમતેમ, ઉતાવડે ઉતાવડે રઝળપાટ કરી.

---

છતાં તે મુલકના સમાજ જોડે પૂરા સમરસ બની શકેલા નથી. ગૌણ સંસ્કૃતિનાં આ ફરજંદોનો અમેરિકન સમાજને પણ સ્વીકાર નથી. આમ તેઓ ઓળખ અંગેના અપશુકનિયાળ એવા બે તરફી સંકટના ભોગ બની ગયેલા છે. વિવાહપ્રસંગો સિવાય તમને આનાં ચોખ્ખાં ઉદાહરણો નહીં જડે. છોકરાઓને પોતાના જે મનમાં છે તેવું પાત્ર અમેરિકામાંથી જડવું મુશ્કેલ છે. તેઓ ઈચ્છે છે કે તેમને અમેરિકન છોકરીઓની પેઠે આધુનિક કન્યા સાંપડે અને પાછું ભારતમાં જન્મી તેમની માતાઓની પેઠે તે આજ્ઞાંકિત પણ હોય, તેમ જોઈએ છે. તે લોકો સરિયામ ભૂલી જાય છે કે ભારતમાં જન્મી માતાઓ ઓછી આધુનિક છે અને વધુ પ્રમાણમાં આજ્ઞાંકિત છે.

બીજી પાસ, બિનનિવાસી ભારતીયોની છોકરીઓને તેમના પિતાની જેમ સમૃદ્ધ અને આબાદ અને અમેરિકનોની જેવા આધુનિક વર જોઈએ છે. પરંતુ આવું વાસ્તવમાં સંભવ નથી. પરિણામે, મારા જેવા બહારનાને તો આ બિનનિવાસી ભારતીય સમાજમાં ભારે મોટી મૂંઝવણ હોય તેમ લાગે છે. પોતાના વતન માટેનો પ્રેમ દાખવવા પહેલી પેઢી ભારત જતીઆવતી હોય છે. વળી, તેમની બીજી પેઢીના સંતાનો માટે, દીકરાઓ સારુ, શુદ્ધ દેશી છોકરીઓની તેમને ખોજ પણ હોય છે. આવી છોકરીઓ આધુનિક પણ હોય અને આજ્ઞાંકિત પણ હોય. જો કે આ મુશ્કેલ કોયડો છે. જ્યારે તેમની દીકરીઓ માટે તેઓ દેખાવડા વરની શોધમાં રહે છે, કે છેવટે તે ઘર જમાઈ બનીને આવે. આ તો એથી પણ વધારે મુશ્કેલ કોયડો છે.

કયો સમાજ વધુ વહાલો થવાનો છે તેવી આછીપાતળી સમજની વ્યક્તિગત પસંદગીમાંથી આ ધર્મસંકટ પેદા થાય છે, તેમ મોટા ભાગના લોકો માને છે; પરંતુ તે બીના જ કરુણાજનક છે. ભાઈ મારા, આ તો મૂળ પાયામાં મૂળગામી ફેરફારો આવી રહ્યા છે તેની ચાડી જ માત્ર છે. એક તરફ ગરવી અને ઘરડી ગુજરાત અને બીજી બાજુએ તેમની આ વિદેશી ઓલાદ વચ્ચેના આ સંબંધોને લાગેલા પલીતાની આ વાત છે.

આ બાબત વિશે જો ઝાઝું ધ્યાન નહીં આપવામાં આવે તો ડાયસ્પોરા ખાતે ગુજરાતીઓ વેરણછેરણ થઈ જશે અને વતનથી સરિયામ વિખૂટા પડી જશે. ભૂતકાળમાં આવા આવા બનાવો બન્યા હોવાનું ઇતિહાસમાં અનેક વાર નોંધાયું છે. વેસ્ટ ઈન્ડીઝ ટાપુઓના ઘણાં રહેવાસીઓનાં નામ ભારતીય હોવાનું ભાસે છે, પરંતુ તે તદ્દન ખોવાઈ ગયેલા બિનનિવાસી ભારતીયો છે. આવું ફિજીમાં, મોરેશિયસમાં, દક્ષિણ આફ્રિકામાં, ઝિમ્બાબ્વેમાં અને બીજા દેશોમાં બનેલું જ છે.

આનું એક શિષ્ટ ઉદાહરણ શ્રી લંકા માંહેના સિંહાલી વસવાટીઓનું છે. ભગવાન બુદ્ધનાં અંતેવાસી સંઘમિત્રા સંગાથે ઉડિસ્સા અને બિહારમાંથી ગયેલા પ્રજાસમૂહના તેઓ વંશજો જ છે. તે મૂળ તમિળ પ્રજા સાથે યુદ્ધે ચડેલી પ્રજા છે.

છેક ૧૯૪૬ના અરસામાં લખાયેલા એક નિબંધમાં, '૧૯૮૪' અને 'એનિમલ ફાર્મ' જેવી ભાવિસૂચક નવલકથાના રચયિતા જ્યોર્જ ઑરવેલે લખેલું, સંસ્કૃતિની પ્રથમપહેલી ચોકી તો ભાષા છે. જ્યારે પારકી અસર ત્રાટકે છે, ત્યારે સંસ્કૃતિ તાબે થાય તે પહેલાં તો ભાષાનું અવમૂલ્યન થઈ જ બેસે છે.

મોટે ભાગે ભાગ્યે જ દેખાતા પ્રવાહો, ભૂગર્ભ માંહેના પ્રવાહો, આપણને ચેતવણી આપતા જ હોય છે. આપણે લોકો બહુધા તેની દરકાર કરતા નથી અને તેને ધ્યાનમાં લેતા નથી. બધી જ રીતે ચિરંતન અને વૈજ્ઞાનિક રીતે વિકાસ પામેલી સંસ્કૃત ભાષાનું સંતાન ગુજરાતી ભાષા છે તે નોંધવું જ રહ્યું. સંસ્કૃત તો સર્વાંગ રસાળ છે, પરંતુ આપણે તો ગુજરાતીમાં અંગ્રેજી શબ્દોની ગોટપીટ કરી મેલીએ છીએ અને પછી 'ગુજલીશ' નામે અર્થહીન બકવાસ ઊભો કરીએ છીએ. યુનાઈટેડ સ્ટેટ્સ માંહેની ગુજરાતી આલમની બીજી અને ત્રીજી પેઢીઓ તેમના વારસાની ભાષા શીખવા લગીર રાજી નથી કેમ કે અમેરિકાના વેપારવણજ જીવનમાં ગુજરાતીનો કોઈ જ વપરાશ નથી.

આવું છતાં, કેટલાકોને ભૂખરાં વાદળોની કોરેમોરે આછેરી રૂપેરી ઝાંય જોવા મળે છે. પરંતુ આ તો નરી ભમરાળ જ છે. ગુજરાતીઓના સંતાનો આકુળવ્યાકુળ છે કેમ કે અમેરિકાનો બહોળો વર્ગ તેમને સાચા અમેરિકનો તરીકે સ્વીકાર કરતો નથી. અને તે ખુદ પોતાના માવતરની પેઠે ગૌણ સંસ્કૃતિનાં સંતાનો તરીકે ય ઓળખાવા માગતાં નથી. આવી સંસ્કૃતિ અહીં 'મોટેલિયન' સંસ્કૃતિ તરીકે જાણીતી છે. કેટલાક આમાં તંદુરસ્ત ચિહ્નો જુએ છે, પરંતુ હકીકતે તો આ તદ્દન સ્વાદવિહોણું ઊંધિયું જ જોઈ લો, જેમાં મરચું ય નથી અને બીજા તેજાના અને મસાલા ય નથી.

ટૂંકામાં આ લોકો બે ય જગતનું સાંચવવા ઘમસાણ આદરે છે. વર્ષગાંઠની ઉજવણી સારુ બે ય હાથમાં લાડુ રાખે છે : શનિવારે સાંજે 'ચીકન પાર્ટી'ની મહેફિલ લગાવે છે અને રવિવારે 'સત્યનારાયણની કથા' માંડે છે. અને ભાઈ સાહેબ, કરુણતા તો જુઓ : વ્યક્તિગત ધોરણે સંસ્કૃતિઓનો ખીચડો જ જાણે કે રંધાતો જોવા પામીએ છીએ. આ લોકો રવિવારે જ મુહૂર્ત શોધી કાઢી ત્યાં લગી લગ્ન અને અંતિમક્રિયાને રોકી પાડે છે કેમ કે બજારમાં ખરીદીએ જવાની તેમની વાંશિક જરૂરિયાતો ખોરંભે ન પડે.

આને કારણે ભગવાનના એજન્ટોની તેમ જ વાંશિક મૂલ્યોના સ્વ-નિયુક્ત સંત્રીઓની બોલબાલા વધી પડી છે. વળી, તેમનાં ઊંડા ખિસ્સાંને પરવડે તેમ, જોઈએ તેટલા પર્વોની ઉજવણી પણ કરે છે. તેઓ બીજા ભારતીયોની જોડાજોડ ગરબા પણ ગાય છે, દુર્ગાપૂજા અને ઑનમ વખતે નાચે પણ છે, તેમ શિવરાત્રીની પૂજાઅર્ચના ય કરે છે અને હોળી પણ પ્રગટાવે છે.

લાંબી દોટે આ તો સાંસ્કૃતિક અંધારામાં ગોથાં ખાવાનો જ ઘાટ છે. આ મહાભયંકર સાંસ્કૃતિક સંકટ છે.

**(મૂળ અંગ્રેજી પરથી : વિપુલ કલ્યાણી)**

e.mail : btusharster@gmail.com
315,Golden Ave,Bakersfield CA 93301.

ગુજરાતી ડાયસ્પોરાની વિવિધ વણજ ગૂંજે ભરીને ગમતાનો ગુલાલ કરતા કરતા પિતૃભૂમિ ગુજરાતમાં, અબીહાલ, આવા વણઝારાનો એક સ્વાંગ સજીને, રઝળપાટ કરી. અમદાવાદમાં જ ડેરાતંબુ તાણી, ગાંધીનગર, નવસારી, કરાડી, મટવાડ, દાંડી, ખારા અબ્રામા સમેતના લીલી નાઘેર સમા દક્ષિણ ગુજરાતના કાંઠા વિસ્તારમાં તેમ જ રેલની પટરીઓની પેલે પાર ઉપરવાસમાં; સૂપા, બારડોલી, હરિપુરા, વેડછી, સહિતના સુરત જિલ્લામાં; વલસાડ, ઉદવાડા, સમેતના વલસાડ જિલ્લામાં; ભાવનગર, ઉપરાંત દિલ્હી તથા તેનાં પરાંઓ સુધી વણઝારાની આ પોઠ આ ફેરે જઈ ચડી હતી.

આ સાલ, આ રઝળપાટ લગભગ આઠેક મુલકમાં ફરી વળેલી. આરંભે ભારત હતો અને પછી દક્ષિણ આફ્રિકા, કેન્યા, ટાન્ઝાનિયા, જર્મની, પોર્ટુગલ, યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા અને છેવટે ફરી વાર ભારત. ઇંગ્લૅન્ડમાં ય પશ્ચિમ, મધ્ય તથા ઉત્તર વિસ્તારોમાં, આમતેમ, ઉતાવડે ઉતાવડે રઝળપાટ કરી.

'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની રચના ૧૯૭૭માં થયેલી. અને તેના પહેલા મહામંત્રી પંકજ વોરા હતા અને સહમંત્રી તરીકે યોગેશ પટેલ હતા. ઈતિહાસી તવારીખો અનુસાર, ૧૯૭૮માં, પ્રથમ પહેલાં મેં મંત્રીપદ સંભાળેલું. સહમંત્રી તરીકે જિતેન્દ્ર ધ્રુવ હતા. આ મંત્રીપદનો સિલસિલો ૧૯૮૪ સુધી રહ્યો. નવું બંધારણ ૧૯૮૪માં અસ્તિત્વમાં આવ્યું અને ફરી એક વાર, મંત્રીને મહામંત્રી કહેવાનો રિવાજ અમલી બન્યો. આ બધું છતાં, મારી આ રઝળપાટને, ટૂંકામાં, હવે ૩૨ વરસનાં વહાણાં વાયાં છે. ત્યારે આ વણઝારો ૩૭નો હતો; અને કવિ ઝવેરચંદ મેઘાણી ગાય છે તેમ તેના 'ઘટમાં ઘોડાં' થનગનતાં હતાં, તેનો 'આતમ' પાંખ વીંઝતો હતો; વળી, તેણે 'અણદીઠેલી ભોમ પર' યૌવનસહ આંખ માંડેલી રાખેલી. અને તેની પોઠ આપ-લે કરતી જ રહી. આ ગાળા દરમિયાન, આઠઆઠ જેટલી મોટાં ગજાની 'ભાષા - સાહિત્ય પરિષદો' અહીં તહીં બેઠેલી. ભાષા શિક્ષણના પ્રકલ્પ ક્ષેત્રે તો વામનમાંથી વિરાટ સર્જાયો. અભ્યાસક્રમની રચના થઈ. પાઠ્યક્રમ ઊભો થયો. પાઠ્યપુસ્તકો પેટે છ ચોપડીઓનો સંપૂટ પ્રગટ થયો. અઢાર સાલ લગી ઠેર ઠેર સાર્વત્રિક પરીક્ષાઓ લેવાઈ. તેનું પરીક્ષાતંત્ર પણ આ બબ્બે દાયકા વેળા કેવું કેવું ગૂંજતું રહેલું. તેમ સતત, અઢાર વરસ, 'આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિવસ'ની ઉજવણીઓ મુલકભરમાં ઠેર ઠેર થતી રહી. અકાદમીએ ચોમેરે જબ્બર વાતાવરણ ઊભું કરી આપ્યું. અનિયતકાલીન "અસ્મિતા"ના અપ્રતીમ આઠ અંકો આપ્યા. દેશવિદેશથી અનેક નામી મહેમાનોને નોતર્યા, આવકાર્યા અને તેમાંનાં કેટલાંક સાથે ગુજરાતી સમાજ ઓળઘોળ બની જાય તેવાં સોજ્ઝાં કામો ય પાર પાડયાં. આ ગાળા દરમિયાન, રમણભાઈ ડી. પટેલ અને વ્યોમેશ હ. જોશીએ, સાથી અને સારથિ રૂપે, અકાદમીનો વ્યાપ અને વિકાસ વધારવામાં ધ્યાનાર્હ ફાળો આપેલો, તે, ભલા, કેમ ભૂલાય ? અને આ બધું, અને આવું તેવું બીજું કેટલું બધું, આ ત્રણ દાયકાઓના પટમાં જ સુવાંગ સુવાહક બની રહ્યું.

આ બંને બિરાદરો - રમણભાઈ ડી. પટેલ, વ્યોમેશ જોશી ઉપરાંત, ભાનુભાઈ પંડ્યા, યોગેશ પટેલ, બળવંત નાયક, પોપટલાલ જરીવાળા, બિપિનભાઈ પટેલ, બારીન્દ્રભાઈ પટેલ, નાગેશભાઈ ઓડેદરા, લાલજીભાઈ ભંડેરી, વલ્લભભાઈ નાંઢા, ભદ્રાબહેન વડગામા, સુષમાબહને સંઘવી જેવાં જેવાં સાથીસહોદરોનાં સારથિપણાં હેઠળ, મંત્રીપદની વિધવિધ જવાબદારીઓ વહેવા સારુ, આ ત્રણસાડાત્રણ દાયકાઓ વેળા સરળ સપાટ ક્ષમતા સાંપડી છે. આ દરેક પ્રત્યે સહૃદય ઓશિંગણભાવ વ્યક્ત કરી લઉં છું.

ડાહ્યાભાઈ પટેલ, બળવંત નાયક, યોગેશ પટેલ, પોપટલાલ જરીવાળા, વલ્લભ નાંઢા અને ભદ્રા વડગામા શાં પ્રમુખોની આગેવાનીમાં, તેમ જ પ્રભાશંકર સી. દવે, દોલત દેસાઈ, હીરાલાલ શાહ, બિપિન પટેલ, બારીન્દ્ર પટેલ તથા લાલજી ભંડેરી શા ખજાનચીઓએ, અકાદમીનો જયવારો કંડારવામાં, છીણી હથોડાનો સતત ઉપયોગ કર્યો જ છે, અને પરિણામે, 'ધૂમકેતુ' દીધી વાર્તા, 'વિનિપાત'ના શિલ્પી હીરાધરની અનુપમ કૃતિઓ જેમ, જગતભરમાં, સ્વાભાવિક, અકાદમીની યશકલગી દેખાવા લાગી.

આટઆટલી કીર્તિપતાકા છતાં, આ રઝળપાટને અંતે, કેટલુંક ધારેલું કામ સફળ નથી રહ્યું, તેનો ય સ્વીકાર કરવો જ રહ્યો. અને આ ક્ષેત્રે અવ્વલ બાબત તો 'અકાદમી ભવન'નું સ્વપ્ન સાકાર કરવાનું જ કામ આવે છે. એ ક્ષેત્રે નરી નિષ્ફળતા જાહેર કરું તે જ ઉચિત અને ઘટિત કહેવાય. આ કામ પાર પડી શકાયું હોત તો અકાદમીનો કેડો થોડોક વિશેષ સપાટ બની શક્યો હોત. તેની આવરદા ય સબળ અને સજ્જડપણે ક્ષિતિજ ભણી તાણી દીર્ઘ કરી શકાઈ હોત.

અને ખજાનચીપદેથી લાલજીભાઈ ભંડેરીએ આ હિસાબી સરવૈયું પેશ કર્યું છે. ટાંચાં સાધનો તથા આંગળીને વેઢે જ માંડ ગણી શકાય તેવાં ને તેટલાં કર્મઠ સ્વયંસેવકોથી ચાલતી આ કાયમી સરનામા વિનાની માતબર સંસ્થા જરૂર છે. તેમ છતાં, સરવૈયુ તપાસતાં સમજાય છે કે આજકાલના આ વિપરિત સંજોગો વચ્ચે, આ ૪૫ હજાર પાઉન્ડની અમાનતમાં અકાદમી ભવનનું સ્વપ્ન સાકાર કરવાનું કેટલું બધું અઘરું છે. તેનો સીધોસપાટ, દેખીતો અંદાજ આવી મળે છે. આવું આવું છતાં ય આંકડાની આ વાસ્તવિકતા બાજુએ ઠેલ્યા કેડે ય કહીશ કે આ તો મારી નિષ્ફળતાનું જાણે કે નગારું ટીપાઈ રહ્યું છે.

આ કાફલો શરૂ થયો તેવાકમાં કેટકેટલાં સહપંથીઓ હતાં; ધીમે ધીમે તે સૌ મોટે ગામતરે સિધાવી ગયાં. અરવિંદ જોશી, અરવિંદ સી. પટેલ, ઈન્દુબહેન શેઠ, કુસુમબહેન શાહ, કેશુભાઈ ગજ્જર, કૃષ્ણકાન્ત શાહ, ગજાનન ભટ્ટ, ગિરધરભાઈ સુદ્રા, છીતુભાઈ પટેલ, જયંતીલાલ ઠાકર 'જય મંગલ', જયંતીલાલ પટેલ, જશભાઈ આઈ. પટેલ, જિતેન્દ્ર ધ્રુવ, ટી. પી. સૂચક, ડાહ્યાભાઈ પટેલ, દિનેશ દવે, દુર્ગેશ દવે, ધીરજબહેન શુક્લ, નલિનીકાન્ત પંડ્યા, નારણભાઈ પટેલ, નૂરબાનુ મણિયાર, પંકજ જોશી, પુરુષોત્તમ હરજી ભોજાણી, પોપટલાલ જરીવાળા, પોપટલાલ પંચાલ, પ્રાણલાલ શેઠ, ભાનુશંકર ઓધવજી વ્યાસ, ભાનુબહેન કોટેચા, મનેશચંદ્ર કંસારા, મયૂર શુક્લ, મહમ્મદ બેગ, રમાબહેન પટેલ, રતિલાલ ગણાત્રા, રતિલાલ જોબનપુત્રા, રતિલાલ કાથરાણી, વિનય કવિ, શારદાબહેન ડાભી, શાંતશીલા ગજ્જર, શિવ અય્યર, હીરાલાલ શાહ, હીરજીભાઈ ધરમશી શાહ, … અને, આ કોઈ આટલી જ માત્ર ફોજ નથી, તે લાંબી લચ્ચક હારમાળા છે. આમ, હવે એકલો પડી ગયો હોઉં, તેમ સતત લાગ્યા કરે છે. … ખેર ! આ મરણનું ઠીકઠીક સ્મરણ કરતો રહું છું. હમણાં, ઈન્ટરનેટી માહોલને પ્રતાપે, આ કવિતા વાંચવા મળી :

**લાંબી આ સફરમાં જિંદગીના ઘણાં રૂપ જોયાં છે**<br>
**તમે એકલા શાને રડો છો, સાથી તો અમે ય ખોયા છે**<br>
**આપ કહો છો આમને શું દુ:ખ છે, આ તો સદા હસે છે**<br>
**અરે! આપ શું જાણો આ સ્મિતમાં કેટલાં દુ:ખ વસે છે**<br>
**મંઝીલ સુધી ના પહોંચ્યા તમે એ વાતથી દુ:ખી છો**<br>
**અરે! ચાલવા મળ્યો રસ્તો તમને, એટલા તો સુખી છો**<br>
**આપને ફરિયાદ છે કે કોઈને તમારા વિશે સુઝ્યુ નથી**<br>
**અરે! અમને તો "કેમ છો?" એટલું ય કોઈએ પુછયું નથી**<br>
**જે થયું નથી એનો અફસોસ શાને કરો છો,**<br>
**આ જિંદગી જીવવા માટે છે, આમ રોજ રોજ શાને મરો છો?**<br>
**આ દુનિયામા સંપૂર્ણ સુખી તો કોઈ નથી**<br>
**એક આંખ તો બતાવો મને જે ક્યારે ય રોઈ નથી.**

બસ એટલું જ કહેવું છે કે જિંદગીની દરેક ક્ષણ દિલથી માણીએ. નસીબથી મળી છે જિંદગી તો એને જીવી જાણીએ. …

વારુ, શામળ ભટ્ટની સુવિખ્યાત 'સિંહાસનબત્રીસી'ની રોચક વાર્તાઓ પેઠે, અકાદમીની આ બત્રીસ વરસની કથા વ્યથાભરી નહીં જ હોય. 'સિંહાસનબત્રીસી'ની વાર્તાનો નાયક છે ઉજ્જયિનીનો રાજા વિક્રમ. જનક દવે લખે છે, 'પરંતુ શામળે વાર્તા કહેવા માટે માત્ર વિક્રમના નામનો જ ઉપયોગ કર્યો છે. તેણે વિક્રમનું કોઈ ઐતિહાસિક પાત્ર સર્જ્યું નથી. એટલું જ નહીં, પરંતુ તેણે આલેખેલું વિક્રમનું પાત્ર સજીવ પણ બનતું નથી. શામળે તો વિક્રમ એટલે શૂરો, સાહિત્યરસિક, ન્યાયી, પ્રજાવત્સલ, દાનેશ્વરી, પરદુ:ખભંજક, પરસ્ત્રીસહોદર એવો માણસ કલ્પ્યો છે. આ માણસ પાસે પોતાના વાર્તાકથનને ઉપયોગી થાય તેવાં કાર્યો કરાવે છે. શામળે હરસિદ્ધમાતા અને વીર વેતાળને વિક્રમની સેવામાં મૂકી દીધાં છે. જેથી ગમે ત્યારે અને ગમે તેવાં મુશ્કેલ કામ પણ તે વિક્રમ પાસે સહેલાઈથી કરાવી શકે છે.'

ગુજરાતી સાહિત્ય અકાદમીની આ બત્રીસીની વાત, આથીસ્તો, ટૂંકાવવી પડે, કેમ કે, તેમાં ન કોઈ હરસિદ્ધમાતા છે, ન વીર વેતાળ છે; અને વળી કોઈ રાજા વિક્રમ પણ નથી જ નથી. અને વળી, આ દહાડામાં, ગમે તેવાં મુશ્કેલ કામ ક્યારે ય સહેલાં બની શક્યાં જ નથી. આથી, ચાલો, વાતને ટૂંકાવીએ અને વાસ્તવિક બની જઈ આપણે ગયા વરસનું જ સરવૈયું પ્રથમ પહેલાં હાથ લઈએ.

ગઈ સાલ એક નશો હતો. ઇતિહાસકાર દંપતી શિરીનબહેન અને મકરન્દભાઈ મહેતા સંગાથે, આગલી સાલે, 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો' પુસ્તકની રચના કરવાનાં ક્ષેત્રકાર્યમાં ચંદરિયા ફાઉન્ડેશન અને વિચારપત્ર "ઓપિનિયન" સંગાથે 'ગુજરાતી સાહિત્ય અકાદમી' સો ટકા પ્રવૃત્ત રહેલી. તેના પરિપાકરૂપે તૈયાર થયેલું આ પુસ્તક અમદાવાદ ખાતે જાન્યુઆરીમાં જાહેર લોકાર્પિત બન્યું. 'અકાદમીની ત્રિશતિ : દશા અને દિશા' સંબંધક વિવિધ ત્રણ કાર્યક્રમો પૈકી પહેલો અવસર અમદાવાદમાં થયો. અને બીજો અવસર દક્ષિણ ઇંગ્લૅન્ડમાં ક્રૉયડન ખાતે ૩ મે અને ૪ મે ૨૦૦૯ના દિવસોએ, 'આઠમી ભાષા સાહિત્ય પરિષદ'માં તાણાવાણા પેઠે અનોખી ભાત પાડતો રહ્યો. આપણે પોપટલાલ જરીવાળાનગર ઊભું કરેલું અને 'બ્રિટનમાં ગુજરાતી સમાજની દશા અને દિશા' વિષયે જાહેર ચર્ચા માંડેલી.

તે ત્રિશતિ કાર્યક્રમનો આખરી અને ત્રીજો પડાવ શનિવાર, ૬ જૂન ૨૦૦૯ના દિવસે નેહરુ કેન્દ્રમાં હતો. અકાદમી પ્રમુખ ભદ્રાબહેન વડગામાના સંચાલનપદે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભાષા વિભાગના પૂર્વ અધ્યક્ષ અને અધ્યાપક દયાશંકર જોશી, તેમ જ આપણા જાણીતા સાહિત્યકાર અદમ ટંકારવીએ વિષયની માંડણી કરેલી. ગુજરાતસ્થિત જાણીતા વિચારક, વક્તા અને પત્રકાર પ્રકાશ ન. શાહ અતિથિપદે હતા. તો રમણલાલ વસંતલાલ દેસાઈકૃત નવલકથા 'ભારેલો અગ્નિ'નું અંગ્રેજી ભાષાન્તર કરનાર કેનેડાના નુરદ્દીન કાસમ અને ઉમરાઉ સભામાં બિરાજમાન અમીર ભાટિયાએ પણ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યાં હતાં. કાર્યક્રમમાં સારી હાજરી હતી અને ઘણીબધી રીતે તે સફળ રહ્યો. અદમભાઈ, નુરદ્દીનભાઈ તથા પ્રકાશભાઈએ વિષયને સોજ્જો ન્યાય આપેલો.

આ પ્રસંગ પહેલાં, શનિવાર, ૨૩ મે ૨૦૦૯ના રોજ, વિલ્સડન ગ્રીન લાયબ્રેરી સંકુલમાં અકાદમીની બત્રીસમી વાર્ષિક સામાન્ય સભા મળી હતી. વરસભરનાં હિસાબી તેમ જ હેવાલનાં સરવૈયા પેશ કરવામાં આવેલા. અને અધૂરાં કામો સારી પેઠે આટોપી શકાય તે સારુ, તત્કાલીન કાર્યવાહી સમિતિની અવધિને વધુમાં વધુ એક વરસ લંબાવવાનો નિર્ણય કરાયો હતો.

મંગળવાર, ૧૪ જુલાઈ ૨૦૦૯ની સલૂણી સંધ્યાએ, 'પ્રવાસી પારાવારના' નામે એક ભાતીગળ અવસર, વેમ્બલીસ્થિત માન્ધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશનના સહકારમાં, તેમના જ હૉલમાં થયો. આફ્રિકાની સફળ સફર કરીને આવેલા "નિરીક્ષક" તંત્રી પ્રકાશભાઈ શાહનું વ્યાખ્યાન યોજવાની મૂળગત વાત હતી. તેમાં ઉપેન્દ્રભાઈ ગોર, રમણભાઈ પટેલ, રમેશભાઈ પટેલ 'પ્રેમોર્મિ' તથા વલ્લભભાઈ નાંઢાની કેટલીક કૃતિઓનું લોકાર્પણ કરવાનું હતું. આમ, ઉપેન્દ્ર ગોરકૃત 'આનંદ-છોળ', રમણભાઈ પટેલકૃત 'વતનનો ઝૂરાપો', અને 'વન વૅ સ્ટ્રીટ', વલ્લભ નાંઢાકૃત 'શીમોન', રમેશ પટેલ 'પ્રેમોર્મિ'નાં કાવ્યોને આવરતી 'ત્રિવેણી સંગમ' નામે સંગીતની સી.ડી. તેમ જ ઉપેન્દ્ર ગોર, રમણભાઈ પટેલ અને વલ્લભ નાંઢા સંપાદિત 'વાર્તાની છાજલી'નું વરિષ્ટ સાહિત્યકાર બળવંત નાયકને હાથે લોકાર્પણ થયું. કૃતિકારોની કેફિયતો ય પેશ થઈ. ભારતથી આવેલા અન્ય સાહિત્યકાર, કેળવણીકાર મોહન દાંડીકરનું ય વક્તવ્ય થયું. પ્રકાશભાઈ પણ સમયની પાબંધીમાં જ બોલ્યા. આ અવસરે મહેરામણ ઉમટ્યો હતો. સભાખંડ ખીચોખીચ હતો. કાર્યક્રમને અંતે આ કૃતિકારોનાં સૌજન્યથી સૌને પ્રીતિભોજન પીરસાયું હતું.

રવિવાર, ૨ ઑગસ્ટ ૨૦૦૯ની સવારે, આ જ માન્ધાતા સમાજના હૉલમાં, તેમના જ સાથસહકારમાં, સાહિત્યકાર મોહન દાંડીકર સંગાથે એક જાહેર વાર્તાલાપ ગોઠવાયો હતો. તેમાં પ્રશ્નોત્તરીનું સ્તર બહુ જ સરસ, ઉચ્ચ રહ્યું હતું.

ઘણાં વર્ષો બાદ, અકાદમીએ એક સફળ શિક્ષક તાલીમ શિબિરનું રવિવાર, ૧૫ નવેમ્બર ૨૦૦૯ના રોજ વેમ્બલીમાં આયોજન કરેલું. 'ફેડરેશન ઑવ્ પાટીદાર ઍસોસિયેશન'ના મકાનમાં યોજાયેલી આ શિબિરમાં આશરે સો જેટલાં ગુજરાતીનો વિદ્યાભ્યાસ કરાવતાં શિક્ષકો ઠેરઠેરથી હાજર રહ્યાં હતાં. વિજ્યાબહેન ભંડેરીની કુશળ રાહબારી હેઠળ યોજાયેલી આ શિબિરમાં કુસુમબહેન શાહ તથા ભદ્રાબહેન વડગામાનું મધ્યવર્તી યોગદાન રહ્યું. નિરંજનાબહેન દેસાઈ, અરવિંદભાઈ ભટ્ટ તથા જય કાન્તે પણ વિવિધ વિષયોની પ્રસ્તુતિ કરી હતી. ગુજરાતીનું શિષણ આપતાં પાંચ શિક્ષકો છેક પોર્ટુગલથી આવ્યાં હતાં.

અકાદમીના એક જૂના હામી નટુભાઈ સી. પટેલના માર્ગદર્શન હેઠળ મારે પોર્ટુગલની સફર કરવાનો યોગ સાંપડ્યો હતો. આઠેક દિવસના રોકાણ દરમિયાન, પાટનગર લિસ્બનમાંની બે સંસ્થાઓ - 'કમ્યુનિદાદે હિન્દુ દ' પોર્ટુગલ' તથા ટેમ્પલો દ' શિવા' જોડે નિજી સંપર્ક બંધાયો અને અકાદમીના ભાષાશિક્ષણ પ્રકલ્પની તેમને વિગતે સમજણ આપેલી. તેને ધ્યાનમાં રાખીને એક વિસ્તૃત અહેવાલ આ બંને સંસ્થાઓને આપ્યો છે. તે બંનેનો પ્રતિસાદ બહુ જ પોરસાવતો રહ્યો. તેના અનુસંધાનમાં, આ પાંચ શિક્ષકોને આ તાલીમ શિબિરમાં સામેલ કરવાનું સૂચવાયેલું.

આ શિબિરની ગોઠવણ, તેની તંત્રવ્યવસ્થા, તેનું સ્તર સરસ હતાં. આવી બીજી શિક્ષક તાલીમ શિબિરો અકાદમીએ ભવિષ્યમાં યોજવી જોઈએ, તેમ પરિણામે દેખાયું છે. વિજ્યાબહેન અને સાથીઓને આપણે બિરદાવીએ.

દરમિયાન, સફળતાપૂર્વક છસાત વરસોથી ચાલતી વાચક જૂથની માસિકી બેઠકોની કૂચ જારી રહી છે. હમણાંથી આ બેઠકો દર મહિને વિલ્સડન ગ્રીન લાઈબ્રેરી સંકુલમાં મળે છે. 'વાર્તા વર્તુળ'ની બેઠકો વધુ હોય છે અને તેનું સંચાલન જાણીતા વાર્તાકાર અનિલભાઈ વ્યાસ કરે છે. જ્યારે 'ઓટલો'નું સંચાલન અનિલભાઈ કાગળવાળા કરે છે અને 'વાદ-સંવાદ'નું સંચાલન ભદ્રાબહેન વડગામા કરી રહ્યાં છે. ચડાવઊતરાવ આ બેઠકોમાં વીસપચીસ લોકોની હાજરી રહે છે અને તેના થકી એક પ્રકારે સરસ વાતાવરણ પણ પેદા થઈ શક્યું છે.

આ તેત્રીસમાં વરસની છેલ્લી બેઠક એટલે આજની આ વાર્ષિક સામાન્ય સભા. અહીં જે કારોબાર હાથ ધરાશે તેથી ઇતિહાસ પણ સર્જાઈ શકે છે.

આખા વરસ દરમિયાન, અકાદમીનો કારોબાર કરવામાં રમણભાઈ પટેલ, ધનશ્યામભાઈ પટેલ, વલ્લભભાઈ નાંઢા ને ઉપેન્દ્રભાઈ ગોરે પરિપત્રોનાં બીડાણ જેવાં આનુષંગિક કામોમાં સક્રિય સહાયતા કરી છે. આમ જોવા જઈએ તો તેમનું આ મિત્રકૃત્ય જ હતું, પણ તેથી મને ખૂબ હળવાશ રહી. આ તકે તેમના પ્રતિ પણ આભારની ઊંડી લાગણી વ્યક્ત કરી લઉં છું.

આ કારોબારી સમિતિ ટૂંકમાં બરખાસ્ત થશે. તેમાંના ચાર સભાસદો નિવૃત્ત થઈ રહ્યા છે. મનસુખભાઈ શાહ, અનિલભાઈ વ્યાસ તથા રાકેશભાઈ ખંભાયતાની સેવાઓ માટે અકાદમી વતી આભારની લાગણીઓ દર્શાવું છું. અનિલભાઈ વ્યાસ તો 'વાર્તા વર્તુળ' માટે ય અગત્યના માણસ છે. તેમની સેવાઓ ત્યાં સતત હૂંફકારી હતી. અનિલભાઈ, મનસુખભાઈ અને રાકેશભાઈ નિવૃત્તિની પળો વચ્ચે ય અકાદમીને સહાયક રહેશે તેવી સહૃદય આસ્થા છે.

બીજી પાસ, બે દાયકાઓ ઉપરાંતના સમયગાળાથી, મિત્ર મહેન્દ્રભાઈ નાગડાની સેવાઓ માનદ્ હિસાબનીસ તરીકે મેળવી શકાઈ છે. તેમની આ અનન્ય સેવાઓ માટે ફાટું ભરીને જ ધન્યવાદની લાગણીઓ પાઠવું છું. આવા દોહ્યા માણસો હજુ આજે ય છે, તેનો રાજીપો છે.

'સંસ્થાઓ નારાયણ-પરાયણ બને'ની ઠોસબદ્ધ દલીલ રજૂઆત કરતાં, આચાર્ય વિનોબાજીએ, એક વાર, જે કહેલું તે "ગાંધી-માર્ગ"ના જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકના સદ્ભાવે, ફેર વાંચવા મળ્યું : 'સંસ્થાઓની મર્યાદા હોય છે. વ્યક્તિમાં જે પ્રેરક શક્તિ હોય છે, તેવી સંસ્થામાં હોતી નથી. આપણે ક્યારેક કહેતા રહીએ છીએ કે સંસ્થાઓએ 'પાવર-હાઉસ' જેવા થવાની આવશ્યક્તા છે. પરંતુ જો 'કરન્ટ' જ ન હોય તો આ પાવર-હાઉસથી શું કામ બને ? સંસ્થાઓમાં આવી શક્તિ ભરવાનું કામ તો વ્યક્તિ જ કરી શકે છે. સૂર્ય ક્યારે ય ઘરમાં વસતો નથી. તેમ છતાં પોતાનાં પ્રકાશકિરણોને તે ઘરમાં પ્રવેશ અપાવે જ છે. આવી સૂર્યવત્ વ્યક્તિ સંસ્થાની બહાર હોય અને તેનું માર્ગદર્શન કરે.'

વળી, વિનોબાજી આગળ કહે છે : 'આપણે સંસ્થાઓ ઊભી કરી દઈએ છીએ. અને તે આપણી આંખોની સામે જ નિસ્તેજ પણ બનતી જાય છે. તેનો જીવનરસ સુકાઈ જતો હોય છે. આવું કેમ ? નિત્ય નવો જીવનરસ તેને કેમ મળતો નહીં હોય ? તેને માટેના કારણોની ખોજતપાસ કરતો રહું છું તો દેખાય છે, अंगुष्ठोदकमात्रेण शफरी फर्फरायते - અંગૂઠા જેવડાં ઊંડાં પાણીમાં જ આપણે રમતા રહીએ છીએ. આપણાં દર્શનમાં કોઈ ઊંડાઈ પછી રહેતી નથી.'

આ રઝળપાટ વેળા, અકાદમીને 'પાવર-હાઉસ' જેવી મજબૂત સંસ્થા રાખવાના એકમેક નુસખાઓ આપણે કરતા રહ્યા. આ કામોમાં સહમંત્રી તરીકે આજ લગી જિતેન્દ્ર ધ્રુવથી માંડીને વિજ્યાબહેન ભંડેરી સુધીનાં તમામે પોતાથી થાય તે સઘળું કર્યું છે. અને તેમાં યોગેશ પટેલ, હર્ષા કાથરાણી, વ્યોમેશ જોશી, વલ્લભ નાંઢાનો ય સમાવેશ છે. તે સૌનું સહૃદય અભિવાદન કરું છું.

આજ લગીની કાર્યવાહી સમિતિઓએ જે યોગદાન આપ્યું છે, જે પ્રકારનો સાથસહકાર આપ્યો છે તે માટે આ સામૂકી સમિતિઓ પ્રત્યે ય આભારની લાગણી વ્યક્ત કરી લઉં છું. આજ લગીનાં આ બધાં કામો તેમના સહાયટેકા વિના અને તેમના વિશ્વાસ વગર આટોપવાં સહેલાં બન્યાં ન જ હોત.

આ માર્ચ મહિનાની છઠ્ઠીએ, આપણા એક જબ્બર શાયર ગની દહીંવાળાની પુણ્યતિથિ હતી. 'ઊર્મિસાગરે' પોતાના 'ગાગરમાં સાગર' નામે બ્લૉગમાં, શાયરની એક યથેચ્છ ગઝલ, 'ન તો કંપ છે ધરાનો, ન તો હું ડગી ગયો છું' રજૂ કરેલી. જાણે કે મારી જ વાત. … લો, ત્યારે વાંચો આ પેશગી :

**ન તો કંપ છે ધરાનો, ન તો હું ડગી ગયો છું,**
**કોઈ મારો હાથ ઝાલો, હું કશુંક પી ગયો છું.**
**જો કહું વિનમ્રભાવે તો સૂરજ સુધી ગયો છું,**
**કે નજરનો તાપ જોવા હું નયન લગી ગયો છું.**
**હતો હું ય સૂર્ય કિન્તુ ન હતી તમારી છાયા,**
**ઘણીવાર ભરબપોરે અહીં આથમી ગયો છું.**
**આ હૃદય સમો તિખારો છે દઈ રહ્યો ઈશારો,**
**કોઈ કાળે સૂર્યમાંથી હું જુદો પડી ગયો છું.**
**નથી કંઈ પ્રયાણ સરખું અને પથ કપાઈ ચાલ્યો,**
**નથી કાફલાની હસ્તી અને હું ભળી ગયો છું.**
**બહુ રાહતે લીધા છે મેં પસંદગીના શ્વાસો,**
**ન જિવાયું દર્દરૂપે તો સ્વયં મટી ગયો છું.**
**'ગની' પર્વતોની સામે આ રહ્યું છે શીશ અણનમ,**
**કોઈ પાંપણે ઢળ્યાં ત્યાં હું ઝૂકીઝૂકી ગયો છું.**

•

આ કાફલો અહીં સુધી પહોંચ્યો અને હવે મારામાંના વણઝારાની રઝળપાટનો નવો દોર શરૂ થવામાં છે. મનીષ મોદી દીધા, શાયર રિન્દનો આ શેર મારી લાગણીઓને વાચા આપી જાય છે :

फूला ही फला छोड़कर उठ जाऊँ चमन को
अल्लाह दिखाये मुझे आलम न ख़िज़ाँ का

હવે રજા લેવાની આ ઘડી છે. 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની રચના કરવામાં, મારી સાથે પાયાનું કામ કરવામાં, યોગેશ પટેલ અને પંકજ વોરા મૂળગત રહ્યા. આ બંનેએ આ પ્રવાસની કોઈક ઘડીએ આ કાફલો છાંડયો. અને આજે હવે મારો વારો છે. આ સઘળાં ૩૩ વરસોમાં મન વચન અને કર્મથી અકાદમીની ખાતરબરદાસ્ત કરી છે અને તેના બંધારણમાં તાણી અપાયેલા આદર્શ, ઉદ્દેશ અને ધ્યેયને આંબવા, થાય તે બહુધા કર્યું છે. ક્યાં ય દિલચોરી કરી નથી. તન, મન અને ધનથી અકાદમીનો ઉછેર કર્યો છે. વળી, આજે હું જે કંઈ છું તેનો મહદ્ અંશ આપણી આ અકાદમીને પણ ફાળે જાય છે. આ અકાદમીએ મને શું શું નથી આપ્યું ? મારો પટ વિશાળ કરી આપ્યો. મારી ક્ષિતિજ કંડારી આપી. જગતને ચોક સરસ મજાનાં અનેક મિત્રો બાંધી આપ્યાં. મારી ભાષાની ખિદમત કરતાં કરતાં મારી વાણીનું તેજ ખિલવી દીધું છે અને મારી સમજણને મજબૂત કરી આપી છે. સાહિત્ય અને સંસ્કૃતિના અનેક દ્વાર ઉઘાડી આપ્યા છે. કહેવું હોય તો કહી શકાય : હું ય અકાદમીનું સંતાન છું !

હવે નવા પદાધિકારીઓ આવશે. નવી કાર્યવાહી સમિતિની રચના પણ થશે. મને તેમનામાં ઊંડી આસ્થા છે. અકાદમીને તે સૌ થોડી વધુ આગળ લઈ જશે અને વાર્તાકાર 'ધૂમકેતુ' દીધા પેલા શિલ્પી હીરાધરની કૃતિઓની પેઠે તેમનાં ય કામોને યશકલગી પ્રાપ્ત થશે.

•

મારે માટે જાણીતા નહીં એવા એક શાયર, જી. આર. કમ્બલનો, એક શેર હમણાં હમણાં વાંચવા મળ્યો છે :

अजीब सिलसिला था ज़िन्दगी की रातों का
कभी तो नींद ग़लत थी कभी था ख़्वाब ग़लत

ખેર ! … એક શનિવારની વાત છે. બ્રાહ્મમુહૂર્તનો સમય હશે. રાબેતો ઊઠી જવા મને આદેશ આપતો હતો. શરીર થાકેલું હતું. તેથી મન આડું ફાટ્યું. અને હું પથારીમાં પડ્યો જ રહ્યો. ક્યારે આંખ મીંચાઈ ગઈ તે સમજાયું જ નહીં. હું બીજી દુનિયામાં લાગલા પહોંચી ગયો હતો. મૉસ્કો જેવા કોઈક મહાનગરના, કોઈક ગગનચૂંબી શૃંખલાવાળા મહાલયના, બીજા માળે આવેલા સરિયામ અટપટા ઍપાર્ટમેન્ટમાં, મારી જાતને વસતો હોઉં તેમ અનુભવવા લાગ્યો.

એવામાં બારણું ખોલવા ઘંટડી રણકી છે. અહીં તો સલામતીનો જ માહોલ. તે કોઈક આગંતૂક મને નીચે બરકતો હતો. નીચે ગયો. તે કોઈ પરિચિત હોય તેમ લાગ્યું. ઝાઝી પડપૂછ વિના મારા હાથમાં તેણે ઢાંકણવાળો એક મોટો ડબરો પકડાવી દીધો. ઢાંકણ પૂરેપૂરું ઢાંકવાનું નહોતું. અંદર હવાની અવરજવર થવી જરૂરી હતી. કેમ કે તેમાં એક નાનું ચામાચીડિયું હોવાનું તે જાણ કહેતો રહ્યો. દીકરી માટે તે ભેટ લાવેલો. બીજી કોર, સોકટે, માદીકરી પણ નીચે ઊતરી આવ્યાં.

અમે ત્રણે ય, તે પછી, ઉપર આવાસમાં જવાને નીકળ્યાં. મારા હાથમાં ડબરો હતો. મારે સાંચવણીએ આગળ વધવાનું હતું. અને તેની માથાકૂટમાં લીફ્ટે અમને ત્રીજે માળે ઠાલવ્યાં ! બહાર નીકળ્યાં. આવાસ જડે જ નહીં. આમથી તેમ ભટકતાં જ રહ્યાં. લીફ્ટ ભણીનું ય અંતર વધતું ગયું. મોટામસ્સ મહાલયના ત્રીજા માળે આમતેમ ભમવાને કારણે થાક વર્તાતો હતો. છેવટે સમજાયું કે આ તો ખોટી જગા છે. નીચેના માળે જવાનું હતું. વારુ, માદીકરી તો ઝટપટ લીફ્ટ સુધી પહોંચી ગયાં અને ઘેર ભેગા ય થઈ ગયાં. હું અટવાયેલો હતો. પગ પણ યારી આપતા નહોતા. લીફ્ટ સુધીનું અંતર ખાસ્સું હતું. બીજી પાસ, ડબરાને ય સાંચવવાનો હતો. ઢાંકણ મજબૂત રાખવાની ય મથામણ હતી …

… અને તેમાં સળવાટ થવા લાગ્યો. અંદરનું પંખી ઊડવાનું કરવા લાગ્યું. પણ ઊડે કઈ રીતે ? તે તો ઢાંકણને ઠેલો મારતું હતું. મારી પકડને ઢીલી કરતું હતું. જોઉં છું તો ચામાચીડિયું ગાયબ; તેને ઠેકાણે બે 'બજી' [budgerigar - બુજેરિગાર] ! - એક કાળા રંગનું અને એક ભૂરા રંગનું !! મને નવાઈનો પાર નહીં. ગભરાયો. કેમ કે મારી ચોપાસ, સેવામાં ન હતાં હરસિદ્ધમાતા, અને ન હતો વીર વેતાળ. હું એકલો જ હતો; હું ક્યાં રાજા વિક્રમ હતો ? અને તેથીસ્તો, મારાથી બૂમાબૂમ થઈ પડી … … પણ સાંભળે કોણ ? મા દીકરી પડખે હતાં જ ક્યાં ? બધું જ સૂનકાર !

… ત્યાં ક્યાંકથી 'કા … કા; કા … કા'નો તરડાયેલો ધ્વનિ કાને અથડાવા લાગ્યો. જાગી ગયો હતો ને. ફળિયાના તોતિંગ ઑક વૃક્ષની પાન વિનાની ડાળીએ પંખી બેઠું છે, તેનો ભાસ થયો. મને થયું, કાગડો છે; વાસ નાખવાનો વખત થયો લાગે છે !

પરંતુ પછી ધીમે ધીમે સમજાતું ગયું : ના; હું ક્યાં ભારતમાં છું ? હા; હું તો ઈંગ્લૅન્ડમાં છું. આ ભાદરવો નહીં, ચૈત્ર માસ છે. શ્રાદ્ધના નહીં, નવરાત્રીના આ દિવસો છે. વળી, અહીં કાગડા ન હોય, મારા મહેરબાન; 'રેવન્સ' હોય. તેને વાસ નાખવાની ન હોય !

ભલા, આપણે તો સુવાસ જ ફેલાવાની હોય. …

… આવી સુવાસ ફેલાવવાનો યશ મારા આ સૌ અનુગામીઓને સાંપડજો.

**(વેમ્બલી, ૨૭ માર્ચ ૨૦૧૦)**

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

**– એતાનશ્રી**

## એ કામની વાતો હતી

• એ 'સંકેલા'ના કાર્યક્રમની ઉષ્મા, અને સ્નેહ તમારા માટે સૌની લાગણી -પ્રેમનું દ્યોતક નજરોનજર નિહાળવાના અને માણવાનો મોકો આપવા બદલ આભાર. સ્વરાજ - રાજ્ય - સુરાજ - સુરાજ્ય અર્થાત્ 'સ્વ'રાજ્ય વિષે વિચારતો કરવા બદલ તમારો, સુદર્શનભાઈ આયંગરનો - ઉષાબહેન ઠક્કરનો - આશાબહેન બૂચનો ઋણી છું. એ કામની વાતો હતી.

કહેવું તો ઘણું હતું. "ઓપિનિયન"નું બંધાણ થઈ ગયું હતું. એના વિના સૂનું લાગશે, એનો ખાલીપો ખૂબ સાલશે. તમને સુવિદિત છે કે મારી સાહિત્ય યાત્રાના પાયામાં "ઓપિનિયન" છે. "ઓપિનિયન"ના મુગટમાં એવાં ઘણાં પીંછાં છે જ. એ તમારી સિધ્ધિ છે. "ઓપિનિયન"થી જે આવકારો, સથવારો મળતા રહ્યા છે એનો વિનમ્રતાથી સ્વીકાર કરું છું, ઓશિંગણભાવ વ્યક્ત કરું છું.

અભિનંદન અને આભાર, વિપુલભાઈ ! આ ડિજિટલ અંક જોઈજાણી મારો દિવસ પોબારા થયો જાણવો. આ સમયસરનો નિર્ણય છે. વાતાવરણમાં જ્વાળામુખી ફાટતાં જે રાખના ગોટેગોટા ઘૂમરીઓ લે છે તેવી કોઈક પળે ફિનિક્સ પંખી જાગીને બેઠું થયેલું. "ઓપિનિયન" સાથે અમારા લગાવથી અમને ગૌરવ સાંપડે છે. અને હવે જગતમાં જેની માન્યતા સ્વીકૃત બની છે તેવા ડિજિટલ અવતારમાં તેનું સ્વરૂપ જોવા મળ્યું તેથી ભારે આનંદ થાય છે.

**- ફારૂક ઘાંચી**

e.mail : fdghanchi@hotmail.com

## વાચકો ખાટી ગયા; અને બીજું કેટલું ઘણું બધું ...

• ઘણો ઘણો આભાર. આટલી સામગ્રી એક સાથે; મને લાગે છે કે બન્ને સામયિકોનાં વાચકો ખાટી ગયા. બધાં ખુશ થશે. મને તો ખૂબ ગમ્યું.

**- હરનિશ જાની**

e.mail : harnish5@yahoo.com

• અભિનંદન અને શુભ કામનાઓ. આ બે શક્તિઓના સંયુક્ત જોડાણે જે કામ ઊતરશે તે મારા જેવા અનેક લોકોને આશીર્વાદરૂપ સાબિત થશે. ગુજરાત અને તેની સંસ્કૃતિની જ્યોત જલતી રાખવામાં તમારો બહુ મોટો ફાળો છે અને આ ડિજિટલ અવતાર તેનું પ્રમાણ છે. ફાટું ભરાય તેટલા ધન્યવાદ હજો.

**- હરીશ ત્રિવેદી**

e.mail : indiafound@earthlink.net

• આ ડિજિટલ અંક વાંચ્યો. ભાષાની ભેળપૂરી, 'પરિભ્રમણ' વિશે દીપક મહેતાનો લેખ અને મોહમ્મદ માંકડનો લેખ પણ ગમ્યા. ઝવેરચંદ મેઘાણીના 'પરિભ્રમણ' પુસ્તક અંગે કેટલીક સામગ્રી આ પહેલાં મહેન્દ્રભાઈ મેઘાણીએ મોકલી આપેલી. તમારી ત્યાંની ગુજરાતી સાહિત્ય અકાદમી બીજીએ તમને માનદ્ અધ્યેતાપદ આપીને તમારું ઉચિત સન્માન કરે છે જાણી રાજી થયો. બહુ પહેલાં તમારું સન્માન થવાની જરૂર હતી.

**- પ્રકાશ મોદી**

e.mail : 4prakash@gmail.com

• વિકાસ માટે બદલાવ આવશ્યક છે. वासांसि जीर्णानि यथा विहाय; દેહધારી "ઓપિનિયન" જૂનું શરીર છાંડી હવે નવો અવતાર ધારણ કરે છે. પાંખ ફૂટતાં પહેલાંની સ્થિતિમાંના કીડાની જેમ હવે તે ડિજિટલ અવતાર ધારણ કરે છે. મારી આસ્થા અને મારો આશાવાદ મને કહે છે કે તમારું કામ હવે વધુ સારો આકાર પામશે. આજે, વળી, શેક્સપિયરની જન્મગાંઠ છે. "ઓપિનિયન"ના આ નવા અવતારને તેમના જેવી કીર્તિ મળજો. હૂંફાળી શુભ કામનાઓ હજો.

**- દેવકુમાર ત્રિવેદી**

e.mail : deeti21@gmail.com

• "ઓપિનિયન"ના નવા અવતાર માટે શુભેચ્છાઓ અને મુબારકબાદી. હવે પછી, મોટા ભાગનાં સમસામયિકોએ અને પુસ્તકોએ, કદાચ, આવો જ માર્ગ અખત્યાર કરવાનો રહેશે. આપણી માતૃભાષાનું રક્ષણ કરવા માટે આવા ડિજિટલ અવતારો ઘણો મોટો ફાળો આપી શકે તેમ છે.

'પરિક્રમા' અંગેનું મારું વિવરણ આ પહેલા અંકમાં તમે સમાવ્યું છે. આભાર. "ઓપિનિયન"ના નવા અવતારના કામોમાં કયાં ય સહાયરૂપ થવાનું હોય તો જરૂર કહેજો. ગમશે.

**- દીપક બી. મહેતા**

e.mail : deepakbmehta@gmail.com

• "ઓપિનિયન"ના ડિજિટલ અવતાર માટે અભિનંદન સ્વીકારજો. કંઈક નવું નવું કરવાના, સમયસર કરવાના તમારા વિચારો અગત્યના અને ઊંચેરા હોય છે. આ અંક સારો થયો છે, તે માહિતીપ્રદ પણ છે. તમારા પ્રયાસ ઊંચા શિખરો સર કરો.

**- જય ગજ્જર**

e.mail : gajjar@mail.com

• અભિનંદન. આ અવસરે મને યાદ કરીને આ ડિજિટલ નકલ મોકલવા માટે તમારો આભાર માનું છું. આ નવાં સોપાનને સારુ તમને શુભ કામનાઓ પાઠવું છું.

**- કાન્તિલાલ દાવડા**

e.mail : kantilal@tejobrinde.pt

• અભિનંદન. ઊંચું કામ છે.

**- ઈલા ગાંધી**

e.mail : egandhi@gdt.org.za

• ગુજરાતી સાહિત્ય અકાદમી તમને માનદ્ અધ્યેતાપદ એનાયત કરે છે તે સમાચારથી હું આવેશમય બની છું. તમને હાર્દિક વધાઈ હજો. તમે આવા પદને લાયક જ છો.

"ઓપિનિયન"ની ડિજિટલ નકલ મળી છે. ધન્યવાદ. છેલ્લે પાને મારો કાગળ વાંચીને અચરજ થયું. તે તમારે માટે જ હતો. બીજાં બધાં વાંચે તેનો મને કોઈ જ વાંધો નથી. મારે તો જોરશોરથી સૌની પાસે તમારી યશોગાથા ગાવી છે.

**- કુસુમ શાહ**

e.mail : kusum@w3systems.net

• મિત્ર, ખૂબ ખૂબ અભિનંદન !!! "ઓપિનિયન" દિન બ દિન પ્રગતિશીલ અને કાર્યરત રહે એવી અભ્યર્થના.

**- સોલી કાપડિયા**

e.mail : solidkapadia@gmail.com

• આભાર. પરદેશ વસતાં ગુજરાતીઓનાં જીવનમાં તેમ જ ગુજરાતી સાહિત્યમાં તેમનાં પ્રદાનનું ઉચિત સ્થાન મેળવવા તમે અલબત્ત ગણમાન્ય ફાળો આપ્યો છે. ઘણું બધું કહેવાયું છે અને તમારી પ્રાપ્તિઓ માટે ફરી ફરી વાત કરવી નથી. સ્નેહાદાર.

**- જયંત મહેતા**

e.mail : mehtaj@mail.etsu.edu

• મિત્ર કે વાચક ? મારે માટે ય સવાલ છે. પહેલાં શું ? મને લાગે છે કે સૌ પહેલાં હું "ઓપિનિયન"નો વાચક બન્યો અને પછી તમારો મિત્ર થયો. આમ એક વાચક તરીકે અને મિત્ર રૂપે "ઓપિનિયન"ના આ ડિજિટલ સ્વરૂપને આવકારું છું. મને તમારામાં વિશ્વાસ છે અને મને ખાતરી છે કે તમારામાંનો તેજવાન ઘોડો દોડમાં પાર પડવાનો છે.

આ અંકમાં 'બા'ની કવિતા જોઈ. ૧૧ ઍપ્રિલના મેં મારાં સાસુ ગુમાવ્યાં. તેમની યાદમાં એક કવિતા ય કરી છે. મને યુનાઇટેડ કિંગ્ડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા આવવા માટે તેમણે જ મને પ્રોત્સાહિત કરેલો. મારા એકાદા લેખમાં આ વિગતો મેં મૂકી જ છે. અતુલ સવાણી. આછું આછું સાંભળે છે કે તે વચ્ચે અમેરિકા આવેલા. આવતાં પહેલાં તેમણે મને રશિયાથી પત્ર લખેલો. તેમના સ્થાનિક સરનામે મેં સંપર્ક કરવાનો રાખેલો, પરંતુ ત્યાં સુધીમાં તો તે ત્યાંથી નીકળી ગયા હતા. પ્રદ્યુમ્ન તન્ના છેલ્લીવાર આવ્યા ત્યારે આવું તેમના દાખલામાં ય બનેલું. "ગુર્જરી" તંત્રી કિશોર દેસાઈએ તેમના નિવાસસ્થાને એક બેઠકનું આયોજન કરેલું. લગભગ તે જ સમયે મારા સાળા કેલિફોર્નિયાથી આવી રહ્યા હતા અને હું રોઝાલ્બાબહેન તથા પ્રદ્યુમ્નભાઈને મળવા જઈ ન શક્યો. તે ફછી, વળતા સમાચાર આવેલા કે પ્રદ્યુમ્નભાઈ મોટી જાતરાએ જવા નીકળી ગયા. પંકજ જોશી, મનેશચંદ્ર કંસારા, પોપટલાલ પંચાલ અને વિનય કવિને બહુ નજીકથી મળવાનું અને જાણવાનું થતું અને તેના મૂળમાં "ઓપિનિયન" જ છે. તે દ્વારા તો તે દરેકનો મને પરિચય થયેલો. વિપુલભાઈ, કેટલાં નામો ગણાવું ? કુસુમબહેન, ભદ્રાબહેન, વલ્લભભાઈ, જગદીશભાઈ,

રમણભાઈ, ઉપેન્દ્રભાઈ, ગિરીશભાઈ, વનુભાઈ, ડાહ્યાભાઈ, દીપકભાઈ, અદમભાઈ, નિરંજનાબહેન, નૂરબાનુબહેન, રજનીકાન્ત, રમણીકલાલ અને કેટલાં બધાં. આમાંનાં કેટલાંકને ઑગસ્ટ ૨૦૦૪ના મારા પ્રવાસ સમયે મળવાહળવાનું બનેલું. રજનીકાન્ત મહેતા અને અદમ ટંકારવી તો અહીં પણ આવી ગયા છે. અમે ખૂબ ગપાસપા કરેલા. આ સઘળું તમારે લીધે અને "ઓપિનિયન"ને કારણે શક્ય બની શકેલું.

"ઓપિનિયન"ને સાથે તમે આગળ ધપી રહ્યા છો જોઈજાણી રાજી થઉં છું. તમારા આવા દરેક પ્રયાસમાં અમે ય રાજીરાજી થતા રહીશું. ચાલો, તમારા સપનાઓ /ને મનોરથો પાર પડે તેવી શુભકામનાઓ હજો.

**- પ્રવીણ સી. પટેલ 'શશી'**

e.mail : pcpatelxshashi@aol.com

• આજના દિવસનું આ સૌથી મોટું અનપેક્ષિત આશ્ચર્ય હતું.

**- રતિકાકા**

e.mail : rpchandaria@comcraft.com

• આ નવા ડિજિટલ સ્વરૂપનું સ્વાગત કરું છું. તમને શ્રેષ્ઠ કામનાઓ હજો. તમે અંગ્રેજી સામગ્રીને સાથે સાંકળવાનું હવે ટાળ્યું છે, તેમ લાગે છે.

**- તુષાર ભટ્ટ**

e.mail : btusharster@gmail.com

• મારે માટે તો તમે મુંબઈમાં હતા અને "જન્મભૂમિ"માં જોડાઈ, પત્રકારત્વનો વ્યવસાય તમે આદરેલો ત્યારથી તમે મારા મિત્ર બની ચૂક્યા છો. (તે દિવસોમાં હું "વ્યાપાર"માં કામ કરતો હતો.) તમે મિત્રરૂપે ચાલુ રહ્યા છો અને હંમેશ માટે તેમ જ રહેવાના છો. મારે માટે તો પેલો યુવાન વિપુલ સાંભરે છે જે લાક્ષણિક ખાદીસજ્જ થઈ પત્રકારત્વમાં પલોટાયેલો.

તમારા લોકપ્રિય સામયિક "ઓપિનિયન"ને તમે ડિજિટલ સ્વરૂપ આપ્યું છે તેને સારું હું તમને હાર્દિક વધાઈ પાઠવું છું.

**- માવજીભાઈ મુંબઈવાળા**

e.mail : mavjibhai@gmail.com

• ડિજિટલ "ઓપિનિયન"નો અંક મળ્યો છે. આભાર. તમે બહુ જ ઉમદા કામ કરેલું છે. તે ચાલુ જ રાખજો. ગુજરાતી ભાષાનો હું તજજ્ઞ નથી અને વાચક પણ નથી. હું તો તમારો મિત્ર છું. શુભ કામનાઓ.

**- પ્રફુલ્લ પટેલ**

e.mail : prcpatel@vsnl.com

• "ઓપિનિયન"ના ડિજિટલ અવતારની નકલ મોકલવા માટે તમારો આભારી છું. "ટાઈમ્સ ઑવ્ ઈન્ડિયા" અને "જંગ"ના" પ્રકાશકો દ્વારા 'અમન કી આશા' નામે એક અભિયાન ચલાવવામાં આવે છે, તેની તમને માહિતી હશે જ. યાકૂબભાઈ માન્ક 'મહેક'ને તેમ જ મને 'સરહદ કી દોનો ઓર ચહકતા ચમન રહે'ની પંક્તિ આપી ગઝલ લખવાનું હાલમાં ઈજન અપાયેલું. મેં લખી હિન્દી - ઉર્દૂ મિશ્રિત ગઝલની પ્રત આ સાથે રવાના કરું છું.

**- સિરાજ પટેલ 'પગુથનવી'**

email : siraj_patel@ntlworld.com

• સહૃદ અભિનંદનો. ખુબ જ આભાર. તમારા જેવા અવતાર અનેક અવતારો પેદા કરી શકે.

**- ઈમ્તિયાઝ પટેલ**

e.mail : imy.patel@hotmail.co.uk

• અભિનંદન ! આપણી વયે જે ઘણા બધા સ્વાભાવિક ટાળવાનું રાખે છે તે ટેકનોલોજી ક્ષેત્રની પ્રગતિને આંબવા તમે આગળ વધવાનું પસંદ કર્યું અને સફળ બન્યા છો. પશ્ચિમી જગતના વૈજ્ઞાનિક પરિસરને સારુ આપણી ભાષાની તેમ જ પ્રાચીન ડહાપણયુક્ત સંસ્કૃતિની ઉન્નતિ માટેનાં કામોમાં તમે ખૂંપ્યા રહો, તેવી તમારી આ કોશિશો સારુ શુભ કામનાઓ પાઠવું છું.

ભદ્રાબહેનને મારાં સ્નેહસ્મરણો પહોંચાડજો. મોડું થતું હોય તેમ લાગતું હશે, પરંતુ 'ભારેલો અગ્નિ'ના અનુવાદનું કામ ધીમી ગતિએ તેના અંતિમ ધ્યેયલક્ષી બિંદુએ પહોંચવા આગળ વધી રહ્યું જ છે. તમને માહિતગાર રાખીશ.

**- નૂરદ્દીન કાસમ**

e.mail : nmk@telus.net

• "ઓપિનિયન"ના અંક પરથી ખબર પડી કે "ઓપિનિયન"ની કાગળ પરની આવૃત્તિ જ બંધ પડી છે, ઈન્ટરનેટ આવૃત્તિ તો જીવંત જ છે. જરા હું બની ગયો, અજંપો ઓછો થઈ ગયો. … હાશ !

ઈન્ટરનેટમાં મૂકતાં સાથોસાથ રંગ, સંગીત પણ ઉમેરી શકાય છે. તેનો ઉપયોગ કરીએ તો કાયાકલ્પ થઈ જાય ! થોડો વિચાર કરી હું ફરી લખીશ. ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**- કિશોર રાવલ**

e.mail : raval.kishor@gmail.com

• અરે ભાઈ, તમે તો મારા બાર - બાર નહીં. બે (અને તે પણ રાતના બે) વગાડી દીધા. પહેલેથી છેલ્લે સુધી એક જ બેઠકે વાંચી ગયો. ખૂબ આનંદ આવ્યો.

**- કુશમન્દરાય ભચેચ**

e.mail : bkushb@yahoo.co.in

• ક્યાંક આપણા પોતાનાથી જ નથી રહેવાતું એટલે કર્મ કાર્ય જ કરીએ છીએ; અને કર્મ કરીએ એટલે આશા પણ રાખીએ જ. બધાની બધી આશા પૂરી ન થાય, તેની સભાનતા સાથે અને વારંવાર નિરાશ થયા પછી પાછા જાતમાંથી જ નવી આશા ખોળીને, વળી, આગળ ચાલીએ. જીવનની મજા જ એ છે.

"સલામતી" શરૂ કર્યાને વીસ વર્ષ ઉપર થયા તેમાં સમાજની કેટલી જરૂરિયાત જેવું બધું વિચારેલું નહિ. એટલે કે મને તો લાગ્યું કે સમાજને જરૂર છે. જે મને જરૂર લાગી તે તેમણે ટેકો કર્યે રાખ્યો છે. ૫૦૦થી વધુ નકલો જતી નથી. અને એ વધે તે માટે પ્રયાસો કરવાનો સમય મારાથી આપી શકાય તેમ નથી. એટલે સંતોષ માનીને ચાલવાનું. ક્યારેક એમ લાગે કે આપણે આટલી મહેનત કરીએ છીએ, પણ કેટલા સુધી પહોંચે છે ?

ખેર ! તમે પ્રયાસો ચાલુ રાખો છો, તે જ મહત્ત્વનું છે. નેટ દ્વારા હવે કદાચ વધુ લોકો સુધી પહોંચી શકાય. અભિનંદન અને શુભેચ્છાઓ.

**- જગદીશ પટેલ**

e.mail : jagdish.jb@gmail.com

• ઈન્ટરનેટ પર વાંચેલા માર્ચ અંકમાં કદમ ટંકારવીની એક કવિતા છે : '… બચાવી નહીં શકો !' આપણી કોઈ પણ ફરિયાદ હોય, પરંતુ આ આપણો મુલક છે અને તેની સુખાકારી સાથે કોઈ જ ચેડાં ચલાવી શકાય નહીં. જે કંઈ પ્રકાશિત થતું રહે છે તેને સારુ સંપાદકીય અંકુશ રહેવો જરૂરી છે.

**- નીતિન મહેતા**

e.mail : animalahimsa@yahoo.co.uk

## ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા સોનાની ખાણ સમ

• બહુ સરળતાએ વાંચવો ગમે તેવો "ઓપિનિયન"નો ડિજિટલ અંક બહાર પાડવા માટે તમને હાર્દિક વધાઈ હજો. તેના વિકાસ અને ક્ષમતા વિસ્તરજો ! "ઓપિનિયન"ના આ નવીન અવતાર માટે "ઓપિનિયન"ને અને તમને અભિનંદન. ગુજરાતી સાહિત્ય અકાદમી તમને માનદ્ અધ્યેતાપદ એનાયત કરે છે તે જાણી આનંદ થાય છે. તમે ઇચ્છો છો તેવું હવે તમે લેખનકાર્ય કરી શકો, તમે ચાહો તે વાંચી શકો અને પસંદ હોય તે કરી શકો. જીવનની ફળદ્રુપતાને ખૂબ માણજો.

"ઓપિનિયન"નો આ એપ્રિલ અંક વાંચવાની, પહેલા પાનથી છેલ્લે સુધી, મજા પડી. મને પ્રકાશ ન. શાહ, અશોક વિદ્વાંસ અને મગનભાઈ કરાડિયાના અને અલબત્ત તમારા લેખ ગમ્યા છે. તમારા લેખમાં કેટલાક અગત્યના મુદ્દાઓ છેડવામાં આવેલા છે. ઈસ્માઈલભાઈ હીરાણી જેવા નિઃસ્વાર્થી લોકોની અગત્યની દેણગી અંગે તમે કહો છો તેમ જરૂરી સંશોધનકામ થવું આવશ્યક જ છે. એક મૂળ ભારતીય અધ્યાપક અમેરિકામાં ભણાવતા હતા તે સાંભરે છે. તે ઈન્દુલાલ યાજ્ઞિક વિશે ઊંડાણમાં જઈ વિગતો આપીને વાતો કરતા રહેતા હતા. ઈન્દુલાલની આત્મકથા કેટલી સરસ સોનાની ખાણ સમી છે ! મને પૂછવાનું મન થાય, ભલા, કેટલા ગુજરાતીઓએ તે વાંચી હશે ? તે ગ્રંથો વાંચીને આપણે જ્ઞાનવૃદ્ધિ કરી જ છે તેનો આનંદ છે. તમારા લેખમાં મણિબહેન કારાનો ય ઉલ્લેખ છે. એક શક્તિશાળી અને વીર સ્ત્રીઆગેવાનનાં મને તેમનામાં દર્શન થયેલાં.

**- ઉષા ઠક્કર**

e.mail : ushathakkar@yahoo.com

## હિન્દની આઝાદીની લડતમાં દક્ષિણ ગુજરાતનાં ગામોનું પ્રદાન

• "ઓપિનિયન"ના પહેલા જ ડિજિટલ અંકમાં મગનભાઈ બી. કરાડિયાનો માહિતીસભર લેખ 'ઝિંદાદિલ રાષ્ટ્રપ્રેમની ગૌરવગાથા' વાંચી આનંદ થયો. નવસારી અને જલાલપોર કાંઠાના પચીસત્રીસ ગામોનાં લોકોનું દેશની આઝાદીની લડતમાં ગૌરવ લઈ શકાય, એવું પ્રદાન હતું. દાંડી, કરાડી અને મટવાડની ઇતિહાસે નોંધ લીધી છે. મીઠના કાયદાભંગ, બાપુનું કરાડી ગામમાં ૨૨ દિવસ રહેવું અને 'હિન્દ છોડો'ની અગત્યની પ્રવૃત્તિઓને આજુબાજુના લોકોએ આ ત્રણ ગામોને મધ્યવર્તી બનાવ્યાં છે.

આ વિસ્તારના લોકોનો દક્ષિણ આફ્રિકામાં બાપુ સાથેના સાથસંબંધને લીધે લોકોમાં જાગૃતિ આવી અને દેશને જ્યારે જરૂર પડી, ત્યારે તેઓ એમના ગામબંધુઓ સાથે મોટી સંખ્યામાં બલિદાન માટે તૈયાર થઈ ગયા.

તે સમયના ઇતિહાસની નોંધ છૂટાછવાયા લેખો અને ચોપડીઓમાં છે, પણ નામધામ અને ખાસ કરીને શિક્ષણ વિકાસની નાનીમોટી વિગતો સાથે તારીખવાર માહિતી આપી મગનભાઈએ આ વિસ્તારના લોકોની ઝાઝેરી સેવા કરી છે.

**– કેશવભાઈ જે. પટેલ**

e.mail : kjspatel@yahoo.co.uk

## લેખમાં પાંચાકાકા જાણે કે ગૌણ વ્યક્તિ બની ગયા !

• "ઓપિનિયન"ના ઍપ્રિલ માસના અંકમાં મગનભાઈ કરાડિયાના 'ઝિંદાદિલ રાષ્ટ્રપ્રેમની ગૌરવ ગાથા' નામનો લેખ જોવા મળ્યો. રસપૂર્વક વાંચ્યો. આનંદ થયો. લેખ ગમ્યો. દક્ષિણ ગુજરાતના કાંઠા વિસ્તારના ભૌગોલિક, આર્થિક અને સામાજિક માળખાંનો પરિચય તાજો થયો. મગનભાઈ પાસે આવી માહિતીઓનો ભંડાર ભર્યો છે. લેખ ખૂબ માતબર બન્યો છે. અભિનંદન, મગનભાઈ.

ડિસેમ્બર ૨૦૦૮માં તેમને કરાડીમાં મળવાનું બનેલું ત્યારે તેમને મેં વિનંતી કરેલી કે કાંઠા વિભાગનો ઇતિહાસ લખાવો જોઈએ. આવતી કાલની પેઢીને તેમનો વારસો જાણીને ગૌરવ થશે. કંઈ નહીં તો પોતાની આગલી પેઢીનો પરિચય તો થશે જ. આજની યુવા પેઢી સાચો માર્ગ ભૂલી છે એવું લાગતું નથી ?

ચોવીસ પાનાંનાં "ઓપિનિયન"માં ફોટાઓ સાથે, આ દસ પાનાંનો લેખ છપાયો છે. કોઈ પણ સમાચારપત્ર, પખવાડિક કે માસિકમાં આટલો લાંબો લેખ સમાવેલો મારા વાંચવામાં આવ્યો નથી. આખા લેખનો આ અંકમાં સમાવેશ કરવા બદલ "ઓપિનિયન"ના તંત્રીને અભિનંદન.

એક હકીકત પ્રત્યે મગનભાઈ કરાડિયાનું ધ્યાન દોરવાનું મન થાય છે. આ લેખમાં તેમનું ફૉકસ મુખ્યત્વે આચાર્ય મણિભાઈ પટેલ, દિલખુશભાઈ દીવાનજી અને પાંચાકાકા પર રહ્યું છે. તેમનું આ ફૉકસ જો કે વારંવાર આચાર્ય મણિભાઈ પરે વિશેષપણે રહ્યું છે. દિવાનજીભાઈ ગાંધીજીની વિચારશ્રેણીને વરેલા હતા. એટલે કે તે વેળાની આચાર્ય મણિભાઈ પટેલની દેખાતી 'હિંસક' પ્રવૃત્તિ સાથે ભળવા નહોતા માગતા. પાંચાકાકા પણ ગાંધીજીને અનુસરનારા હતા. આ ત્રણેય વ્યક્તિઓમાંથી ગાંધીજીનો સીધો સંબંધ પાંચાકાકા સાથે રહેલો. પણ આ લેખમાં પાંચાકાકા ગૌણ વ્યક્તિ બની ગયેલા દેખાય છે.

આ કાંઠા વિસ્તારમાં કયાં કયાં ગામનો સમાવેશ થાય તેની સમજણ રાખી તેનો ઉલ્લેખ કરાવો જોઈએ. લેખકની ત્રિજિયામાં આ કાંઠા વિસ્તારમાં જલાલપોર આવે ખરું કે? ગાંધી કુટિરમાંથી ગાંધીજીને ગિરફતાર કરીને હાંસાપોરની રેલવે ફાટક આગળથી ટ્રેનમાં એમને બેસાડવામાં આવ્યા એ સ્થળનો પણ આ લેખમાં ઉલ્લેખ કરાયો નથી. લેખકની આંખ કેમેરાના લેન્સ જેવી હોવી જોઈએ. અને પછી લેખકે તેને અનુકૂળ પોતાની ત્રિજિયા રચવી જરૂરી બને છે. ખેર !

વારુ, આ સમૂળગા વિષય પર યુનિવર્સિટીના કોઈ સ્નાતક મહા-નિબંધ કરી શકે અને મગનભાઈ કરાડિયા જેવા લેખક તેમને આ કાર્યમાં સહાય કરી શકે. આ સૂચિત ગ્રંથ કરાડીના મિત્રો તૈયાર કરાવી શકે. આ કામ એક તપ સમાન છે. કરાડીના મિત્રો ખમતીધર છે. આ માટેનો ખર્ચ એળે જવાનો નથી, તેની ખાતરી મને પારાવાર છે.

**– રમણભાઈ ડી. પટેલ**

[62, Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

## મર્યાદા ખરી કે નહીં ?

• "કુમાર"ના અસલ તંત્રી બચુભાઈ રાવત વિષે ઉમાશંકર લખે છે : 'નાની નાની બાબતમાં પણ કોઈનો આભાર માનવાનું બચુભાઈ ન ચૂકે. કોઈ સભ્ય અંગ્રેજનો આત્મા અમદાવાદમાં આવી ચડ્યો હતો એમ જ લાગે.' તે ઉપરાંત, પોતાના વખાણની પ્રત્યેક તકને બચુભાઈ રાવત વાળીટાળી નાખતા !

૨૮.૦૩.૨૦૧૦નો કાર્યક્રમ એ "ઓપિનિયન"ની શોકસભા હતી કે પ્રેતશલ્ય [post mortem] એ કળવું મુશ્કેલ હતું. સવારના દસથી રાતના દસ દસ સુધી કેટલીક બહેનો આવી ચર્ચા કરવા તૈયાર હતી ! આલો-માલો એકબીજાનાં વખાણ કરતાં થાકે જ નહીં ! વિપુલ કલ્યાણીને કોઈ વેઠે પકડી ગયું ન હતું ! તેમણે પોતાનું મનપસંદ કામ સ્વેચ્છાએ કર્યું હતું. આ જ ધોરણ જાળવીએ તો, બચુભાઈ રાવતનાં વખાણ કરવાં માટે સાત દિવસની પારાયણ માંડવી પડે ! ૪૦ વરસથી ઇંગ્લૅન્ડમાં રહેતા આ સાહિત્યરસિકો ગાંધીકથા અને હનુમાનચાલીસાના રસિક શ્રોતાઓ છે ! આજથી ૪૦૦ વરસ પહેલાં ઇંગ્લૅન્ડના પ્રવાસે આવેલ એક ઇટાલિયને આ નોંધ કરી હતી : 'આ દેશમાં વ્યક્તિ નહીં પણ સંસ્થા અને પરંપરાને આધારે વહીવટ ચાલે છે.' વ્યક્તિ કરતાં સંસ્થા અને પરંપરા વધારે દીર્ઘજીવી હોય એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. ઘોડો ઘરડો થાય એટલે ઘોડાગાડીને ભાંગી નાખવી એ વિચાર બુદ્ધિવર્ધક જણાતો નથી. ઘોડાગાડી બે કે ચાર ઘોડાની પણ હોઈ શકે.

લન્ડનમાં જણાતી ગુજરાતી સાહિત્યની તડાંબાજીનું મૂળ ગુજરાતમાં જ હોઈ શકે. ૪૦ આસપાસના કોઈને તંત્રીપદ માટે પલોટવાનો યત્ન થયો નથી. "ઓપિનિયન"નું અસ્તિત્વ ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસનું અંગ આ દેશ પુરતું હોય તો, અકાદમીનું સંચિત ધન આ માસિકના પ્રકાશન માટે ખરચવાનો પ્રસ્તાવ ભયંકર લાગતો નથી. મારા જેવા હાંસિયે ઊભેલ લોકોએ કરેલાં રચનાત્મક સૂચનોને હસી કાઢવામાં આવ્યાં છે. ગુજરાતી ભાષાને ટકાવી રાખવા માટે કોઈનાં હાડ ચામના બલિદાનની જરૂર નથી. હીબ્રુ અને ઈડિશ્ ભાષાને ટકાવી રાખવા માટે યહૂદી લોકોએ કરેલા યત્નોનો અભ્યાસ થતો નથી. પૈસાનો અભાવ નથી જ. સરેરાશ બ્રિટનવાસી ગુજરાતી વયાસની (પેન્શનર) મોટી રકમ વારસામાં આપે છે. તેમાંથી ૫ - ૧૦ ટકા દાનમાં આપવાનો વિચાર પણ લોકપ્રિય થતો નથી. આ પ્રકારના વિચારપત્રમાં ત્રણેક સભ્યોનું સમ્પાદકપદ હોઈ શકે. સાહિત્યમાં કથાશ્રોતાની ભાવુકતા બહુ ઉપયોગી થતી નથી. માનુષી ભગવાનમાં માનતી પ્રજાને વિચારની ગંભીરતાની મર્યાદા નડે છે. તેના છાંટા સાહિત્યને પણ ઊડે છે. તંત્રી અને પત્ર વિષે સમાન ધોરણે ચર્ચા થાય એવું બીજે ક્યાં ય જોયું નથી. "ઓપિનિયન"નું જીવન અને મરણ નવા પ્રશ્નો ઊભા કરે છે.

હિન્દુસ્તાન જેવા દેશમાં સાહિત્યનાં સામયિકો માત્ર બે રૂપિયાના રાહત દરે મોકલવાની સગવડ છે. એવી જ માગણી અહીં થવી જોઈએ. જાહેરાત ન લેનાર અને વિચારપ્રેરક્તાને વરેલ સાહિત્ય-શિક્ષણના સામયિકની શરૂઆતની ૫૦૦ નકલો માત્ર દસ પેન્સમાં ટપાલની રવાનગી અવશ્ય પામી શકે. આ અંગે લઘુમતી ભાષાવર્ગ પોતાની રજૂઆત પણ કરી શકે. અમદાવાદ જવા માટે સીધી વિમાનસેવાની માગણી થાય છે, તેવી જ ઝુંબેશ આ બાબતે થઈ શકે. દરેક નાત આવા માસિકપત્રની સો નકલો ખરીદવાની બાંહેધારી પણ આપી શકે. યહૂદી લોકો પોતાના સમાજની બધી જરૂરિયાતોને પોતાનાં સાધનોથી પહોંચી વળવા લગભગ સમર્થ હોય છે. તે અનુકરણને પાત્ર છે.

આપણા સમાજની એક નબળાઈ એ છે કે, અમુક નેતાના ભેજામાંથી બહાર પડેલો વિચાર જ અનુકરણને પાત્ર ઠરે છે. તે માટે ઘણી વાટ જોવી પડે છે. તે વિચાર ઉત્કૃષ્ટ ન પણ હોઈ શકે. બાર વરસના કમલ નયન બજાજ સાથે ગાંધીજી દલીલ કરી શકતા. જ્યારે આપણા આગેવાનો પ્રેરણા માટે ગ્રીસ્ પહોંચે છે ! કોઈ એક જ વ્યક્તિના બધા વિચારોને અપનાવી લેવા એ નબળા મનની નિશાની છે : કથાશ્રવણમાંથી ઉપજેલી લાચારી પણ હોઈ શકે ! તમે ક્યાં ઊભા છો એ ઉપરથી કેટલે સુધી જઈ શકો તેમ છો એમ પણ સિદ્ધ થાય.

**– રમણીકલાલ કા. ભટ્ટ**

[87, Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

# મંથન

• પ્રીતમ લખલાણી

ગામ આખા માટે આ એક કોયડો હતો. શાંતિકાકાનું નામ શાંતિલાલ હતું, પરંતુ તેમના જીવનમાં નામ પ્રમાણે તેમનામાં એકેય ગુણ ક્યાંય શોધ્યો જડે નહીં.

આમતો, કોઈ શાંતિલાલને કારણવિના કોઈ વતાવે નહીં. કોઈ નવો સવો માણસ ભૂલથી શાંતિલાલને પૂછી બેસે કે, કાકા કેમ છો? બસ પૂછનારું આવી જ બને, શું એલા તને કોઈ કામધંધો નથી કે કારણ વિના મારું માથું ખાવા આવ્યો છે? અહીંથી આઘો ટળ, કંઈ કામધંધો કર અને જો એમાં મન ન લાગતું હોય તો, ગામને છેવાડે ધીરુ પાનવાળાનો ગલ્લો આવેલ છે ત્યાં જઈ પાન ચાવ, ને પછી થૂંકી થૂંકીને ગામનો રસ્તો અથવા ગામ-પંચાયતની કચેરીની ભીંતો બગાડ. જો તને એ કામ ન ફાવે તો, ત્યાં નવરા બેઠા નખ્ખોદ વાળતા પંચાતયા પાસેથી બીડી માગી ધુવાડો કર પણ અહીંથી મારો જીવ ખાતો આઘો મર.

માણસ તો શું? ગામનું ઢોરઢાંખર પણ શાંતિકાકાને દૂરથી આવતા જુવે એટલે શેરી બદલી લે, તેમને પણ ખબર કે દેવદર્શન મૂકીને નકામા હનુમાનને ઠેબે ક્યાં ચઢવું? કાકાને જો કોઈ સવારમાં હડફેટે ન ચઢ્યું હોય તો આ ઢોરઢાંખરના બરડે શેરીમાંથી જતા જતા એકાદ લાકડી ફટકારી દે.

શાંતિલાલને બે દીકરા, સ્વભાવે બંને દીકરા બાપ કરતાં વિશેષ! બંને સુશિક્ષિત અને શાંત. દીકરાઓની વહુઓ લક્ષ્મી અને સરસ્વતીની તો વાત જ શું કરવી? પતિ જેવી સુશીલ અને સેવાભાવી. સાસુ જયાગૌરીના મૃત્યુ પછી બંને વહુઓ શાંતિકાકાનું ધ્યાન સગા બાપ જેટલા હેતથી રાખે, પણ શાંતિકાકા કારણ વિના વહુઓનો વાંક કાઢી દૂધમાંથી પોરા કાઢ્યે રાખે. બપોર ટાણે કાકા ગામમાં આંટાફેરા કરી જમવાના વખતે ઉંબરે આવી ચઢે. બંને વહુઓમાંથી જે રસોડામાં હોય તે શાંતિકાકાની થાળી તૈયાર કરી, ઓસરીમાં કાકા જ્યાં બેઠા હોય ત્યાં કાકાની સામે પાણીનો લોટો અને થાળી આવીને મૂકી જાય.

બસ કાકાની જીભ શરૂ થઈ જાય. શું હું તમને કૂતરો દેખાઉં છું કે થાળીમાં બે રોટલા નાખીને થાળી મારી આગળ મૂકી દીધી. જો થાળીમાં પીરસેલો રોટલો જરા ઊકળતો ગરમ હોય તો, કાકાનો પિત્તો જાય, કાકા બરાડી ઊઠે. આવો ધગધગતો રોટલો થાળીમાં નાખી દીધો છે, મોઢામાં નાંખતા જ મોઢું તો શું જીભ પણ બળી જાય. તમારે મને જીવતા જીવ જ બાળી નાંખવો લાગે છે. હું તમને કહી દઉં છું, જરા કાન દઈને સાંભળી લે જો. આમ જીવતા જીવ બળી જાય એ શાંતિલાલ નહીં, એ બીજા શું સમજ્યા! ક્યારેક શાંતિકાકાની થાળી પીરસાઈ ગઈ હોય અને કાકાને આવતા જરાવાર થઈ ગઈ હોય તો, થાળીનો રોટલો હાથમાં લેતાં બરાડી ઊઠે, 'અરે વહુ તમારી સાસુ દસ વર્ષ પહેલા સ્વર્ગે સિધાવ્યા હતા તેના દાડાની રસોઈ તમે આજ મને થાળીમાં નાંખી દીધી છે. આ ઠંડા ઠિકરા જેવો રોટલો મને ખવડાવવાને બદલે તમારા બાપને અહીં બોલાવીને ખવરાવો તો તમારા બાપને ખવરાવો તો તમારા બાપને પણ ખબર પડે કે, દીકરાની વહુઓ એના સસરાને કેમ રાખે છે! રસોડામાં ઊભી વહુઓ સસરાની વાત સાંભળી હસી લે. બસ એ તો સમયે શીખી ગઈ હતી કે ડોસાની વાત પર બહુ ધ્યાન ન આપવું. ડોસાનો તો આ સ્વભાવ છે. આ તો રોજનું થયું. જો આવી નાની વાતો પર ધ્યાન આપવા જઈએ તો આપાણી જિંદગી પણ ધૂળધાણી થઈ જાય. બંને વહુઓ શાંતિલાલની વાત આગળ કાન આડા કરી લે.

ગામમાં બે-ચાર નાના મોટા મંદિર પણ શાંતિકાકાને મંદિર સાથે ખાસ કંઈ લેવા દેવા નહીં. ગામના છેવાડે ધીરુ પાનવાળાના ગલ્લાથી થોડે દૂર એક જૂનો પુરાણો નામનો કહેવાતો બાગ હતો. બાગમાં ક્યાંય કોઈ ઝાડપાન કે ફૂલ પાનવાળા લીલાછોડ નજરે ચઢે નહીં. બે-ચાર ઠૂંઠા ઝાડ તળે, ગામ પંચાયતે ચારપાંચ લાકડાના બાંકડા મૂકી દીધેલા. ગામવાળા આ જગ્યાને બાગ કહીને સંબોધતા. આ બાગના છેવાડે પડેલા એક બાંકડા પર શાંતિલાલનો અડ્ડો. શાંતિલાલ સિવાય ભાગ્યે જ કોઈ ગામવાળું આ બાગમાં ફરકે. કદાચ કોઈને બાગમાં બે ઘડી નિરાંતે બેસવા જવું હોય તો પણ ન જાય, દૂરથી શાંતિલાલના દર્શન થાય એટલે ત્યાંથી જ પાછા ફરી જાય. શાંતિકાકા એકલા બાંકડે બબડ્યા કરે અને ઠૂંઠા ઝાડે કાઉં કાઉં કરતા કાગડાને કાંકરા મારી ઉડાડયા કરે. શાંતિકાકાનો આ રોજનો કાર્યક્રમ.

આજે સવારથી શાંતિલાલને નસીબે એકેય કાગડો બાગમાં ફરક્યો ન હતો. કાગડાની રાહ જોતાં શાંતિલાલને ખબર ન રહી કે સવારનો સૂર્ય તપતો છેક મધ્યાહ્નને માથે આવી ગયો. મનમાં ધૂવા ફૂંવા થતા બેઠા હતા. એવામાં એક બેચાર દિવસ પહેલા જન્મેલ એક ગલુડિયું ધીમં ધીમું બાખોડિયા ભરતું શાંતિલાલ જે બાંકડા પર બેઠા હતા ત્યાં આગળ રમવા માટે આવી ચઢ્યું. શાંતિલાલે બાજુમાં પડેલ લાકડી વડે બે ચાર હળવેકથી ગોદા મારી, ગલુડિયાને ધુતકારીને તગડવાની કોશિશ કરી. કાકા ઘડીયે ઘડીયે પાસે આવી ચઢેલા ગલુડિયાને તગેડી બાગમાં થોડે દૂર સુધી મૂકી આવે. કાકા જેવા પાછા ફરી બાંકડે જમાવે, ગલુડિયું પાછું હડી કાઢતું આવી બાંકડા પાસે પડેલા જોડા અને કાકાના ખુલ્લા દેખાતા પગને ચાટવા માંડે. કાકાએ દસથી બાર વાર ગલુડિયાને લાકડી પછાડી દૂર ધકેલી દીધું. ગલુડિયું થોડે દૂર જઈ જેવી પાછી તેમની નજર ફરે એટલે કાકાના પગ પાસે આવી કાકાના પગના જોડા જોડે રમવા માંડે.

આખરે કાકા થાકી ગયા. તેમનો ગુસ્સો ઓગળવા માંડ્યો. તેમને હવે આ ગલુડિયા જોડે રમવામાં મજા પડી. તેમણે લાકડીને બાંકડા પર એકબાજુ મૂકી. જેવું આ વખતે ગલુડિયું નજીક આવ્યું એવું જ તેડી લીધું. 'કેમ અલ્યા, તને મારી જરાય બીક નથી લાગતી? શું ભાળી ગયો છે મારામાં કે મારો કેડો મૂકતો નથી? ગલુડિયું નાના બાળક સમું ખુશખુશાલ હૈયે શાંતિકાકા સંગે રમતું, હાથે, પગે અને ગળે તેમને ચાટવા માંડ્યું.

આજ ગલુડિયા જોડે રમતા શાંતિકાકાના હૈયે પહેલીવાર ચમત્કાર થયો. આ જાનવર જેવું જાનવર માણસ જોડે આટલો પ્રેમ પૂર્ણ વર્તાવ કરી શકતું હોય તો, ભલા માણસ તો શું ન કરી શકે! અરે હું શું આ ગલુડિયા કરતા પણ બદતર છું. આ પ્રશ્ન કાકાએ પોતાની જાતને પૂછ્યો. ખરેખર માણસ શું છે? એનો સાચો જવાબ માણસને પોતાનો આત્મા જ આપી શકે! શાંતિલાલને તેમના પ્રશ્નનો જવાબ ગલુડિયા જોડે રમતા મળી ગયો! સાલુ મારામાં જ કંઈ ખૂટે છે. નહીંતર આ જિંદગી તો પ્રેમ કરવા જેવી છે!

બરાબર એ જ વખતે ગુલાબ રાય બાગ પાસેથી ચાલ્યા જતા હતા. તેમની નજર શાંતિલાલ પર પડી. શાંતિલાલના સ્વભાવથી પરિચિત ગુલાબરાય નીચું માથું કરી ઘર તરફ ચાલયા જાય તે પહેલા જ શાંતિલાલે, ગુલાબરાયને હાંક મારી, "અરે! ગુલાબરાય અત્યારે ખરે બપોરે તમે આ બાજુ ક્યાંથી? કેમ મજામાંને? ઘરે તો બધા લહેરમાં છે ને?"

ગુલાબરાયના પગ ત્યાં થંભી ગયા. અરે! આ હું શું જોઈ રહ્યો છું. ધોળે દિવસે દિવા સ્વપ્ન. તેમણે બે ચાર વાર પોતાની આંખ પટપટાવીને ખાત્રી કરી લીધી કે, કૂતરા જોડે પ્રેમથી રમતા શાંતિલાલ જ મીઠી મધુર ભાષામાં તેમના અને પરિવારના કુશળ સમાચાર પૂછી રહ્યા છે. ગુલાબરાયનું મન માનવા તૈયાર ન હતું કે શાંતિલાલમાં આજ આ પરિવર્તન ક્યાંથી આવી ગયું?

અરે! આ શાંતિલાલને જો ભૂલથી પૂછાઈ જાય કે, કાકા કેમ છો? બસ ગુલાબરાયનું તો આવી બન્યું. શું ગુલાબ તને કોઈ ધંધો નથી કે મારું માથું ખાવા અહીં ગુડાણો છે? મને કારણ વગર હેરાન કરવા કરતા જલ્દીથી પેઢીએ જા, નહીંતર છોકરા લાખના બાર હજાર કરી પેઢીનું ઉઠમાણું કરી દેશે, પણ આજે શાંતિકાકા મને સામેથી પૂછે છે. કેમ છો? શું સમય બદલાયો કે પછી કાકા? એ વિચાર-મંથનમાં ગુલાબરાય ક્યારે બંગલે સ્વર્ગલોકમાં આવી ગયા તેનો ખ્યાલ પણ ન રહ્યો?

**(મુદ્રાંકન સદ્‌ભાવ : મૈત્રીબહેન શાહ)**

65 Falcon Drive, WEST HENRIETTA,
NY 14586, U.S.A.

• • • • • • • •

**'ગની' પર્વતોની સામે આ રહ્યું છે શીશ અણનમ,**
**કોઈ પાંપણે ઢળ્યાં ત્યાં હું ઝૂકીઝૂકી ગયો છું.**

**- ગની દહીંવાલા**